પ્રકરણ : ૨.

કનૈયાલાલ મા. મુનશી : જીવન અને નવલકથાક્ષેત્રે પ્રદાન (સંક્ષિપ્ત પરિચય)

વિલક્ષણ પ્રતિભાથી ઓપતું મુનશીનું નિજી જીવન અને વ્યક્તિત્ત્વ એકાધિક દૃષ્ટિએ ધ્યાન ખેંચે તેવું બહુપરિમાણી હતું. જીવનના કેટલાં બધાં ક્ષેત્રોમાં તેઓ કાર્યાન્વિત થયાં હતાં ! જીવનમાં કેટકેટલી સિદ્ધિઓ હાંસલ કરી હતી ? શરીરે વામન પણ વિરાટ શક્તિઓથી દૈદિત્યમાન તેમનું વિરલ વ્યક્તિત્ત્વ હતું. સાહિત્ય, કલા, શિક્ષણ, ધર્મ, તત્વજ્ઞાન, કાનૂન, રાજકારણ, ઈતિહાસ – એમ અનેક ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપનાર કનૈયાલાલ મુનશી ગુજરાતી ભાષાસાહિત્યના તેજસ્વી તારલાઓમાંનાં એક છે. એક સાથે અનેક ક્ષેત્રમાં ઉત્તુંગ શિખર સર કરનાર આવી વિરલ પ્રતિભાને મારા શબ્દોના પરિઘમાં સમાવી શકું નહી. તેમ છતાં એમના જીવન અને વ્યક્તિત્ત્વનું વિહંગાવલોકન એમના વ્યાપનો પરિચય તો આપશે જ !

→ **જન્મ :**

ફરી કહી શકું કે અખૂટ શક્તિ સ્ત્રોતસમા કનૈયાલાલ મુનશીનો જન્મ અને જીવનગાથા રસપ્રદ અને બહુમુખી પ્રતિભાનો સ્પર્શ કરાવે તેવી રહી છે. ભરૂચમાં ‘મુનશીનો ટેકરો’ તરીકે ઓળખતાં – એ ટેકરાના ‘નાના ઘર’ માં સં. ૧૯૪૪ ના પોષ માસની પૂર્ણિમાએ ઈ.સ. ૧૮૮૭ ના ૩૦ મી ડિસેમ્બરે બપોરે બાર વાગ્યે કનૈયાલાલ – કનુભાઈનો જન્મ થયો હતો.

ભૃગુઋષિના વંશજો તે ભાર્ગવ બ્રાહ્મણો. આ વંશમાં મહર્ષિ જમદગ્નિ અને તેના પુત્ર પરશુરામ જેવાં મહામાનવો જન્મ્યાં હતાં. એ પરંપરામાં નંદલાલ મુનશી, કીસનદાસ મુનશી અને નરભેરામ મુનશી વગેરે પ્રતિભાવંત માનવો અવતર્યા હતાં. નરભેરામ કનૈયાલાલના પિતામહ થાય. તેઓ ભરૂચની અદાલતમાં રીડર તરીકે પ્રતિષ્ઠિત હતાં. કનૈયાલાલના પિતા માણેકલાલ ત્રીજા નંબરના પુત્ર અને માણેકલાલની છ દીકરીઓ પછીનો મોંઘો અને લાડકવાયો પુત્ર કનુભાઈ – તે કનૈયાલાલ મુનશી તેઓ ખૂદ લખે છે :

> ‘‘હું જન્મ્યો ત્યારે ઘણો મોંઘોને માનીતો હતો. છ છોકરી પછી હું એક છોકરો હતો. બધાને વાટ જોવડાવી જોવડાવી મેં થકવી નાખ્યાં હતાં.’’[૧]

ભૃગુઋષિનાં આ વંશજની રગેરગમાં પોતાનાં બ્રાહ્મણત્વનું ગૌરવ હતું.

VISIT…

LANZAROTE
Caliente.COM

→ માતા – પિતાના સંસ્કારો :

એક સંસ્કારી, ચારિત્ર્યશીલ, કાર્યકુશળતા અને પ્રામાણિકતા ગુણો મુનશીને માતા અને પિતા તરફથી પ્રાપ્ત થયેલાં હતાં. પોતાના પિતાની વિશિષ્ટતા અંગે એક વિધાન ટાંકતાં મુનશી ''અડધે રસ્તે'' માં લખે છે :

> ''ટેકરીના લહેરીપણાનો અભાવ, સંગીતના જાણકાર હોવાં છતાં ગમ્મત કે મહેફિલ તરફ નાપસંદગી, આનંદ માટે અંગ્રેજી નવલકથાનું વાચન – એ તેમની વિશિષ્ટતા હતી.''[૨]

મુનશીના માતા તાપીબાઈની એક વિશિષ્ટતા લેખન – વાંચનની હતી. માતાની કલ્પનાશક્તિ પ્રબળ હતી. થયેલ અનુભવને તત્કાળ શબ્દદેહ આપી દે તેવી આવિષ્કરણની શક્તિ માતા તાપીબામાં હતી. માતા તાપીબહેનના કંઠે સાંભળેલી પુરાણકથાઓ અને આખ્યાનો બાળ મુનશીને ધર્મપરાયણ અને મુત્સદ્દીગીરીની પ્રેરણા આપે છે.

→ બાળ મુનશી અને બાલ્યાવસ્થા :

બાળ મુનશી સંવેદનશીલ અને સ્વપ્નવિહારી ચિત્તપટુ હતાં. તેની બચપણમાં બુદ્ધિ તીક્ષ્ણ હતી. બાળપણમાં અરેબિયન નાઈટ્સ વાંચે છે. તેનાં અનુભવ વિશે મુનશી પોતાની આત્મકથા ''અડધે રસ્તે'' માં નોંધે છે :

> ''હું Funny little boy હતો, હું આખો વખત અરેબિયન નાઈટ્સ વાંચ્યાં કરતો અને બોલતી માછલી, પર્વતમાં પડેલા હીરાને ઉડતા ઘોડાનો વિચાર કર્યા કરતો. ડમાસ્કસના દરવાજા પર મને ગરુડ લઈ જાય, તેનો દરવાજો ખૂલે અને હું જ પહેલો હોવાથી કોઈ મને સુલતાન સ્થાપી કુંવરી પરણાવે એવી હું વાટ જોયાં કરતો''[૩]

વગેરે જેવા મુનશીના કાલ્પનિક હવાઈ કિલ્લામાં રાચતાં વિચારો બાળ માનસનો પરિચય કરાવે છે. બચપણમાં નાટકો જોયાં અને ભજવ્યાં હતાં. વાંકાનેરની મંડળીએ ભજવેલાં 'સીતા સ્વયંવર'ના ખેલની મુનશી પર ભારે અસર થઈ હતી. નાટક જુએ તો કલ્પનામાં નાટકનું પાત્ર બની જાય. નાટકમાં કરુણ દશ્યોને જોઈને રડી પડતાં. તેઓ ''અડધે રસ્તે'' માં લખે છે :

> ''એ નિર્બળતા હજુય છે. રંગભૂમિ પર કે ચલચિત્રમાં ભાવમય દશ્ય જોઉ કે હદયવેધક પ્રસંગ જો સાહિત્યમાં આલેખવાં બેસું કે આંખમાંથી આંસુ સરી જાય છે''[૪]

એ બચપણમાં બારીએ બેસી ગાગરિયા ભટ્ટની કથાઓ સાંભળતાં પરાક્રમી કથાઓ વાંચવાનો શોખ હતો. પિતા દિવાનખાનામાંથી પરાક્રમના પુસ્તકો લાવે તે વાંચે. મુનશી ''અડધે રસ્તે'' માં (ખૂદ) નોંધે છે :

> ''હું જ્યારે અંગ્રેજી સામ્રાજ્યની સ્થાપનાની વાચ વાંચુ છું ત્યારે ઝનૂનથી મારું લોહી ઊકળે છે – પરદેશીઓ સામે નહિ, પણ સિંધિયા ગાયકવાડો અને લલ્લુભાઈઓ સામે; અને એમ જ લાગે છે કે એ બધાના વિનાશમાં જ આર્યાવર્તનો જયવારો હતો.''[૫]

તાપીબા પુરાણકથાઓ કહેતી. તારા પોરવાલાની 'કુલીન અને મુદ્રા' નવલકથા એનાં બાળમાનસને વધું સ્પર્શી જાય છે. ધાર્મિક વિધિ વિધાનમાં રસ, સવાર–સાંજ ગાયત્રી જપ કરે, શિવ–કવચ અને રુદ્રી કરે, પણ પછી એ બધું છોડીને 'બ્રાહ્મણોનું કર્તવ્ય' એ પુસ્તક મુનશી લખે છે. કુટુંબના સંસ્કારને કારણે જનોઈ દેવાણી, મુનશી દ્વિજ બન્યાં.

→ ૧૯૦૦ માં અતિલક્ષ્મી સાથે લગ્ન :

પિતાની આજ્ઞાને વશ થઈ કનૈયાલાલ તેર વર્ષે, નવ વર્ષની દેખાવે પાંચ વર્ષની લાગતી 'અતિલક્ષ્મી' નામની કન્યા સાથે લગ્નગ્રંથીથી જોડાયાં. અતિલક્ષ્મી તદન બાળક જેવી હતી – શરીરે, બુદ્ધિમાં અને વિકાસમાં. મુનશીનો સ્વભાવ આવેશવાળો. તેઓ પ્રતિદિન વિદ્વાન થતાં જતાં હતાં. અતિલક્ષ્મી પતિથી ડરતાં પણ 'વર કહે તે જ ખરુ' એ તેનો જીવનમંત્ર હતો. અતિલક્ષ્મીની સેવા અને ડર જોઈને મુનશીને કયારેક પશ્ચાતાપ પણ થતો. અતિલક્ષ્મી શ્રદ્ધાળુ, નિર્દોષ, અજ્ઞાની અને ભકિ ભાવવાળી હોવાને કારણે મુનશી અતિલક્ષ્મી પર ગુસ્સે થતાં પણ અતિક્રુર ન થતાં પોતાની જાત પર ક્રુર થઈ, જીવલેણ દુઃખ અનુભવતાં.

→ ૧૯૦૧ માં અભ્યાસ (મુનશીનો વિદ્યાભ્યાસ) :

પ્રથમ ત્રણ ધોરણ સુરતમાં બાદ પિતાની બદલી થતાં ધંધૂકામાં રહી અભ્યાસ કરે છે. માધ્યમિક શિક્ષણ ભરૂચમાં મેળવી ઈ.સ. ૧૯૦૧માં મેટ્રીકની (હાલ SSC) પરીક્ષા પાસ કરી. ઈ.સ. ૧૯૦૨માં વડોદરા કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ઉજ્જવળ કારકિર્દીનો શુભારંભ થયો. ૧૯ વર્ષની ઉંમરે અંગ્રેજી વિષયમાં ૬૦ % 'એલીસ' પ્રાઈઝ સાથે વિનયનના સ્નાતકની પદવી મેળવી. કૉલેજકાળ દરમ્યાન ફિલોસોફીના પ્રાધ્યાપક જગજીવન શાહ અને ફ્રેન્ચના પ્રોફેસર અરવિંદ ઘોષના ઊંચા વિચારો અને વ્યક્તિત્ત્વથી મુનશી આકર્ષાયાં. પ્રો. શાહના શિષ્ય પ્રાણલાલ દેસાઈનું 'The Rights of Man' જેવા પુસ્તકોની મુનશીનાં માનસ ઉપર ઘેરી અસર થઈ. તેઓ ''અડધે રસ્તે'' માં ઋણ સ્વીકારતાં નોંધે છે :

> ''આમોદના પી. કે. દેસાઈની મૈત્રીનું મને માન મળ્યું છે. બધા મિત્રોએ મળીને જે શીખવ્યું છે તેનાથી વધારે તેણે એકલાએ મને શીખવ્યું છે''[૬]

વચ્ચેના સમયગાળામાં ત્રણ માસની બિમારી રહી. સ્વપ્નસિદ્ધ માનસ ધરાવતાં મુનશીનું એક સ્વપ્ન હતું કે ભરૂચના વિદ્યાર્થીઓ તેમજ નગરજનો માટે એક જાહેર પુસ્તકાલય હોવું જોઈએ. ઈ.સ. ૧૯૦૪ માં ભરૂચમાં મફત પુસ્તકાલયની સ્થાપના કરી.

આ સમયગાળામાં તેઓ શ્રી અરવિંદના તત્વજ્ઞાનથી ખૂબ પ્રભાવિત થયાં હતાં. ઉપરાંત ભગવાન શ્રીકૃષ્ણ, વેદવ્યાસ, વાલ્મીકિ, વસિષ્ઠ, રામકૃષ્ણ પરમહંસ અને મહાત્મા ગાંધી, દયાનંદ સરસ્વતી જેવી વિભૂતિઓ તેમના માટે આદર્શરૂપ હતી. આજ સમયગાળામાં (૧૯૦૩ માં) તેઓ પિતા માણેકલાલની છત્રછાયા ગૂમાવે છે. હદયરોગથી પિતાનું મૃત્યુ થયાં પછી કનૈયાલાલની સમગ્ર જવાબદારી વહીવટદક્ષ, પ્રેમાળ, સંસ્કારી માતા તાપીબા સંભાળે છે. માણેકલાલના મૃત્યુ પછી મુનશીને પિતાની ખોટ સાલે છે તેઓ નોંધે છે :

> ''મારા જીવન વિધાતા આજે એના પ્રિય પુત્રને જોવા જીવ્યા નહીં. એ જીવ્યા ત્યાં સુધી તો મે કંઈ સારુ કરી બતાવ્યું પણ નહી અને આજે પુત્ર માટે મગરૂર થવાં એ હાજર નથી.... એમનો વિચાર મને સિવિલ સર્વિસ માટે મોકલવાનો હતો. હવે ઉંમરમાં ને બુદ્ધિમાં હું એ પરીક્ષા માટે લાયક થવાં માંડયો છું, ત્યારે એ માટે મારી પાસે સાધન નથી અત્યારે એ (પિતા) જીવતાં હોત તો મારા જીવન ક્રમમાં કેટલો ફેરફાર થઈ જાત ?''[૭]

→ ૧૯૧૦ માં એલ. એલ. બી. નો અભ્યાસ :

સ્નાતક થયાં બાદ એલ. એલ. બી. નો અભ્યાસ કરવાં માટે તેઓ મુંબઈ આવ્યાં. તે સમયગાળામાં વકીલાતના ક્ષેત્રમાં બહુ બુદ્ધિશાળી – તેજસ્વી સ્નાતકો આવતાં. વકીલને સમાજમાં ભારે દબદબો અને પ્રતિષ્ઠા મળતાં. કમાણી પણ સારી થતી આથી વકીલાતના વ્યવસાય માટે આકર્ષાયાં ને ઈ.સ. ૧૯૧૦ માં ૨૬ મેં વર્ષે વકીલ થયાં ને મુંબઈમાં વકીલાતનો વ્યવસાય પણ શરૂ કર્યો. થોડા વર્ષમાં એક આગળ પડતાં ધારાશાસ્ત્રી તરીકેનું નામ પંકાવા લાગ્યું.

→ ૧૯૧૨ માં વ્યવસાયી જીવનનો પ્રારંભ અને પ્રગતિ :

હાઈકોર્ટની પ્રેકટીસના સમાંતરે મુનશીની સાહિત્ય પ્રતિભાનો પ્રારંભ અને પ્રગતિ શરૂ થયાં. ચંદશંકર પંડયાની હૂફ અને પ્રેરણાથી અને ખાસ તો તેના આગ્રહથી મુનશીએ પોતાની પહેલી વાર્તા 'ઘનશ્યામ વ્યાસ' ના તખ્ખલ્લુસથી ''સ્ત્રીબોધ'' ''મારી કમલા'' નવલિકાથી સાહિત્યક્ષેત્રે પદાર્પણ થયું. નરસિંહરાવ દિવેટીયા મુક્કંઠે મુનશીને આવકાર આપે છે. 'ઘનશ્યામ'

ઉપનામથી ''વેરની વસૂલાત'', ૧૯૧૫ માં ''કોનો વાંક ?'' નવલકથા 'હિંદુસ્તાન' માં ક્રમશઃ પ્રગટ થઈ. ૧૯૧૬ માં ''પાટણની પ્રભુતા'' અને ૧૯૧૭ માં ''ગુજરાતનો નાથ'' પ્રગટ થઈ. નવલકથાક્ષેત્રે મુનશી ઝળહળી ઉઠયાં. ૧૯૧૨ થી ૧૯૧૭ દરમ્યાન જાહેર જીવનના અનેક સંસ્થાઓ ક્ષેત્રોમાં પ્રવૃત્તિશીલ રહ્યાં. ૧૯૧૭ માં 'ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ'ની વિષય વિચારિણી સમિતિનાં સભ્યપદે વરણી થઈ હતી.

→ ૧૯૧૯ માં લીલાવતી શેઠ સાથે પરિચય :

અતિલક્ષ્મીનું આત્મસમર્પણ અસીમ હતું પણ તેનાથી અભ્યાસ થતો નહીં, ઊર્મિઓ વ્યક્ત ન થતી. મુનશી વિદ્યા અને સાહિત્ય–કલાના ભૂખ્યા; તેમનું લેખન પૂરજોશમાં ચાલતું હતું. અનેક ક્ષેત્રોના રંગીલા હતાં. પતિના આ જગતને અતિલક્ષ્મી સમજી ન શકવાને કારણે બંને વચ્ચે ભેદ રહ્યાં જ કરતો. ત્રણ સંતાનો (સરલા, જગદીશ અને ઉષા) થયાં. ૧૯૧૮ માં મુનશી બાબુલનાથ પાસે રહેવાં આવ્યાં. ઈ.સ. ૧૯૧૯ માં મુનશી લીલાવતી શેઠના પરિચયમાં આવ્યાં. લીલાવતીનું કુટુંબ મુનશી રહેતાં હતાં તે જ મકાનમાં નીચે રહેવાં આવ્યું આથી તેમનો પરિચય વધ્યો. લીલાવતીબેન અમદાવાદના એક ધનાઠયના પત્ની હતાં. દેખાવે સુંદર, મોટી આંખ, લટકતી ચાલ, સાહિત્યપ્રેમી, સાહિત્ય કવિતા લખે, ચર્ચા કરે. અમદાવાદથી મુંબઈ લીલાવતી બેન આવન– જાવન કરે. આવે ત્યારે મુનશી દંપતિને વારંવાર મળે. લીલાવતીબહેનનાં પરિચયે મુનશીનાં હૃદયને હચમચાવી મૂક્યું. પોતે ૧૯૨૨ માં શરૂ કરેલ 'ગુજરાત' ના અંકમાં તેને લખવાનું સૂચવ્યું લીલાવતીબહેને કેટલાંક રેખાચિત્રો મોકલ્યાં જેમાંનું એક મુનશીનું પણ હતું. મુનશીએ સચીનમાં જોયેલી બાલસખીનાં દર્શન એમને લીલાવતી બહેનમાં થયાં તેઓ ''સ્વપ્ન સિદ્ધિની શોધ''માં નોંધે છે :

> ''નાનપણથી મેં 'દેવી' ને ઝંખી હતી, તેને શોધવાના નિષ્ફળ ફાફાં માર્યા હતાં. તેને મેળવી આપવાં હજારો વાર ઈશ્વરને આક્રંદભેર મેં વીનવ્યાં હતાં. તેને જ મારા જીવનની સ્વામિની માની હું કલ્પના વિલાસની પ્રેરણાથી જીવન વિતાવતો હતો. તે જ 'દેવી' મારી ઝંખનાને બળે સાક્ષાત્ આવી ઊભી હતી...... એક વિશિષ્ટ પ્રકારની સુવાસ લીલી થઈ મારે મન''[૮]

શરીર સિવાય બધી નિકટતા લીલાવતી અને મુનશી વચ્ચે સંધાઈ ચૂકી છતાં નિરાશા વધુ હતી. સમયાંતરે ૧૯૨૪ માં અતિલક્ષ્મી સગર્ભા થતાં કસુવાવડ પછી સુવારોગમાં મૃત્યુ પામે છે બીજી બાજુ લીલાવતીનો પતિ લાલભાઈના અવસાન બાદ ૧૯૨૬ માં ફેબ્રુઆરીની ૧૫ મી તારીખે લીલાવતી બહેન સાથે જીજીબાની શરત મુજબ વૈદિક વિધિથી લગ્નગ્રંથીથી જોડાયાં.

તેમને એક પુત્રનો જન્મ થયો. મુનશી દંપતિ આમ પાંચ સંતાનોના માતા–પિતા થયાં. જે સ્વપ્ન જોયું હતું તે જીવી ગયાં. આ જ વાતને શ્રધ્યેયપૂર્વક ઉલ્લેખતાં સોનલ પરીખ નોંધે છે :

> ''આજથી નેવું વર્ષ પહેલાં જ્યારે આપણી પ્રજાનાં શરીર સામ્રાજ્યવાદી અંગ્રેજોમાં અને મન રૂઢિઓમાં ગુલામ હતાં, જ્યારે બાલ વિવાહ થતો, જ્યારે કન્યા શિક્ષણ નહિવત્ હતું ત્યારે ''અવિભક્ત આત્મા'' એવો પ્રેમનો આદર્શ સેવનાર અને એ આદર્શને પોતાના જીવનમાં સાકાર કરનાર યુગલ એટલે કનૈયાલાલ મુનશી અને લીલાવતી મુનશી''$_{૯}$

મુનશી ''સ્વપ્ન સિદ્ધિની શોધ''માં નોંધે છે :

> ''૧૯૨૨ ના ઓકટોબરથી તો લીલાને મારી સાહિત્ય વિષયક ભાગીદારી શરૂ થઈ. અમેં 'ગુજરાત' માટે લેખોની યોજના તૈયાર કરતાં... તેની પ્રેરણાનો પડઘો મારા સાહિત્યમાં પડવાં લાગ્યો. એનું વ્યક્તિત્ત્વ કંઈક અંશે 'ગુજરાત'માં પ્રગટ થતી મારી નવલકથા ''રાજાધિરાજ'' ની મંજરીમાં પ્રવેશી ગયું, મેં 'બે બોલ' માં દાસી, ડોસીને દેવી એમ સ્ત્રીઓનાં ત્રણ વિભાગ પાડયાં ને તેમાં મારી તૃષા વ્યક્ કરી.''$_{૯}$

૧૯૨૨માં ગુજરાત માસિકનું પ્રકાશન અને તંત્રીપદ શોભાવ્યું ૧૯૨૩માં પત્ની અતિલક્ષ્મી અને પ્રેમિકા લીલાવતી શેઠ સાથે યુરોપનો પ્રવાસ ખેડયો. ૧૯૨૪ માં પંચગની અને મુંબઈની હોસ્પિટલનાં પ્રમુખપદે મુનશી વરાયાં. ૧૯૨૫માં મુંબઈની ધારાસભામાં ચૂંટાયાં. ૧૯૨૬માં મુંબઈ યુનિવર્સિટીનાં સેનેટમાં સભ્યપદે ચૂંટાયાં. 'સોશ્યલ વેલ્ફેર'ના સંચાલક, વડોદરા યુનિ. કમિશનના સભ્યપદે નિયુક્તિ ગુજરાતીસાહિત્યપરિષદના ઘડવૈયા અને ઉપપ્રમુખ તરીકેની કામગીરી ૧૯૨૬માં કરી.

→ ૧૯૨૭ થી ૧૯૩૦ સુધીના ક્ષેત્રોમાં સક્રીય કામગીરી :

૧૯૨૭માં મુનશી મુંબઈ યુનિવર્સિટીના 'ગુજરાતી અભ્યાસ સમિતિ'ના અધ્યક્ષ પદને શોભાવે છે. ૧૯૨૮માં કોંગ્રેસ પ્રવેશ અને બારડોલી સત્યાગ્રહ દ્વારા સક્રીય રાજકારણનો પ્રારંભ બારડોલી સત્યાગ્રહ સંધિ પછી ખેડૂતોને જમીન પાછી અપાવવામાં મહત્વનો ફાળો. માધ્યમિક શિક્ષણ સમિતિના સભ્ય ઈ.સ. ૧૯૨૯માં બારડોલી સત્યાગ્રહ તપાસ સમિતિના અધ્યક્ષ મુંબઈ યુનિવર્સિટીની એકેડેમીક કાઉન્સિલ અને અનુસ્નાતક અભ્યાસ સમિતિનાં સભ્ય તરીકેની સક્રીય કામગીરી કરી. ૧૯૩૦માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં વિધિવત પ્રવેશ.

→ જેલવાસ : (ઈ.સ. ૧૯૩૦ થી ૧૯૩૯)

મુનશીનું રાજકારણ અને રાષ્ટ્ર માટેનું યોગદાન ખૂબ અગ્રેસર રહ્યું હતું. આ સમયગાળા દરમ્યાન સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લેવાને પરિણામે બિજાપુર અને નાસિક જેલમાં કારાવાસ બે વર્ષની સખત કેદની સજા ભોગવી. મુંબઈ પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને ભારતીય કોંગ્રેસ સમિતિના સભ્યપદે મહત્વનું કાર્ય કર્યુ. ૧૯૩૩માં કોંગ્રેસના બંધારણની કામગીરીમાં સક્રિય ભાગ લીધો. ૧૯૩૫માં મુંબઈ જીવનવીમા કંપનીના નિયામકપદે સેવા બજાવી ૧૯૩૬ થી ૧૯૩૯ ના સમયગાળા દરમ્યાન મુંબઈ રાજ્યના પ્રથમ કોંગ્રેસ પ્રધાન મંડળમાં ગૃહપ્રધાન તરીકેની ફરજ બજાવી. ૧૯૩૮માં ભારતીય વિદ્યાભવનની સ્થાપના કરી.

→ **ગુજરાતી સાહિત્યપરિષદના પ્રમુખ તરીકેનો કાર્યભાર :**

૧૯૩૭, ૧૯૪૯ અને ૧૯૫૫ આમ ત્રણવાર ગુજરાતી સાહિત્યપરિષદના પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યો.

→ **પ્રમુખ સ્થાને : (૧૯૪૬)**

ઈ.સ. ૧૯૪૬ માં ઉદયપુરમાં અખિલ ભારતીય હિન્દી સાહિત્ય પરિષદનું પ્રમુખ સ્થાન શોભાવ્યું

→ **આરજી હકૂમતની ઘોષણા : (૧૯૪૭)**

૧૯૪૭ ના રોજ જૂનાગઢની આરઝી હકૂમતનાં બંધારણ અને ઘોષણાં ઘડયાં.

૧૯૪૭–૪૮ માં નિઝામ હૈદરાબાદના ભારત સરકારના 'પોલિટિકલ એજન્ટ જનરલ' તરીકે કામગીરી કરી ૧૯૪૭ માં ભારત બંધારણ સમિતિના સભ્યપદે કાર્યરત રહ્યાં હતાં.

→ **સોમનાથ મંદિરનો જિર્ણોદ્ધાર : (૧૯૪૮)**

મુનશીને ગુજરાતના પ્રથમ જ્યોતિલીંગ સોમનાથનું ખુબ આકર્ષણ હતું. ભગવાન સોમનાથના જિર્ણોદ્ધારમાં સરદાર પટેલ સાથે રહી મોટુ યોગદાન આપ્યું હતું.

→ **૧૯૫૦ થી ૧૯૫૨ દરમ્યાનની કામગીરી :**

૧૯૫૦ માં ભારત સરકારશ્રીના કૃષિ પ્રધાનની રૂએ યુરોપ અને અમેરિકાનો પ્રવાસ કર્યો હતો. ૧૯૫૧ માં યુનોના FAD ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. 'વન મહોત્સવ' નું આયોજન કરીને પર્યાવરણ જાગૃતિને પ્રોત્સાહન આપ્યું. ૧૯૫૨ માં કૃષિ પ્રધાનમાંથી રાજીનામું બાદ દિલ્હી ખાતે ભારતીય વિદ્યાભવનની સ્થાપના કરી.

→ **૧૯૫૨ થી ૧૯૫૭ દરમ્યાન કરેલી કામગીરી :**

– ઉત્તરપ્રદેશના રાજ્યપાલ તરીકે

– ત્યાંના પ્રદેશો (આગ્રા, લખનૌ, અલ્હાબાદ, ગોરખપુર, રૂડકી, બનારસી ઈત્યાદિ) ની યુનિવર્સિટીના કુલાધિપતિ તરીકે

– આણંદ ખાતે ખેતીવાડી કૉલેજના અધ્યક્ષ તરીકે

– વલ્લભ વિદ્યાનગરના અધ્યક્ષ તરીકે

– સરદાર પટેલ યુનિ. ના ફેલો તરીકે

– 'ગુજરાતની કીર્તિગાથા'નું પ્રકાશન

૧૯૫૪માં વિશ્વ સંસ્કૃતપરિષદની રચના અને તેના અધ્યક્ષ પદે મહત્વની કામગીરી કરેલ. ૧૯૫૫માં નડિયાદ ખાતે યોજાયેલ ગોવર્ધનરામ જન્મશતાબ્દિ મહોત્સવના પ્રમુખપદે, ૧૯૫૭ માં કોંગ્રેસમાંથી રાજીનામુ, 'સ્વતંત્ર પક્ષ' ના ઉપપ્રમુખપદે કાર્યભાર સંભાળ્યો હતો.

→ ૧૯૫૭ થી ૧૯૬૦ માં :

૧૯૫૭ થી ૧૯૬૦ ના સમયગાળામાં ભારતીય કાયદા સંસ્થા નવી દિલ્હીના કાર્યાધ્યક્ષ પદે નિયુક્તિ થઈ.

ઉપરાંત ૧૯૫૮માં 'વિશ્વ ભાતૃભાવ' અંગે અમેરિકા અને યુરોપની મુલાકાત લઈ અને આદર્શની સ્થાપના કરી. મદ્રાસ ખાતે ભારતીય વિદ્યાભવનની સ્થાપના કરી. ૧૯૫૯માં ' સમર્પણ' માસિક પ્રકાશનો શુભારંભ કરાવ્યો. ૧૯૬૦માં સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લઈને ૧૯૬૧માં ડાકોર ખાતે ભારતીય વિદ્યાભવનની સ્થાપના કરી. એમણે ૧૯૬૨માં પાંચ વિશ્વ વિદ્યાલયો તરફથી 'ડિ. લિટ્' ની માનદ્ પદવી મેળવી હતી. ૧૯૬૫માં મૈસુર રાજ્ય અને નૈતિક, આધ્યાત્મિક મૂલ્યો પરની ચર્ચા સભાના અધ્યક્ષ બન્યાં. ૧૯૬૮માં અખિલ ભારત યુનિવર્સિટી શિક્ષકો અને વિદ્યાર્થીઓની શિબિરમાં અધ્યક્ષ સ્થાન શોભાવ્યું.

બહુમુખી પ્રતિભાવંત, કુશળ રાજનીતિજ્ઞ, શ્રેષ્ઠ કક્ષાના સાહિત્યકાર, ગુજરાતની અસ્મિતાના ઉદ્‌ગાતા મુનશી એ માત્ર ભરૂચને જ કે ગુજરાતને જ નહીં પણ સમગ્ર ભારતને ગૌરવ અપાવ્યું. પંડિત યુગના ગોવર્ધન પછીના એક ગજાવર, બહુમુખી પ્રતિભાશાળીની પ્રતિભા આદર પ્રેરે તેવી છે. ૮ ફેબ્રુઆરી ૧૯૭૧ ના રોજ મુંબઈમાં સાહિત્યઆકાશનો ધ્રુવતારક વીલીન થાય છે. શ્રી કનૈયાલાલ મુનશીના અવસાનથી ગુજરાતને જ નહિ, પણ સારા દેશને એક મોટી ખોટ પડી. દેશને એમણે અસ્મિતાનો બોધ આપ્યો. યુવાન પેઢીના માનસમાં સ્વપ્નોના બી વાવ્યાં. નવયુવાનોને જીવન ઉલ્લાસનો બોધપાઠ ભણાવ્યો. સ્વપ્નદષ્ટા બનાવ્યાં. પ્રણાલિકાભંજક તરીકેની છબિ અંકિત કરી. દાયકાઓ સુધી ચિરંજીવી રહે તેવા સાહિત્યનો રસથાળ પીરસ્યો. મુનશીનો અક્ષર દેહ આજે પણ અમરત્વને પામ્યો છે.

ગુજરાતનાં સંસ્કારજીવન, ભારતીયસંસ્કૃતિ, રાજકીયક્ષેત્ર, સાહિત્ય અને કેળવણી ઈત્યાદિ વિવિધ ક્ષેત્રે સ્વપ્નો સેવ્યાં અને જીવન પર્યન્ત સક્રિય રહેલાં કનૈયાલાલ મુનશી એક વ્યક્તિ વિશેષ જ નહિ પણ સ્વયં કોઈ વિશાળ વટવૃક્ષ સમી મૂર્તિમંત સંસ્થા હતાં એમ કહું તો નવાઈભર્યુ નહિ. માટે જ તો ઉમાશંકર જોશીએ તેમને એક 'મહાશક્તિ' કે

''આધુનિક ભારતના એક મહાન સ્વપ્નશિલ્પી''$_{૧૦}$

તરીકે ઓળખાવ્યાં. ભર્યુ ભર્યુ જીવન જીવીને સમગ્ર ભારત માટે ભવ્ય વારસો મૂકી જનાર આ મહાપુરુષના ચરણમાં મારા વંદન હો ૧ એમનું કાર્ય ગુજરાતની ઊગતી પેઢીને પ્રેરણારૂપ બની રહેશે.

→ નવલકથાકાર કનૈયાલાલ મુનશી :

ગુજરાતની અસ્મિતાના ઉદ્‌ગાતા આર્યસંસ્કૃતિના પ્રવક્ત, દેશહિતના ચિંતક – પુરસ્કર્તા એવા મુનશીએ પોતાની વૈયક્તિક સંવેદનાઓ, ભાવનાઓ અને સ્વપ્તસૃષ્ટિને વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં શબ્દસ્થ કરેલી છે. સાહિત્યમાં કવિતા સિવાયના સઘળા સ્વરૂપોને ખેડી વળનાર મુનશીએ ગુજરાતી સાહિત્યની અનન્ય સેવા કરી છે. નવલકથા, નવલિકા નાટક, આત્મકથા, નિબંધ, પ્રવાસ સાહિત્ય, વ્યાખ્યાન લેખો વગેરે સ્વરૂપોમાં તેમનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. સાહિત્યસર્જક તરીકે મુનશીની પ્રસિદ્ધિ પ્રધાનતઃ નવલકથાકાર તરીકેની અને તેમાંય વિશેષ રૂપે ઐતિહાસિક નવલકથાકાર તરીકેની રહી છે. ગુજરાતી સાહિત્યમાં રોમાન્સ પ્રધાન નવલકથાઓ આપનાર તેઓ પ્રથમ હતાં. લખાયેલી ઉત્કૃષ્ટ નવકલથાઓ વાચકવર્ગને જકડી રાખે અને પૂરી કર્યા વગર છોડવાનું મન ન થાય એવી વાચનક્ષમ રહી છે. વિદ્વાનો અને વિવેચકોની કલમે નવલકથાકાર મુનશીની મર્યાદાઓ પણ છતી થઈ છે એ સુવિદિત છે. અત્રે તેમની નવલકથાઓમાં રહેલી આંશિક મર્યાદાઓ અને વધું વિશિષ્ટતાઓને તારવવાનો જ પ્રયત્ન છે.

→ શ્રી મુનશીની નવલકથાઓ :

ગુજરાતી સાહિત્યાકાશમાં પંડિતયુગ અને ગાંધીયુગના સંધિકાળે શુક્રતારકસમા એવાં તેજસ્વી તારા સમાન નવલકથાકાર મુનશી એ નવલકથાના સ્વરૂપને ગોવર્ધનરામ પછી એક નવો કલા દેહ – ઘાટ આપ્યો. સમીક્ષાની સરળતા ખાતર તેમની નવલકથાઓને ત્રણ જુથમાં વિભાજિત કરી શકાય :

- **સામાજિક નવલકથાઓ :**

''વેરની વસૂલાત'' (૧૯૧૩), ''કોનો વાંક ?'' (૧૯૧૫), ''સ્વપ્નદષ્ટા'' (૧૯૨૪), ''સ્નેહસંભ્રમ'' (૧૯૩૧), ''તપસ્વિની–૧'' (૧૯૫૭), ''તપસ્વિની–૨'' (૧૯૫૮) અને '' તપસ્વિની–૩'' (   ).

- **ઐતિહાસિક નવલકથાઓ :**

''પાટણની પ્રભુતા'' (૧૯૧૬), ''ગુજરાતનો નાથ'' (૧૯૧૭), ''રાજાધિરાજ'' (૧૯૨૨), ''જય સોમનાથ'' (૧૯૪૦), ''ભગ્નપાદુકા'' (૧૯૫૬), ''પૃથિવીવલ્લભ'' (૧૯૨૦–૨૧) અને ''ભગવાન કૌટિલ્ય'' (૧૯૨૩).

- **પૌરાણિક નવલકથાઓ :**

''લોપામુદ્રા'' ભાગ–૧ (૧૯૩૩), ''લોમહર્ષિણી'' (૧૯૪૫), ''ભગવાન પરશુરામ'' (૧૯૪૬), ''કૃષ્ણાવતાર'' ખંડ ૧ થી ૮(૧૯૬૩ થી ૧૯૭૪).

→ મુનશીની સામાજિક નવલકથાઓ :

''વેરની વસૂલાત''

(૧૯૧૩)

''વેરની વસૂલાત'' મુનશીની પ્રથમ સામાજિક નવલકથા છે. રઘુભાઈએ નિરાધાર ગુણવંતી (જગતકિશોરની વિધવા માતા) ઉપર હુમલો કર્યો તેથી જગત કિશોરનો વૈરાગ્નિ ભભૂકી ઊઠયો. આ નવલકથામાં કેન્દ્રીય ભાવના ''વેરની વસૂલાત'' છે. રત્નગઢની રાજકીય ખટપટોથી ઊભરાતી ઘટનાઓ વચ્ચે પાત્ર પ્રવેશ અને નવલકથા આગળ વધે છે. જગતનો તનમન સાથેનો પરિચય તેનું પ્રણયોર્મિનુ ભાવનામય કૌતુકરાગી નિરૂપણ મુનશીને લોકપ્રિય વાર્તાકાર બનાવી દે છે. જગતને અનંતાનંદ નામના ગુરૂની પ્રાપ્તિ પછી વૈરભાવના જેવું કશું રહેતું નથી. વિષયવસ્તુના વૈવિધ્યસભર સંભાર સિવાય પ્રસ્તુત નવલકથામાં વિશેષ કોઈ અંશ જોવા મળતો નથી. ડૂમાની રચના 'ધ કાઉન્ટ ઓફ મોન્ટેક્રિસ્ટો' ના પ્રભાવ, પાત્રસૃષ્ટિની એકવિધતા, કથાનકની સિથિલતા – આ કૃત્તિને નબળી બનાવે છે. ભાષામાં 'ની', 'નો' થતો પ્રયોગ ખટકે છે.

''મિંયા મરશે ત્યારે મસીદે દીવા બળશે કે <u>ની</u> ?''

''રણું ? પેલા સ્વામીને બોલાવ <u>ની</u>''[૧૧]

મુનશી જૂની પ્રણાલિકાઓને તોડી નવું કંઈક સ્થાપવાની ઈચ્છા ધરાવે છે પણ આ કૃતિમાં નવલકથાકારનો આ આદર્શ અધૂરો જ રહી જાય છે. આમ છતાં..... આ નવલકથા ''વેરની

વસૂલાત'' દ્વારા મુનશીએ સામાજિક નવલકથાની એક નવી કેડી કંડારી આપી છે એ તો સ્વીકારવું જ રહ્યું. પ્રસ્તુત નવલકથાના ઊંડા અભ્યાસી ડો. રવીન્દ્ર ઠાકોર તટસ્થતાથી નવલકથાના ગુણદોષને તપાસતાં નોંધે છે :

> ''વેરની વસૂલાત'' માં મુનશી પ્રણાલિકાભંજક બનવાં કરે છે, પણ બની શકયાં નથી, તેથી જ તો અટવાઈને મેદિલી, કલારૂપથી સો જોજન દૂર, પાત્રાલેખનમાંય અધૂરી, તીવ્ર, સંઘર્ષહીન, વિખરાયેલા તાણાવાણાવાળી વાર્તા આપે છે (નવલકથા નહી) ''વેરની વસૂલાત'' મુનશીની પ્રથમ સામાજિક નવલકથા હોવાં છતાંય સાચી સારી નવલકથા બની શકી નથી''[૧૨]

કહી શકું કે..... પ્રસ્તુત નવલકથામાં ચિંતન–મનનનો ભાર નથી. કેળવ કથાને જ પ્રાધાન્ય આપવાની મુનશીની વૃત્તિ સહજ, સરળ ગદ્યશૈલી વગેરે તત્વો નવલકથાના પ્રભાવક તત્વો ચિરકાળ બની રહ્યાં. આ નવલકથામાં ''સરસ્વતીચંદ્ર''ની અસર પણ જોવાં મળે છે. બંને નવલકથાઓનાં દેશી રજવાડાની ખટપટો, પ્રણયવૈફલ્ય, પ્રભાવિત સાધુ–બાવાના વિચારોની અસર સરખા જોવાં મળે છે. ગોવર્ધનરામની ''સરસ્વતીચંદ્ર'' નવલકથા કરતાં એક કદમ આગળ વધતી ''વેરની વસૂલાત''ને નવાજતાં દીપક મહેતા ''કથાવલોકન''માં ઉચિત રીતે જ નોંધે છે :

> ''વેરની વસૂલાત'' લખીને મુનશીએ ગુજરાતી નવલકથાની કાયાપલટનો આરંભ કર્યો એ એક હકીકત છે. ''સરસ્વતીચંદ્ર''ની વિચારપ્રધાનતા, ચર્ચાપરાયણતા, આદર્શલક્ષિતા અને કંઈક અંશે કુત્રિમ ભાષામાંથી તેમણે (મુનશીએ) ગુજરાતી નવલકથાને મુક્ત કરી અને જેમાં વાર્તારસ જ પ્રધાન હોય એવી સરસ અને સચોટ નવલકથા ગુજરાતને આપી....... આજે આટલે વર્ષે પણ ''વેરની વસૂલાત'' રસ અને આનંદપૂર્વક વાંચી શકાય છે એ હકીકત કોઈ પણ લેખકની પ્રથમ નવલકથા માટે જેવી તેવી સિદ્ધિ ન ગણાય.''[૧૩]

''કોનો વાંક ?''
(૧૯૧૫)

''વેરની વસૂલાત'' પછી બરાબર બે વરસે ૧૯૧૫ માં ''કોનો વાંક ?'' નવલકથા પ્રગટ થાય છે. આ નવલકથા સાચા અર્થમાં સામાજિક નવલકથા છે. ''કોનો વાંક ?'' માં સર્જકે સમાજની રૂઢિગત પ્રણાલિકાઓને, જડ નીતિનિયમોને ખુલ્લા પાડયાં છે. અહી બાળવિધવા મણિની આસપાસ આખી કથા ગુંથાયેલી છે. સામાજિક બંધનોને ફગાવી દઈ મણિ અને મુચકુંદ લગ્નગ્રંથિથી જોડાય છે. આ નવલકથાની કેન્દ્રગામી ઘટના છે, સાથે ''કોનો વાંક ?'' એ

કજોડાની કથા છે. સમાજની રૂઢિઓ અને રીતરિવાજના નામે કજોડા લગ્ન આજે પણ થાય છે. સમાજની અધમતા, જડતા કહો કે, રૂઢિચૂસ્ત વિચારોથી મણિને જે સહન કરવું પડે છે, તેનું આલેખન કરીને મુનશીએ સમકાલીન સમાજનું વાસ્તવિક ચિત્ર રજૂ કર્યું છે.

બાલવિધવા થયેલી મણિ ગંભીરલાલ નામના સમાજમાં આબરૂદાર ગણાતાં એક માણસની લંપટતાનો ભોગ બને છે તેને ભોગે જન્મેલાં બાળકના રક્ષણ અને પોતાના કલંકને છુપાવવાં નાનકડા ગામડામાં જઈને વસે છે. ત્યાં સમાજમાં ભગત તરીકે પૂજાતાં સુધારક તરીકે આગળ ગણાતાં માણસોના સકંજામાં સપડાતાં ગામડું છોડી મુંબઈ જાય છે. ત્યાં તુંગભદ્રા, મણિને શેઠ ચંદુલાલ સાથે દેહસંબંધ જોડવા દબાણ કરે છે ને પૂરી દેવામાં આવે છે ત્યારે બારીમાંથી કૂદકો મારીને મુચકુંદની અગાશીમાં પડે છે. નિરાધાર, લાચાર, વ્યથિત મણિને સજ્જન મુચકુંદ આશરો આપે છે. મુચકુંદના પિતાને જાણ થતાં આંખે કાણી અને કદરૂપી, વાગ્દતા કાશી સાથે તેને પરણાવી દેવામાં આવે છે. મુચકુંદ કાશીને લઈ મુંબઈ આવે છે. મુચકુંદ અને મણિ એકબીજાને ભૂલી શકયા નથી ! કાશીના ત્રાસથી મુચકુંદ બિમારીમાં સપડાય છે. તુંગભદ્રા પાસેથી બસો રૂપિયા ઉછીના લાવી મુચકુંદની સેવા ચાકરી કરે છે. પુત્રી સુરેખાનો ભોગ લેવાય છે, સુરેખા અને થોડા સમય બાદ કાશીનું મૃત્યુ થાય છે મુચકુંદ અને મણિ બંને લગ્નગ્રંથિથી જોડાય છે.

પ્રણાલિકાભંજક માટે, સમાજની ક્રાંતિ માટે આ નવલકથા એક આદર્શ મસાલ બની રહે તેવી છે. સ્ત્રીજાતિની એક અવદશાનું ઘેરુ ચિત્ર આ નવલકથા દ્વારા આલેખવામાં આવ્યું છે. મુનશી ''કોનો વાંક ?'' નવલકથાની પ્રસ્તાવનામાં જે શબ્દો નોંધે છે તે ઉલ્લેખનીય છે :

> ''સામાજિક દૂષણોની ભયંકરતાને ખરે સ્વરૂપે ન જોવાનો મનુષ્ય માત્રનો નિશ્ચય હોય છે, અને ખરું સ્વરૂપ રજૂ કરનારને ન્યાય ભાગ્યે જ મળે છે. પણ મને એટલી તો ખાતરી છે કે જ્યાં સુધી સ્ત્રીઓની નિરાધારીને દુઃખ પર આપણા સંસારનો પાયો રચવામાં આવે છે. જ્યાં સુધી લગ્નનો પ્રશ્ન આપણે સ્વાભાવિક દૃષ્ટિએ જોઈ શકતા નથી, જ્યાં સુધી આત્મવિકાસને ભોગે રૂઢિ જાળવવામાં માણસાઈ ગણાય છે, જ્યાં સુધી હૃદયના વિશુદ્ધ અને નૈસર્ગિક ભાવોને વિકસાવવાં કરતાં કચરી નાખવામાં જ સમાજ ગૌરવ સમજે છે – ત્યાં સુધી આવી વાર્તા અસ્થાને નહિ જ ગણાય''[૧૪]

મુનશીએ આ નવલકથા દ્વારા નારી મહિમા ગાયો છે. તેઓ એક જગ્યાએ નોંધ છે :

> ''નારીનિંદા નહીં કરો, નારી રત્નની ખાણ
> તેમાં સૌ પેદા થયાં, ધ્રુવ પ્રહ્લાદ સમાન''[૧૫]

વસ્તુસંકલનાની સિથિલતા હોવા છતાં દીપક મહેતા નોંધે છે :

> ''સામાજિક દ્દષ્ટિએ ગુજરાતી નવલકથાને ''સરસ્વતીચંદ્ર'' કરતા એક ડગલું આગળ વધારી છે''[૧૬]

''સ્વપ્નદષ્ટા''

(૧૯૨૪)

''કોનો વાંક ?'' પછી લગભગ એક દશકાની આસપાસ મુનશીજીની સામાજિક નવકલથા તરીકે ઓળખાતી 'સ્વપ્નદષ્ટા' – (૧૯૨૪) આપણને મળે છે.

'સ્વપ્નો' જોવા એ મુનશીજીની નાનપણની ટેવ છે, જે એમની ''અડધે રસ્તે'' આત્મકથા વાંચતા સમજાય છે. 'સ્વપ્નદષ્ટા' માં મુનશીનો ઈતિહાસ અને પુરાણી સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થાય છે. નાનપણથી જ ચાણકય, પરશુરામ, નેપોલિયન, શિવાજી, વિશ્વામિત્ર વગેરે તેમની મનોભૂમિ પર સજીવન બનીને રહેતાં. અહીં 'સુદર્શન'ના પાત્રનું ઘડતર સ્વાનુભવની સૃષ્ટિમાંથી જ કર્યું છે. આ પાત્ર દ્વારા મુનશીએ પોતાની રાષ્ટ્રભક્તિને વાચા આપી છે.

૧૯૦૫ માં બંગભંગની ચળવળે બંગાળીઓના રાષ્ટ્રઘેલા યુવાનોમાં રાષ્ટ્રીયતાનો એક જુવાળ ઊભો કરેલો. એ ઉન્મેષે આખા રાષ્ટ્રમાં દેશપ્રેમનું વાતાવરણ ખડુ થયેલું. કથાનાયક સુદર્શન અવાસ્તવિક દીવાસ્વપ્નમાં રાચે છે. લગભગ દરેક પાત્રો યુરોપ, રશિયા, ફ્રાન્સના ઈતિહાસમાં ભારતની દુર્દશાની જ ચર્ચા કરે છે. દેશને સ્વતંત્ર કરવાનો થનગનાટ, જુસ્સો અને જોમ છે પણ તે યુવાનોનો જુસ્સો લાંબો સમય ટકતો નથી. એક ગિરજા શુકલ નામનો મિત્ર ગાંડો થઈ જાય છે. અન્ય મિત્રોનો ધીમે ધીમે રાજકારણમાંથી રસ ઉડી જાય છે. તેથી સુદર્શન પણ હતાશ થાય છે. સુદર્શન બેરિસ્ટર થવાના સ્વપ્ને વિદેશ જાય છે. બેરિસ્ટર થયાં પછી ત્રણ વર્ષે દેશમાં પાછો ફરે છે. મિત્રોમાં જોઈએ તેવો રાષ્ટ્રપ્રેમ ન જોતાં સુદર્શની પણ સ્વપ્નશીલતા અને ભાવનાપરાયણતા નિભ્રાંત થાય છે – આ નવલકથાનો મુખ્ય પ્રવાહ છે.

આ નવલકથાનું પોત ઠીક ઠીક રહ્યું છે. કથાની કલાત્મક ગૂંથણીનો અભાવ અહીં જોવા મળે છે. સુદર્શન અને સુલોચનાને ગોઠવવાનો પ્રયત્ન સાવ પોકળ જેવા લાગે છે. ''અડધે રસ્તે'' આત્મકથા વાંચ્યા પછી આ નવલકથા આત્મચરિત્ર જ લાગે. કથાનાયકે સેવેલા સ્વપ્નો નિષ્ફળ જાય છે. સ્ત્રીપાત્રો કશી ચમત્કૃતિ વગરના ચિત્રિત થયાં છે. શુકલજી જેવા પાત્ર દ્વારા સ્વપ્નદષ્ટા નહિ પણ શેખચલ્લીનાં દીવાસ્વપ્નો જ આલેખાયાં છે. યુરોપના આખા લાંબા ઈતિહાસનું વર્ણન બહું જરૂરી લાગતું નથી. પ્રોફેસર કાપડિયા અને સુદર્શન વચ્ચેના સંવાદોની અતિશયોક્તિ લાગે છે. ''સ્વપ્નદષ્ટા'' એ સેવેલાં સ્વપ્નોની નિષ્ફળ કૃતિ છે.

તો પણ તત્કાલીન યુગના તરૂણોમાં માતૃભૂમિ પ્રત્યેની લાગણી અને પ્રેમ અને તેનામાં વિશ્વ ઈતિહાસને સમજવાની જિજ્ઞાસાવૃત્તિ નોંધનીય લેખાય. સુદર્શનના પાત્ર દ્વારા મુનશીજી પોતાના કૉલેજકાળ અનુભવોને આલેખી આપે છે. કૉલેજમાં શ્રી અરવિંદ ઘોષ અને લોકમાન્ય ટિળકના ભાષણોની સર્જકના માનસ પર તેમજ યુવાનોની મનોદશા પર શી થયેલી હતી. તેનો ચિતાર આ ''સ્વપ્નાદષ્ટા'' નવલકથામાં ઝિલાયેલો છે, જે મહત્વના ગણાય.

''સ્વપ્નદષ્ટા'' નવલકથાની શૈલીની આકર્ષકતા વિશેના 'ચંદ્રકાન્ત મહેતા' ના શબ્દો ઉલ્લેખનીય છે :

> ''શૈલી પ્રસંગોચિત વિવિધતા ધારણ કરે છે. કયારેક વડોદરા કૉલેજના વર્ણનમાં છે તેની વર્ણનાત્મક, કયારેક ભારતીની આત્મકથામાં છે લાગણીપ્રધાનને ચિત્રાત્મક, કયારેક પ્રો. કાપડીયાના વક્વ્યમાં છે એવી પાંડિત્યદર્શક, તો કયારેક 'કેકી કલબનું નવજોત' માં છે તેવી રમતિયાળ ને રસળતી બને છે. ને એ શૈલીના પ્રતાપે જ હસતાં શ્રી મુનશી ગંભીર વાત આપણને કહી શકયાં છે''[૧૭]

'ભારતીની આત્મકથા' નું પ્રકરણ – ગદ્યનો શ્રેષ્ઠ નમૂનો લાગે છે.

''સ્નેહસંભ્રમ''

(૧૯૩૧)

''સ્વપ્નદષ્ટા'' પછી મુનશીજી ''સ્નેહસંભ્રમ'' નામની નવલકથા લઈને આપણી સામે આવે છે. મુનશીનો પ્રિય વિષય કજોડુ ઘણી નવલકથાઓમાં કેન્દ્રસ્થાને રહે છે તેમ અહી પણ છે. આ નવલકથાનો નાયક પ્રો. પ્રિતમલાલ પરિણીત, ખૂબ જ્ઞાની અને પ્રતિષ્ઠિત તેમજ સારો વક્તા, પ્રોફેસર છે. સામે પક્ષે ધનકોરમાં ગૃહિણી સિવાયના અન્ય કોઈ વિશિષ્ટ લક્ષણો અથવા તો પ્રિતમલાલ સમકક્ષ નથી. બીજી ત્રણ સ્ત્રીઓ વિધવા જસકોર, એક કુમારિકા મોહિની અને એક પરકીયા સૌભાગ્યવતી વસુમતી પ્રોફેસર પ્રિતમને જીતી–વશ કરીને પોતાનો બનાવવા મથી રહી છે. ધનકોરને પણ આ છૂટ મળવી જોઈએ. પ્રિતમલાલ; મોહિની, વસુબહેન, જસકોર સાથે બહેનના વિશુદ્ધ પ્રેમનો અંચળો ઓઢે છે. છેલ્લે તો ક્ષોભીલો પ્રિતમ માની લીધેલી બહેનો સમક્ષ કબૂલે છે કે :

> ''હું ગધેડો છું, મને માફ કરો''[૧૮]

મનુષ્યની નબળાઈ અને બેવકૂફી ઉપર વ્યંગ્ય કટાક્ષ કરતી આ નવલકથા સફળ ફારસ જ બની રહી છે. બુદ્ધિશૂન્ય હાસ્ય પ્રસારિત કરતી, હળવા મનોરંજનની એક સિરિયલ જેવી બની રહી છે. કથાવસ્તુ તાલમેલિયુ હાસ્યાસ્પદ જ બની રહ્યું છે. કહી શકું કે અહી બુદ્ધિ અને તર્ક પર

પડદો લગાવીને આ નવલકથાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ''સ્નેહસંભ્રમ'' માં ખડખડાટ હસવાનું જરૂર માણી શકાય. શ્રી મનસુખલાલ ઝવેરી આ નવલકથા અંગે પોતાનો અભિપ્રાય આપતા લખે છે :

> ''આ નવલકથા (''સ્નેહસંભ્રમ'')માં હાસ્ય અને વિનોદ પાને પાને ભર્યા છે. કથાવસ્તુ તાલમેલિયું અને પાત્રનિરૂપણ અમર્યાદાભર્યું અને અતિશયોક્તિભર્યું છે.''૧૯

પુરુષના પ્રેમની ભ્રામકતાને નિરૂપવા મુનશીજી નવલકથા ''સ્નેહસંભ્રમ'' નું નાટય રૂપાંતર ''પીડાગ્રસ્ત પ્રોફેસર''ના નામે કરે છે. જેમાં કર્તાએ ધનકોર પ્રિતમલાલ અને વસુંધરા – જોરાવસિંહતા દાંમ્પત્ય જીવનમાંથી નવી જ જાતનો પ્રણયત્રિકોણ ઊભો કર્યો છે.

''તપસ્વિની''

(૧૯૫૭–૧૯૫૮)

મુનશીજીની કહેવાતી પાંચમી સામાજિક નવલકથા છે. એમની આ નવલકથા ત્રણ પુસ્તકોમાં પ્રગટ થાય છે. ''તપસ્વિની'' (પાછળથી બે ભાગમાં છપાઈ). લગભગ એક હજારથી વધુ પૃષ્ઠોમાં પથરાયેલી આ નવલકથામાં મુનશીએ ગાંધીયુગને ગૂંથ્યો છે. આ વિસ્તૃત નવલકથા જ્યારે ઉપલબ્ધ થાય છે ત્યારે મુનશીજી ગુજરાતી સાહિત્યમાં જ નહિ પણ ભારતીય રાજકારણમાં સુદ્ધાં એક ટોચની વ્યક્તિ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકયા હોય છે. તેથી અગાઉની નવલકથા કરતાં અહીં એમનું રાજકારણ જુદુ પડે છે. ૧૯૨૦ થી ૧૯૩૭ સુધીના સમયગાળામાં આવેલાં પલટાઓનું પ્રતિબિંબ આ નવલકથામાં ઝિલાયેલું જોવાં મળે છે અને એ જ આશય આ નવલકથાનો રહ્યો છે. શ્રી મનસુખલાલ ઝવેરી આ નવલકથાના સારાંશને ઉચિત જ નોંધે છે :

> ''નવલકથાનો નાયક રવિશંકર પ્રભાવ મેળવવાને ઝંખે છે. એના દાદા ગણપતિશંકર શાસ્ત્રી દ્વારા તે સન્યાલ નામના એક સામ્યવાદીના પરિચયમાં આવે છે. સામ્યવાદી તરીકે પલોટાય છે ને પોતાની વક્તૃત્વ શક્તિથી પ્રભાવ પાડે છે. તેનું મહત્ત્વ ઉત્તરોત્તર વધતું જાય છે ને તેના પર પોલિટબ્યૂરોનું ધ્યાન ખેંચાય છે. રાજ નામની એક તેજસ્વીને ભાવિ દર્શનની કોઈ લોકાત્તર શક્તિવાળી યુવતી રવિને તેના કાર્યમાં સહાય કરે છે. તેને પોતાનું સ્નેહભાજન બનાવે છે ને અંતે તેની સાથે લગ્ન કરે છે ને રવિના લગ્ન સાથે આ નવલકથા પૂરી થાય છે''૨૦

ઉપર્યુક્ત મૂળ કથાની સાથે અનેક આડકથાઓને ગૂંથવામાં આવી છે. મૂળ કથા અને આડકથાઓના વણાટમાં પ્રમાણવિવેકની ઉણપ નજરે ચડે છે. પ્રસ્તારયુક્ત કૃતિનો દેહ હોવાથી

સિથિલતાનો અનુભવ થાય છે. રવિ, રાજબા અને વધુ તો ઉદય શીલાના પાત્રોમાં મુનશીજી પોતાના અંગત ભાવો, ભાવનાઓ, આદર્શો, પ્રણયાનુભૂતિને પ્રતીત કરતાં હોય તેવું લાગે છે. તો પણ કહી શકાય કે સામ્યવાદને રવાડે ચડેલાં બે પાત્રો મનોહર અને રવિ વચ્ચે જે સંવાદ થાય છે તે માત્ર તત્કાલીન વૃત્તિઓને જ વ્યાખ્યાતીત નથી કરતો પણ આજેય આ ભાવ એવો જ લીલોછમ્મ (એવરગ્રીન) છે. પ્રસ્તુત ''તપસ્વિની'' નવલકથામાં અનેકવિધ દેખાતી સિદ્ધિઓને ટાંકતા ડો. મધુસુદન પારેખ લખે છે તેમાં સહમતિનો સૂર પૂરાવવો જ રહ્યો :

> ''અનેક કથાઓના મિશ્રણથી વિસ્તૃત બનતો વાર્તાપટ, ચબરાકીભર્યા સંવાદો, રંગદર્શીશૈલી, વાર્તામાં ચમત્કાર તત્વોનું નિરૂપણ, અતિમાનુષ પાત્રો સર્જવાનો શોખ, મુનશીની નવલકથાનાં આ લક્ષણો ''તપસ્વિની''માં પણ મોજૂદ છે''[૨૧]

આત્મકથનાત્મકતાની દ્રષ્ટિએ આ કૃત્તિ શ્રેષ્ઠ છે. મુનશીના જીવનની નીપજ છે. ''સીધા ચઢાણ'' અને ''સ્વપ્નસિદ્ધિની શોધમાં'' ની જે પાત્રસૃષ્ટિ છે તે અહીં નિરૂપાય છે. સામાન્ય લાગતી આ કથાએ ઘણાનું ધ્યાન ખેંચ્યું છે.

→ નિરીક્ષણો, તારણો અને નિર્ણયો :

સૌપ્રથમ તો મુનશીની સામાજિક નવલકથાઓની સિદ્ધિઓ અને મર્યાદાને અવલોકતાં દિનકર જોશીના શબ્દો મને નોંધનીય લાગે છે :

> ''એમની (મુનશીની) સામાજિક નવલકથાઓ દ્વારા આપણને એમની સામાજિક સંવેદનાઓ, સામાજિક રૂઢિઓ સામેનો આક્રોશ, સ્થાપિત નીતિ–નિયમો સામે પણ વિદ્રોહ આ બધું પ્રગટ થાય છે ખરું પણ એથી વિશેષ સાહિત્ય ઝાઝું પલ્લવિત થતું નથી''

મુનશીની નવલકથાઓના ઊંડા અભ્યાસી શ્રી બાબુ દાવલપુરાના વિધાનો પણ આ સંદર્ભે ટાંકવાયોગ્ય લાગે છે, તેઓ મુનશીની સામાજિક નવલકથાઓની શક્તિ અને મર્યાદાઓને અવલોકતાં નોંધે છે :

> ''સમકાલીન સમાજજીવનને સ્પર્શતી ''વેરની વસૂલાત'', ''કોનો વાંક ?'', ''સ્વપ્નદષ્ટા'' અને ''તપસ્વિની'' જેવી સામાજિક નવલકથાઓ એક રીતે જોઈએ તો સમકાલીન સામાજિક તથા રાજકીય પરિસ્થિતિની પીઠિકા પર રચાયેલી, રોમેન્ટિક પ્રકૃતિના સંવેદનપટુ અને ભાવનાવિહારી સર્જકની આંતરકથા જેવી, આડપડદે પરોક્ષ પરલક્ષી ઢબે કહેવાયેલી આત્મકથા જેવી કથાઓ છે. આ નવલકથાઓ લેખકની આત્મલક્ષી સંવેદનાઓની ઉત્કટતા,

ઊર્મિલતા તથા કથન કલાની ફાવટને કારણે વાચનક્ષમ બની શકી છે પણ તેમાં નવલકથાકાર મુનશીની શક્તિઓ કરતાં વધુ તો મર્યાદાઓ છતી થાય છે.''[૨૨]

મુનશીજીની ઉપર્યુક્ત પાંચેય સામાજિક નવલકથાઓના સર્જનફાલના સારાંશરૂપે વિચાર કરતા નીચેની ગુણ–દોષરૂપ કેટલીક હકીકતો જણાય છે :

- ઐતિહાસિક નવલકથાઓની સરખામણીમાં આ નવલકથાઓ સામાન્ય કૃત્તિઓ બની રહે છે. છતાં ઐતિહાસિક નવલકથાઓ કરતાં સામાજિક નવલકથાઓમાં મુનશી વિશેષ વાસ્તવલક્ષી બન્યાં છે.
- સામાજિક નવલકથા હોવા છતાં મુનશીનું ધ્યાન સમાજ કરતાં હાસ્યજનક પ્રસંગો પર સવિશેષ ગયેલું જોવા મળે છે.
- વસ્તુસંકલનામાં ધારી સફળતા ન મળી હોવાં છતાં ગુજરાતી નવલકથા સાહિત્યના એક વળાંકબિંદુ લેખે આ સામાજિક નવલકથાઓ સીમાચિન્હ બની રહે તેવી છે એ વાતને પણ સ્વીકારવી જ રહી. અર્થાત પંડિતયુગના ગોવર્ધરામથી શરૂ થયેલી નવલકથાઓના ચિંતનભારથી મુક્ રહીને આ નવલકથાઓને સૌષ્ઠવપૂર્ણ આકાર આપ્યો જે યાદગાર બની રહેશે જ.
- સ્ત્રીપાત્રોનું સુરેખ ચિત્રાંકન થયું હોય તેવું લાગ્યું નહીં.
- ''સરસ્વતીચંદ્ર'' નવલકથાની અસર આંશિક સ્વરૂપે જણાય છે દા.ત. ''વેરની વસૂલાત'' માં આ નવલકથાની માફક દેશી રજવાડાઓની ખટપટો, રત્નગઢના કારભાર માટે રઘુભાઈ અને અનંતાનંદ વચ્ચે થતો સંઘર્ષ ગુણવંતીનું (કુમુદ જેવું) વ્યક્તિત્ત્વ વગેરેમાં.
- શૈલીમાં ભારેખમતાને બદલે તેજસ્વીતા, ગતિશીલતા, સરળતા અને સ્વભાવિકતાની પ્રતીતિ પણ થાય છે એ પણ નોંધવું રહ્યું.
- સામાજિક નવલકથાઓમાં ગોવર્ધનરામની પ્રત્યક્ષ પરોક્ષ રીતે અસર જોવાં મળે છે.
- સ્વાનુભવ એ જ સામાજિક નવલકથાઓની ઉપાદાન સામગ્રી બની હોય તેવું પ્રતીત થાય છે. આ સંદર્ભેના કેટલાક સમીકરણોને ટાંકતાં બાબુ દાવલપુરા કહે છે :

''મુનશીની આત્મકથાથી પરિચિત વાચક ધારે તો....

– માણેકલાલ મુનશી	– પ્રમોદરાય	– ''વેરની વસૂલાત''
– કૉલેજિયન કિશોર મુનશી	– સુદર્શન	– ''કોનો વાંક ?''
– કજોડા લગ્નનો ભોગ બનેલા	– શીલાવતી દલાલ	– ''તપસ્વિની''

લીલાવતી જૈન

– પરસ્ત્રીના પ્રેમમાં નિમગ્ન, – શીલાવતીને ઝંખતો – ''તપસ્વિની''

વિયોગી તરુણ ધારાશાસ્ત્રી હૃદયનાથ તરુણ

મુનશી બેરિસ્ટર ઉદય સોલંકી.

વગેરેમાં અનુભવાય છે.''૨૩

કહી શકાય કે, અનુગામી ઐતિહાસિક અને પૌરાણિક નવલકથાઓની સરખામણીએ મુનશીની સામાજિક નવલકથાઓ ઝાંખી લાગે. આવા જ કાંઈક સંદર્ભે શ્રી કનુભાઈ જાનીનું એક વિધાન નોંધવાલાયક લાગે છે :

(મુનશીની પાંચેય સામાજિક નવલોની)....

''કેન્દ્રસ્થ ઘટનાઓ, એમાંના સામાજિક પ્રશ્નોનો, ને એમાંની કલાનિર્મિતિનો વિચાર કરીએ ત્યારે લાગે છે કે મુનશીનું ધ્યાન સમાજ પ્રત્યે ભાગ્યે જ (કેવળ પ્રમત્તાવસ્થામાં....) ગયું છે. સમાજના પ્રશ્નોમાંના અદમ્ય રસને કારણે જ (ગોવર્ધનરામ, રમણલાલ, દર્શક, પન્નાલાલ, પટેલીકરમાં બન્યું છે તેમ) મુનશીની વાર્તા ઉદ્ભવતી નથી. પોતાની આગવી વાર્તાના આધારરૂપે સમાજના પ્રશ્નોનો ઉપયોગ થાય છે. એમાંનો વસ્તુસંભાર – આગળ દર્શાવ્યું તેમ – એનો એ લાગતાં કૃત્તિનું અલગ, સ્વતંત્ર અસ્તિત્વ – માથું ઊંચું રાખી શકે તેવું – રહેતું નથી''

તેમ છતાં સામાજિક નવલકથાઓ લખવાં પાછળનો મુનશીજીનો મુખ્ય આશય વાચકવર્ગને સાદ્યંત રસતરબોળ કરે એવી રોમાન્સ પ્રકારની પ્રણય, પરાક્રમ અને સાહસયુક્ત મનોરંજન પૂરૂ પાડવાનો સવિશેષ રહ્યો છે. 'સ્વપ્નદષ્ટા' સિવાયની નવલોમાં એ અનુભવાય છે તે તો નિઃશંક છે.

→ મુનશીની ઐતિહાસિક નવલકથાઓ :

નવલકથાકાર મુનશીને વિશેષ ખ્યાતિ ઐતિહાસિક નવલકથાક્ષેત્રે સાંપડે છે. મુનશીની સર્જકપ્રતિભા અને નવલકથાની સિદ્ધિઓ અને મર્યાદાઓને લાક્ષણિકરૂપમાં અવલોકવી હોય તો તે તેમની ઈતિહાસ પુરાણના પ્રસિદ્ધ વિષયવસ્તુ પર આધારિત નવલકથાઓમાં જવું પડે. ગુજરાતી સાહિત્યમાં મુનશીનું ઝળકેલું, ચિરંજીવી પ્રદાન એમની ઐતિહાસિક નવલકથાઓમાં વિશેષ રહ્યું છે. મુનશી અનેક સાહિત્યિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક સંસ્થામાં રહી ચૂકયાં હતાં. નામાંકિત ધારાશાસ્ત્રી અને સમકાલીન રાષ્ટ્રના લાડીલા રાજપુરૂષ હતાં. સ્વાતંત્ર્ય સંગ્રામના

સુપ્રસિદ્ધ લડવૈયા હોવાના નાતે ઐતિહાસિક નવલકથાઓના સિદ્ધહસ્ત સર્જક તરીકે સવિશેષ ખ્યાતિ મેળવે છે. આ ઐતિહાસિક નવલકથાઓમાં મુનશી પોતાની રોમાંટિક વાતોને નાટયાત્મક ઢબે રજૂ કરવાની કલાકારની કુશળતા પ્રગટ કરી શકયાં છે.

મુનશીજી ઐતિહાસિક નવલકથાના પ્રેરકબળો વિશેની કેફિયત રજૂ કરતાં આત્મકથા ''સ્વપ્નસિદ્ધિની શોધ''માં નોંધે છે :

> ''હું વડોદરા કૉલેજમાં હતો ત્યારથી ગુજરાતના ઈતિહાસની મારી કલ્પના ઉત્તેજિત થઈ હતી. કૉલેજના છ માસિકમાં 'ગુજરાત નષ્ટ સામ્રાજ્યોનું કબ્રસ્તાન' નામનો લેખ મેં લખ્યો હતો અને ૧૯૧૦ માં 'ઈસ્ટ એન્ડ વેસ્ટ' નામક અંગ્રેજીમાં ''સોમનાથની જીત'' પર ઐતિહાસિક નિબંધ લખ્યો હતો. ગુજરાતીમાં હું સારૂ લખી શકું છું એવી મને ખાત્રી થઈ ત્યારે તેના સાહિત્યને સમૃદ્ધ કરવાનો મે સંકલ્પ કર્યો. રણજીતરામના પરિચયથી ગુજરાતનો સર્વાંગી વિકાસ સાધવાની મહત્વાકાંક્ષા પણ મારા હૃદયમાં જાગી હતી અને 'ગુજરાતની અસ્મિતા' શબ્દને મેં ગુજરાતીમાં પ્રચલિત કર્યો. ૧૯૧૫માં ''પાટણની પ્રભુતા'' દ્વારા તેની ઐતિહાસિક મહત્તા સર્જવાનો મેં પ્રયત્ન શરૂ કર્યો અને ''ગુજરાતના નાથ'' ગુજરાતીઓનું ભૂત ગૌરવનું ભાન કરાવ્યું''[૨૪]

તેઓ વધું નોંધે છે :

> ''૧૯૨૨ માં માર્ચમાં મેં સંસદ સ્થાપી અને હું તેનો પ્રમુખ બન્યો અને તેના મુખપત્ર તરીકે 'ગુજરાત' પ્રગટ કર્યું''[૨૫]

તેઓ વધું લખે છે :

> ''એ જ (પ્રથમ) અંકમાં ''ગુજરાતનો નાથ''ના અનુસંધાનરૂપ ''રાજાધિરાજ'' નવલકથા શરૂ કરી. ''ગુજરાતનો નાથ''માં મેં પાટણ અને જૂનાગઢનો સંબંધ બતાવ્યો હતો તેમ હવે ભરૂચ જોડેનો સંબંધ બતાવવાં માંડયો''[૨૬]

મુનશીજી પોતાના ધારેલા સ્વપ્નને નોંધતાં કહે છે :

> ''ગુજરાતની ઐતિહાસિક સાતત્યની મારી કલ્પના સાહિત્યમાં મૂર્તિમંત થઈ''[૨૭]

→ મુનશીની વિખ્યાત ઐતિહાસિક નવલત્રયી :

''પાટણની પ્રભુતા'' (૧૯૧૬), ''ગુજરાતનો નાથ'' (૧૯૧૮) અને ''રાજાધિરાજ'' (૧૯૨૨) મુનશીની વિખ્યાત ઐતિહાસિક નવલત્રયી છે. આ નવલત્રયીના સંદર્ભે શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી રાધેશ્યામ શર્મા ઉચિત જ નોંધે છે :

> ''મુનશીની નવલત્રયીમાં બળ અને બુદ્ધિની સાઠમારીનું મનોરંજક વર્ણન કરીને જે કથારસ જમાવ્યો છે એનું આકર્ષણ નકારી શકાય તેમ નથી. આ કથાલેખન પર એક પ્રબળ વ્યક્તિત્ત્વની પકડ છે એવું લાગ્યાં કરે છે. કાર્યવેગ અને રહસ્યમયતાનું નિરૂપણ એમની કૃત્તિઓની વાચનક્ષમતાને ટકાવી રાખશે. 'રોમાન્સ' અને 'નોવેલ'ની વચ્ચે આ કૃત્તિઓનું સ્થાન છે. એ માત્ર રોમાન્સ ન રહેતાં નોવેલ બનવાં જાય છે''[૨૮]

નવલકથાકાર તરીકે મુનશીનું સૌથી સુભગ દર્શન તેમની નવલત્રયીમાં વિશેષ પ્રગટી ઊઠયું છે. આ ત્રણ નવલકથાઓને વિવેચકો, વિદ્વાનો અને વાચકોએ ઉમળકાભેર આવકાર આપ્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી તો પ્રથમ આ ત્રણ નવલકથાઓ અંગે વિચાર કરીશું.

''પાટણની પ્રભુતા''

(૧૯૧૬)

''પાટણની પ્રભુતા'' મુનશીની પહેલી ઐતિહાસિક નવલકથા. એ સમયગાળામાં એકાધિક દૃષ્ટિએ વિવાદમાં મૂકાયેલી આ નવલકથા છે. આ નવલકથામાં આવતા અનેક પાત્રો અને પ્રસંગો ઈતિહાસની સાક્ષી પૂરે છે તો પાત્રો લેખકે 'પ્રસ્તાવના' માં નોંધ્યું છે એમ ઐતિહાસિક પણ છે.

પાટણના રાજા કર્ણદેવ સોલંકીના મૃત્યુ પછી પાટણ રાજકીય અને ધાર્મિક સંઘર્ષનું કેન્દ્ર બની રહે છે. આ સંઘર્ષમાં રાષ્ટ્રીય ઐકય પ્રાપ્ત કરવામાં અને રાષ્ટ્રને મજબૂત બનાવવામાં મુંજાલ જેવા મહાઅમાત્યના હાથ નીચે ગુજરાત સફળતા પ્રાપ્ત કરે છે. મુંજાલ છેવટે પાટણની પ્રજા, ત્રિભુવન અને સામંતો વચ્ચે કુનેહપૂર્વક સમાધાન કરાવીને રાષ્ટ્રમાં શાંતિની સ્થાપના કરે છે.

અગિયારમી સદીના ગુજરાત ઉપર આ નવલકથા પ્રકાશ ફેંકે છે. ઐતિહાસિક વિગતોને મુનશી વફાદાર રહ્યા છે તો કેટલાક પ્રસંગો જેવા કે..... મીનળદેવીની ભત્રીજી તરીકેનો સંબંધ, મુંજાલની દક્ષિણમાં મુસાફરી, મીનળ સાથેનું સુખદ મિલન, રાજા કર્ણદેવ સાથે મીનળનું લગ્ન કરવામાં મુંજાલનો સાથ વગેરે ઘટનાઓ કાલ્પનિક છે. કર્ણદેવ, મીનળદેવી, હંસા, જયસિંહદેવ, મદનપાળ, શાંતુ મહેતા, મુંજાલ મહેતા, દેવપ્રસાદ, ત્રિભુવનપાલ, ઉદા મહેતા વગેરે પાત્રો ઐતિહાસિક છે. ટૂંકમાં પ્રસ્તુત ''પાટણની પ્રભુતા'' નવલકથા ઐતિહાસિક અને કાલ્પનિક સામગ્રીના સુયોગ્ય રસાયણથી સર્જાઈ છે.

શ્રી રમણ કોઠારી ''પાટણની પ્રભુતા''માં ઐતિહાસિકતા કેટલી ? એ સંદર્ભે નોંધતાં કહે છે :

> ''પાટણની પ્રભુતા''માં સૌથી મહત્વની વાત મીનળ – મુંજાલની પ્રેમકથા કાલ્પનિક છે. ઈતિહાસમાં એનું કયાંય મૂળ મળતું નથી. ''પાટણની પ્રભુતા''માં કર્ણનું મૃત્યુ થયું અને તેના મરણ બાદ સિદ્ધરાજનો રાજ્યાભિષેક થયો – એવો ઉલ્લેખ છે. ખરી રીતે કર્ણે પોતાની હયાતીમાં સિદ્ધરાજ જયસિંહનો રાજ્યાભિષેક પાટણમાં કર્યો હતો અને પોતે ત્યાર પછી કર્ણાવતી જઈને રહ્યો હતો અને ત્યાં મૃત્યુ પામ્યો હતો. પ્રસન્નાને ખોટી રીતે મીનળદેવીની ભત્રીજી ઠરાવવામાં આવી, આથી યે વધુ તો ''પાટણની પ્રભુતા''માં ઈતિહાસના મહત્વના પાત્રો યોજીને કલ્પિત પ્રસંગો ઉપર આખી ઈમારતને ચણવામાં આવી છે. પાટણની સત્તા લ્હાયમાં લેવાના મીનળદેવીના પ્રયત્ન, ચંદ્રાવતીથી જૈનોનું સૈન્ય બોલાવવું, મુંજાલને મધુપુર મોકલવો, તેને કેદ કરવો, રાણીનું પાટણમાં નાશી જવું, દેવ પ્રસાદનું ખૂન કરાવવું, આનંદસૂરિના હાથે રુદ્રમહાલય બળાવવો – આ બધા પ્રસંગો કલ્પિત છે...... લેખક ''પાટણની પ્રભુતા''ને ઐતિહાસિક નવલકથા તરીકે ઓળખાવે છે ખરા, પણ લાગે છે તેટલી આ કથા ઐતિહાસિક નથી. પ્રણય પણ કલ્પિત હોવાથી તે પ્રધાનપણે કાલ્પનિક પ્રણયની કથા બની છે''[૨૯]

''પાટણની પ્રભુતા'' શીર્ષકની સાર્થકતા સમગ્ર નવલકથામાં પ્રગટે છે. આ નવલકથાના મુંજાલ, ત્રિભુવન, મીનળ જેવા મુખ્ય પાત્રો પાટણને ગુજરાતનું મહાન રાજ્ય બનાવવાં અહર્નિશ પ્રયત્નો કરે છે. મુંજાલની કામગીરી તેમાં શ્રેષ્ઠ રહી છે, રસ્તા કાઢીને મુંજાલ પાટણની પ્રભુતા સ્થાપે છે. તેની તીક્ષ્ણ બુદ્ધિ, ચપળતાં, પાટણના લોકોની પાટણપ્રિયતા અને મીનળની સમયસૂચકતાને કારણે જ પાટણની પ્રભુતા જળવાઈ છે એ નવલકથાનો કેન્દ્રગામી વિચાર શીર્ષકની સાર્થકતાસૂચક છે.

સમગ્ર નવલકથાનું વસ્તુસંવિધાન મોહક, વેગવંતુ પણ કલામુક લાગે છે. તો પણ રાજખટપટના એક પછી એક ખૂબ જ ઝડપથી બનતા પ્રસંગોની સાથે મીનળ–મુંજાલની પ્રણયગાથા, ત્રિભુવન–પ્રસન્નની પ્રણયગોષ્ઠીઓ, દેવપ્રસાદ–હંસાના દામ્પત્યના મંગલકરુણ ચિત્રો વગેરે પ્રસંગોનું સમાયોજન કરીને નવલકથાને અત્યંત આકર્ષક અને રસિક બનાવી છે. આ નવલકથા નાટયાત્મક પ્રધાનતઃ બને છે. એટલે બાહ્ય સંઘર્ષની સાથે આંતરિક સંઘર્ષ પણ રહેવાનો. મીનળ સ્વતંત્ર સત્તા ભોગવવાં ચાહે છે. મુંજાલની નીતિનો અસંતોષ છે. આનંદસૂરિ ષડયંત્ર ઘડે છે. મુંજાલ વિરૂદ્ધ કેટલીક ખોટી, ઉપજાવેલી હકીકતો રાણીના કાને નાખે છે. કર્ણના મૃત્યુ પછી મીનળદેવી મુંજાલને સત્તા પરથી દૂર કરે છે તો બીજી બાજુ દેવપ્રસાદને પાટણમાં કેદ

રાખવામાં આવે છે પણ મુંજાલ અને દેવપ્રસાદ પાટણમાંથી છટકી વાઘેશ્વરી મંદિરે મળવાનો સંકેત ગોઠવે છે. રાણીને ગંધ આવતાં આ મિલન અટકાવવા પાટણ છોડે છે, પાટણ તેનું દુશ્મન બને છે. મુંજાલ કેદ પકડાય છે પણ પાટણ સાથેના સંઘર્ષમાં રાણીને નમવું પડે છે. આવા સંઘર્ષોથી ભરેલી આ નવલકથા નાટયાત્મક વધું બની રહે છે. શ્રી વિશ્વનાથ ભટ્ટ આ નવલકથાના સંઘર્ષ વિશે ઉચિત જ નોંધે છે :

> ''મુનશીની વાર્તા એટલે વિક્રમશાળી વીરો, એકબીજાને હંફાવવાં આકાશ–પાતાળ એક કરતા સ્ત્રી, પુરૂષો અને એકબીજાને સવાયા થવાં જાન કાઢી નાખતાં પાત્રોની કથા યુદ્ધભૂમિ પર જેમ સામસામી તલવારો અથડાયાં જ કરે અને એમાંથી અવિરત તણખાઓ ખર્યા જ કરે, તેમ એમની વાર્તાઓમાં બુદ્ધિનું સામસામુ ઘર્ષણ ચાલ્યાં જ કરે અને એમાંથી નિરંતર અગ્નિ ઝર્યા જ કરે છે''[૩૦]

''પાટણની પ્રભુતા''ની પાત્રસૃષ્ટિના આલેખનમાં મુનશીની અપ્રિતમ સિદ્ધિ જોવાં મળે છે. પાત્રો વાચક સામે સ્વતંત્ર, જીવંત અને જાજરમાન સ્વરૂપે ખડા થાય છે. ધસમસતા ચૈતન્ય સભર પાત્રોના એક–એક સંવાદમાં તેજસ્વીતા ઝરે છે. પુરૂષ અને સ્ત્રીપાત્રો પ્રેમ શૌર્ય ભરેલા ઓજસ્વી રહ્યાં છે. દેશ પ્રત્યેના પ્રેમને વશ થઈને પ્રત્યેક પાત્રો કાર્ય કરે છે. લગ્ન વેદી સુધી ન પહોંચેલા મુંજાલ અને મીનળદેવી પૂર્ણ સંયમ દાખવીને પ્રણયસંબંધને ઉચ્ચતર વિશુદ્ધ ભૂમિકાએ પહોંચાડે છે. 'રાજ્ય કારભારના પ્રસંગ વિના નહિ મળવું' ('પાટણની પ્રભુતા' – પૃ : ૩૦૮) એવી પ્રતિજ્ઞા લીધી છતાં મીનળદેવી મુંજાલ મહેતાને ત્યાં જાય છે ત્યારે મુંજાલ મીનળદેવીને સ્પષ્ટ વિશુદ્ધ ભાવે કહી દે છે :

> ''આ નહિ પાલવે, હું અહીયા રહું તો તે દિવસની પ્રતિજ્ઞા પાળવી પડશે. એ જીવન ફરી સ્વીકારવું પડશે''[૩૧]

જેમા મુંજાલની નિર્મળતા, નિષ્કલંક પવિત્રતા અને કૃતનિશ્ચયીતા સ્પષ્ટ થાય છે.

આ નવલકથાના નાયક–નાયિકા કોણ ? એ પ્રશ્ન વિવેચકો માટે ચર્ચાસ્પદ બને છે. ખરેખર પ્રારંભમાં મીનળ અને મુંજાલ નાયક–નાયિકા હોય તેવું વાતાવરણ સર્જાય છે પણ સમગ્ર નવલકથામાં નાયક–નાયિકા ત્રિભુવન અને પ્રસન્ન બની રહે છે. ત્રિભુવન શૂરવીર, ઉદાત્ત નાયક અને ચપળ, બુદ્ધિશાળી, મસ્તીખોર પ્રસન્નને નાયિકા લેખકે શુદ્ધ રીતે ચિત્રિત કરી છે. એવું વાર્તાના સમગ્ર કથાનક ઉપરથી લાગે છે.

અહીં રસની દૃષ્ટિએ શૃંગાર, વીર અને કરુણરસની જમાવટનું કૌશલ સર્જકે પૂર્ણતયા પ્રગટાવ્યું છે. ત્રિભુવન–પ્રસન્ન, મુંજાલ–મીનળ, હંસા–દેવપ્રસાદનું પ્રણયજીવન શૃંગાર રસને વહાવે છે, પાટણવાસીઓ–ગુજરાત પ્રત્યેના પ્રેમ અને ભક્તિને કારણે વિદેશી હુમલાખોરો અને આંતરિક ખટપટોના વર્ણનોમાં વીરરસ વહે છે તો કર્ણદેવ, હંસા, દેવપ્રસાદના મૃત્યુની ઘટનાઓમાં કરુણરસનું આલેખન મુનશીએ સુપેરે કર્યું છે.

''પાટણની પ્રભુતા''માં ગુજરાતનું ગૌરવ જોવા મળે છે. વાચકોને ખેંચી જવાની તાકાત કથાના શબ્દોમાં છે. નવલકથાના મોટાભાગના પ્રકરણો અને મુંજાલનું પાત્રાલેખન મુનશીની જબરી કલાસિદ્ધિ છે. આમ, રાષ્ટ્રના પ્રથમ પંક્તિના સાહિત્યકારને શોભાવે તેવી ''પાટણની પ્રભુતા''ની ખૂબીઓ છે.

પ્રસ્તુત નવલકથા ડૂમાના સાહિત્યના અનુકરણ સ્વરૂપે લખાયેલી છે એવા રામચંદ શુકલના આક્ષેપોનો સંતોષપૂર્વક પ્રત્યુત્તર આપતા શ્રી વિનોદ અધ્વર્યુ અને કનુભાઈ જાની ઉચિત જ નોંધે છે :

> ''એમના (મુનશીના) મનમાં ડૂમાના પ્રબળ સંસ્કારોએ એમની પૂર્વસંચિત સામગ્રીએ – આ નવલકથામાં ભાગ ભજવ્યો છે છતાં આ (''પાટણની પ્રભુતા'') કૃત્તિ એક અનુકૃતિ નથી જ. રંગદર્શી, આકર્ષક, વસ્તુવેગથી રસપ્રવાહમાં વાચકને તાણી જતી, ઉચ્ચ સાહિત્યગુણો ધરાવતી સર્જનકૃત્તિ છે''$_{૩૨}$

જેમાં સહમતિનો સૂર પૂરાવવો જ રહ્યો. પ્રસંગો, પાત્રોમાં નાની મોટી ક્ષતિઓ હોવા છતાં ''પાટણની પ્રભુતા'' રસિક, આકર્ષક અને આજે પણ ચિરંજીવી રહી છે. આ સંદર્ભે મુનશીની નવલકથાઓનું ઊંડું અવલોકન કરનાર દીપક મહેતા પણ ઉચિત જ વિધાનો ઉચ્ચારે છે :

> ''૧૯૧૬ માં પ્રગટ થયેલી ''પાટણની પ્રભુતા''એ મુનશીની પહેલી નવલકથામાં સચોટ અને સરળ ભાષાશૈલી, વેગવાન વાર્તા પ્રવાહ, મીનળ, મુંજાલ અને ત્રિભુવનપાળ વગેરે પ્રભાવશાળી અને તેજસ્વી પાત્રો આદિને કારણે (''પાટણની પ્રભુતા'') અત્યંત લોકપ્રિય થઈ''$_{૩૩}$

દીપક મહેતા ''પાટણની પ્રભુતા''ની વિશષ્ટિતાઓને નવાજતાં વધું નોંધે છે જેમાં સહમતિ પૂરાવવી રહી :

> ''વાચકને સતત જકડી રાખતો વેગવાન કથાપ્રવાહ, આંખો અંજાઈ જાય એવાં તેજસ્વી પાત્રો, ઢાલ લકડીના દાવ જેવા સંવાદો, સ્થળ, સમય, પ્રસંગ, પાત્ર કે પરિસ્થિતિને તાદશ્ય કરી દેતાં વર્ણનો – આ અને આવાં બીજાં અનેક તત્ત્વોને

લીધે ''પાટણની પ્રભુતા'' વાંચતાં ગુજરાતી વાચકે એક નવો જ રોમાંચ અનુભવ્યો હતો''૩૪

''ગુજરાતનો નાથ''

(૧૯૧૮)

''પાટણની પ્રભુતા''ના કથાતંતુને આગળ વધારતી – કહો કે..... તેના જ અનુસંધાનમાં લખાયેલી ''ગુજરાતનો નાથ'' મુનશીને યશ આપનારી નવલકથા છે. નવલકથાકાર મુનશીની શક્તિઓનો અહીં સૌથી વધુ સુભગ સમન્વય થયેલો જોવા મળે છે. એમની એ વિશિષ્ટ પ્રતિભાનો વિશેષ ઉન્મેષ જોવાં મળે છે ''ગુજરાતનો નાથ'' કૃત્તિમાં. ''ગુજરાતનો નાથ'' નવલકૃત્તિ સ્થાન માત્ર મુનશીની શ્રેષ્ઠ નવલકથાઓમાં જ નહિ, પણ ગુજરાતની ઉત્તમ નવલકથાઓમાં છે. શ્રી નરસિંહરાવ દિવેટિયાએ પાંત્રીસ (૩૫) પાનામાં આ નવલકથાનો પ્રવેશક, (ઉપોદ્ઘાત નામે) પૂરા તાટસ્થ્યભાવે, હોંશે હોંશે લખી આપેલો છે તેમાં તેમણે નોંધેલું :

> ''રા. કનૈયાલાલ મુનશીની વાર્તાકાર તરીકે પ્રતિભા શક્તિ, કલાસામર્થ્ય એ આજ સુધી જણાવેલા વાર્તાકારો કરતાં વિલક્ષણ છે''૩૫

તેઓની વાત સાર્થકય પૂર્ણ લાગે છે.

નવલકથાકાર તરીકેની મુનશીની સર્વાધિક લાક્ષણિકશક્તિઓ આ નવલકથાના સર્જનમાં સોળે કળાએ ખીલી ઉઠેલી છે. પરિણામે આપણા સમગ્ર સાહિત્યમાં ''ગુજરાતો નાથ'' એક ઉત્તમ, બેનમૂન નવલકથા બની રહે છે.

આ નવલકથા ઐતિહાસિક છે તો પણ મુનશીનો હેતુ વાર્તા કહેવાનો છે, ઈતિહાસની ઘટનાઓ વર્ણવવાનો નહિ. નવલકથાને રસપૂર્ણ બનાવવા ઈતિહાસમાં બનેલાં બનાવો તથા નવલકથાના પાત્રોમાં ફેરફાર કરી નવી ઘટનાઓ અને પાત્રો પોતાના માનસસંતાનો કલ્પનાબળે ઉમેરી, આવશ્યક હોય એટલા જ ફેરફાર કરી, કલાસૃષ્ટિનું નિર્માણ કરે છે. આમ, અહીં મુનશી માત્ર ઐતિહાસિક ઘટનાઓ અને પાત્રોમાં જ બંધાઈ ન રહેતાં; ઐતિહાસિક ઘટનાઓને વફાદાર રહી, સ્વ–પ્રતિભા સંજીવનીથી નવલકથાને નવપલ્લવિત કરી મૂકે છે.

મંજરી અને કીર્તિદેવના પાત્રો મુનશીના માનસસંતાનો છે. મુંજાલ, કાક, ઉદા મહેતા, મીનળ વગેરે પાત્રો કાલ્પનિક છે તેમણે કલ્પનાબળે વિશિષ્ટ વ્યક્તિત્ત્વનો ઓપ આપ્યો છે. મુનશીનો જીવનઆદર્શ એ પાત્રોમાં જીલાયેલો જોવાં મળે છે. મીનળનો મુંજાલ સાથેનો પ્રણયસંબંધ, કાશ્મીરા (પ્રસન્ના) નો મીનળની ભત્રીજી હોવાની સંબંધ, કિર્તીદેવ અને મુંજાલનો

પિતાપુત્ર તરીકેનો સંબંધ, કાક અને ઉદા મહેતા વચ્ચેનો શત્રુભાવનો સંબંધ વગેરે મૂળ કરતાં અલગ રીતે રજૂ થયેલાં છે. આવા અનેકવિધ પ્રસંગોની કલાકૌશલ્યયુક્ત ગૂંથણી – નવલકથાકાર મુનશીની સમર્થ શક્તિનાં દર્શન કરાવે છે. તત્કાલીન યુગના ઐતિહાસિક વાતાવરણને ખડુ કરવામાં મુનશીએ પ્રશસ્ય પુરુષાર્થ કર્યો છે એ તો હકીકત છે. પાટણ શહેરની ઝાકઝમાળ જેમ કે, રાજમહેલો, કિલ્લાઓ, શહેરની સમૃદ્ધિ અને યુદ્ધના વર્ણનોમાં તત્કાલીન વાતાવરણ તેજીલી કલમે ખડુ થયું છે તે તો હકીકત છે.

સમગ્ર નવલકથાનું કલેવર ઐતિહાસિક કરતાં કાલ્પનિક વિશેષ લાગે છે. કાકના પાત્રનું ઐતિહાસિક મહત્વ ઘટાડયું છે. મંજરીના પાત્રનું આલેખન એ (બારમી) સદીને ઝીલી ન શક્યું. કાક–મંજરીનો પ્રણયમાં આધુનિકતાનો રંગ લગાડેલ લાગે. પ્રત્યેક બનાવોમાં કલ્પનાની કલમ વધું ઝબોળાયેલી લાગે છે.

છતાં પણ સમગ્ર દ્દષ્ટિએ અવલોકતાં કથા રસિક લાગે છે. આ સંદર્ભે નરસિંહરાવ દિવેટિયા નોંધે છે.

> ''આ વાર્તા છે, ઈતિહાસ નથી ઈતિહાસની સામગ્રી લઈને રચેલી કથા છે એટલું સ્મરણમાં રાખતાં આટલી ઈતિહાસ સાથે લીધેલી છૂટ લેવામાં કલા વિદ્યાયકનો ચાતુર્ય ચમત્કાર પણ રસિક વાચકને જણાશે''$_{૩૬}$

વસ્તુવિધાનની દ્દષ્ટિએ પ્રસંગો અને પાત્રોની ગૂંથણીમાં સર્જકે અનુપમ સિદ્ધિ હાંસલ કરી છે. પાટણ સાથે માળવા અને જૂનાગઢના સંઘર્ષના બનાવોનું નિરૂપણ અને મીનળ–મુંજાલની પ્રણયોર્મિને આ નવલકથામાં મૂર્તિમંત કરી છે. શ્રી કનુભાઈ જાની પણ ઉચિત જ નોંધે છે :

> ''મંજરી કાકને પરાક્રમની સિદ્ધિને પ્રસાદીરૂપે જાણે મળેલી છે. કાકને એના પ્રત્યે એને ઉપાડી ત્યારથી રાગ છે. એ કાળે તો મંજરીને કાક પ્રત્યે ધિક્કાર જ છે. એ ધિક્કારનું અતૂટ રાગમાં રૂપાંતર એ મુનશીની આ નવલની એક કલાસિદ્ધિ છે''$_{૩૭}$

રા'નવઘણનો પરાજય અને રા'ખેંગાર દ્વારા રાણકદેવીનું થયેલું અપહરણ નવલકથાનો વિકાસ કરે છે. કાક સાથે કૃષ્ણ દેવનો પરિચય, જયસિંહદેવ અને મુંજાલ સાથે રાત્રીના સમયે મિલન, જયસિંહદેવે આપેલી સલાહ ખંભાતમાં તેના સાહસિક પરાક્રમો, ઉદા સાથેના કડવા સંબંધો, રા'નવઘણની કારમી હારમાં ઉદાનો ફાળો, કીર્તિદેવની વિગત જાણી તેને બચાવી લેવો, અપહરણકર્તા રા'ખેંગારનું પકડાઈ જવું – પ્રસંગોની હારમાળા વાચકની જિજ્ઞાસાને ઉત્તેજે અને તેને જકડી રાખે તેવાં છે. એક નાટયાત્મક પડદા પર ચિત્રોની સૃષ્ટિ ખડી થતી હોય તેવી પ્રતીતિ

અને સુસંકલિત રજૂઆતને કારણે ''ગુજરાતનો નાથ'' એક અનવદ્ય કૃત્તિ બની રહી છે. આવાં વેગવંતા પ્રવાહોમાં બિનજરૂરી ચર્ચાઓ કે ચિંતનોને ટાળ્યાં છે.

થોડા સમયગાળામાં કાકના જીવનમાં બનતી ઘટનાઓ ઉદા જેવા ઈતિહાસ પ્રસિદ્ધ પાત્રને સામાન્ય કોટિના પાત્ર તરીકેનું ચિત્રણ, રાણકદેવીના અપહરણ પૂર્વે રાણક–ખેંગારના પ્રણયનો વિકાસ ન થવો, જેવા કેટલાક પ્રસંગોનું ચિત્રણ અવાસ્તવિક લાગે છે તેમ છતાં ત્વરિત ગતિએ વધતા વસ્તુવિકાસમાં નાની મોટી ક્ષતિઓ દેખાતી નથી. મુનશીની નવલકથાઓના ઊંડા મર્મજ્ઞ અભ્યાસી શ્રી બાબુ દાવલપુરાનું આ નવલકથાના વસ્તુ સંવિધાન અંગેનું મંતવ્ય નોંધનીય છે :

> ''કૌતુકપ્રિય વાચકોની ઉત્કંઠાને ઉત્તેજે એવી રહસ્યગર્ભ પ્રકરીઓનાં તાણાવાણા ગૂંથવાની કુશળતા ઉપરાંત ઐતિહાસિક અને કાલ્પનિક પાત્રો વચ્ચેના સંબંધો સંઘર્ષોના આલેખનને માટે અવકાશ પૂરો પાડે એવાં વસ્તુબીજઘટકોના સંવિધાનનો કસબ પણ મુનશીને સહજ સાધ્ય છે.''$_{૩૮}$

સમર્થ પાત્રોની સૃષ્ટિનું સર્જન એ પણ નવલકથાની આગવી કહી શકાય તેવી સિદ્ધિ છે. પ્રત્યેક પાત્રોના વાણી–વર્તન, તેની બુદ્ધિ પ્રતિભા અને અનોખા વ્યક્તિત્ત્વ વાચકના ચિત્તનો કબજો લે તેવા છે. મુંજાલ, કાક, જયદેવ, ખેંગાર, કીર્તિદેવ, ઉદો અને મીનળ, મંજરી, પ્રસન્ના જેવાં નારીપાત્રો પરાક્રમી, તેજસ્વી , ખુમારીભર્યા, પ્રણયોર્મિની સભરતાવાળા, વિલક્ષણતા, રસિકતાથી ભરપૂર, મહત્વાકાંક્ષી અને પ્રભાવશાળી રહ્યાં છે. 'આકલન'માં રામનારાયણ પાઠકે પાત્રસૃષ્ટિને નવાજતાં યોગ્ય જ નોંધ્યું છે :

> ''મુનશીને ઉગ્ર, વેગીલા, ઉત્કટ અને ગાઢ લાગણીવાળા પાત્રો ચીતરવાં ગમે છે''$_{૩૯}$

મુંજાલના પાત્ર દ્વારા મુનશીએ મુત્સદ્દીગીરીનો, ખુમારી, ચાલાકીનો પરિચય કરાવ્યો છે. અનેક પ્રસંગોમાં તેનું સાહસ અને ઉપર નોંધેલાં ગુણોની ઝાંખી થાય છે. પાટણની કીર્તિ અને સમૃદ્ધિ વધે તેમાં તેને રસ છે. અનેક ગુણોવાળા મુંજાલના પાત્રમાં કલંકની રેખાઓ પણ છે. મીનળ પ્રત્યેના મીઠા સંબંધને કારણે પોતાની વહાલી પત્ની અને સંતાન પ્રત્યેનું મુંજાલનું વર્તન બહુદુ છે. કીર્તિદેવના રાજકીય વિચારો પોતાના કરતાં ઊંચા છે છતાં તેનો વધ કરવા સુધી પહોંચી જાય છે જે તેનાં પાત્રને અશોભનીય છે. જયદેવની રાણકને મેળવવાની ઝંખનામાં જૂનાગઢ પર ઘેરો ઘાલે છે.

છતાં સમગ્રતયા મુંજાલે રાષ્ટ્રપ્રેમની વેદી પર પોતાના સ્નેહ અને સુખની આહુતી આપી છે. એમનું સામર્થ્ય, પ્રતાપી વ્યક્તિત્ત્વ, પરાક્રમશીલતા વાચકના હદયમાં કાયમી સ્થાન જમાવે છે.

તો ''ગુજરાતનો નાથ''માં કાકનું પાત્ર અમીર છાપ મૂકી જાય છે. સર્જનની દ્દષ્ટિએ કાક જ પ્રધાન લાગે છે. રામનારાયણ પાઠક તેના વિશે નોંધે છે :

> ''આ કથામાલા (''ગુજરાતનો નાથ'')માં કાકનાં પરાક્રમો કંઈ પાર ન આવે એટલાં છે. એ જાણે પરાક્રમો કરવાને જ સરજાયો છે. આખા ગુજરાતમાં ફરી વળનારો, ગમે ત્યાંથી ઓચિંતો ફૂટી નીકળનારો, ગમે તેવા પાસલામાંથી છટકી જનારો, અનેક યોજનાઓને ખોટી પાડનારો અભણ છતાં વિદ્યાપ્રિય મંજરીને જીતનારો, બધાં પાત્રોમાં એ સૌથી વધારે જીવંત છે''[૪૦]

ખરી વાત છે. કાક જયસિંહના પંજામાંથી વિધવા રાણકદેવીને બચાવે છે. પાટણ તરફથી પોતાની વફાદારીને છેક સુધી જાળવી રાખે છે. ખેંગાર મિત્ર હોવાં છતાં જયસિંહના રક્ષણને માટે જીવનનું જોખમ પણ ખેડે છે. જૂનાગઢ પડતાં દેવકીનું રક્ષણ કરે છે. ટૂંકમાં કાકના અસાધારણ પરાક્રમના પ્રસંગોને વર્ણવવામાં મુનશીની લેખિની અજબ કામયાબિને વરી છે.

રસિક, વિદ્વાન, આર્યવર્તને એક કરવાનું સ્વપ્ન સેવનાર કીર્તિદેવ આ નવલકથાનું ઉમદા પાત્ર છે. ઉન્નત ચરિત્ર છે. જયસિંહ ઠીક ઠીક વાસ્તવિક પાત્ર છે. તેના કરતાં રા'ખેંગારના સાહસ અને શૌર્ય દીપ્તીમાન છે. ઉદાનું પાત્ર ખલનાયક તરીકે ખ્યાત છે. મુનશીનું કલ્પનાસર્જિત મંજરીનું પાત્ર તેના પ્રતાપી જાજવલ્યમાન સ્ત્રીપાત્ર સૃષ્ટિમાં અગ્રસ્થાને છે.

''ગુજરાતનો નાથ''માં સત્તાલાલસાથી પરાક્રમ ખેડતા પુરૂષો અને તેજસ્વી સ્ત્રીપાત્રસૃષ્ટિ આલેખીને સર્જકે પોતાનો કસબ વ્યક્ત કર્યો છે. મુનશીની નવલત્રયીના ઊંડા અભ્યાસી એવા શ્રી દીપક મહેતાનું પાત્રસૃષ્ટિ વિષયક અવલોકન મને નોંધવાલાયક લાગે છે :

> ''શૌર્યની પ્રતિમા જેવો કાક, સૌંદર્ય, સંસ્કાર અને સાહિત્યપ્રીતિની મૂર્તિ સમી મંજરી, કોઈ વિશાળ મહેલના ભવ્ય ખંડેર જેવો મુંજાલ, પ્રૌઢ પ્રેમના ગંભીર સ્વસ્થ ચિત્ર જેવી મીનળદેવી, કુટિલ નીતિમાં પાવરધો ઉદો, સ્વપ્નદષ્ટા કીર્તિદેવ, ગૌરવશાળી ત્રિભુવનપાળ તથા ગરવી રસિકા કાશ્મીરાદેવી, સ્વપ્નસભર સોમ તથા અલૌકિકતાના આવિષ્કાર જેવી રાણક – જેવાં વિવિધ રંગના પાત્રોની સૃષ્ટિ મુનશીએ આ નવલકથા દ્વારા ગુજરાતને ધરી છે''[૪૧]

જે વિધાનો આ નવલકથા – ''ગુજરાતનો નાથ'' માટે શ્રદ્ધેય લાગે છે.

''ગુજરાતનો નાથ''માં એક બાજુ રાજકીય ખટપટો અને બીજી બાજુ પ્રણયનો પ્રવાહ વહે છે. અહીં અવંતી અને જૂનાગઢ પાટણ પર ચઢાઈ કરવા તલસતાં વિરોધી રાજ્યો છે. જૂનાગઢનો રા'નવઘણ પાટણ ઉપર આક્રમણ કરવાં તત્પર છે પરસ્પર હંફાવવાં મથતી આ સત્તાઓથી રાજકીય વાતાવરણ જામે છે અને આંતરવિગ્રહ છે – 'માનવ મનના પરસ્પર વિરોધી વૃત્તિ વલણોનો'. એ આંતર યુદ્ધ જ કૃત્તિને સફળતા અપાવે છે. યુદ્ધની સમાંતરે રાજમાતા મીનળ અને મહાઅમાત્ય મુંજાલના પરસ્પર પ્રેમનો પ્રવાહ ચાલે છે. મંજરી હૃદયથી પરિવર્તન પામી કાક પ્રત્યે માન–સન્માન અને સ્નેહની નજરે જુએ છે. મંજરી કાકની પ્રેમઘેલી પત્ની બનવામાં ગૌરવ અનુભવે છે. આમ, નવલકથામાં બાહ્ય–આંતર સંઘર્ષના નિરૂપણ દ્વારા વિષયવસ્તુને મુનશી જીવંત બનાવી શકયાં છે એ નિર્વિવાદ છે.

''ગુજરાતનો નાથ''માં સંવાદોનું ભાવવૈવિધ્ય પણ એટલું જ નોંધપાત્ર છે. પાત્રો–પાત્રો વચ્ચે બોલાતાં સંવાદો પાત્રોનું વ્યક્તિત્ત્વ ઉચ્ચ આદર્શોની અભિવ્યક્તિ, પાત્રો વચ્ચે ઝરતી કટુતાના દર્શન થાય છે. કહી શકાય કે.... સમગ્ર નવલકથાનો વસ્તુવિકાસ સંવાદોથી જ થયો છે. સંવાદો પાસેથી મુનશીએ ધાર્યુ કામ લઈને નવલકથાને સફળતાના શિખરે બેસાડી છે. એમ અવશ્ય કહી શકાય.

આજની દૃષ્ટિએ મુનશીની નવલકથાઓમાં અનેક અસંગતિઓ દેખાય છતાં ગુજરાતની નવલકથાની વિકાસયાત્રામાં ''ગુજરાતનો નાથ'' એક અત્યંત મહત્વની સીમાચિન્હરૂપ કૃત્તિ પ્રસ્થાપિત થઈ છે એ હકીકતનો ઈન્કાર કરી શકાય તેમ નથી. આ નવલત્રયીમાં ઊંડું મંથન કરનાર શ્રી મનુભાઈ પંચોળી – 'દર્શક' નોંધે છે જેમાં સહમતિ નોંધવવી જ રહી :

> ''ઐતિહાસિક નવલકથાઓમાં વાચકોને રસ પડે છે તેનું કારણ વાચકોને પોતાના વર્તમાન જમાનાના કોયડાનો તેમાં પ્રતિઘોષ સાંભળવાં મળે છે.... ''ગુજરાતનો નાથ''માં કીર્તિદેવ મુંજાલને કે તેનાથી પ્રેરિત થઈ કાક બ્રહ્માનંદસ્વામીને ગુજરાત કે લાટના વ્યક્તિત્ત્વને ગૌણ ગણી ભારતમાં જે પ્રાંતવાદ, ભાષાવાદ, જ્ઞાતિવાદ કે કોમવાદ ભારતને રાષ્ટ્ર (અખંડિત) થવાની આડે આવે છે. તેની વિલીનીકરણ માટેનો ઘોષ સમજે છે. ''ગુજરાતનો નાથ'' એ અસ્મિતાનો મહિમા ગાયો ને તે અસ્મિતા એટલે ભારતવર્ષીય અસ્મિતા એમ ઈંગિત કર્યું. તે આ નવલકથાને વ્યાપક અને અસરકારક બનાવનારું હતું.''[૪૨]

મુનશીની સાહિત્યિક સિદ્ધિ અને ''ગુજરાતનો નાથ''ની ચિરંજીવિતા વિશેનું ડો. મધુસુદન પારેખનું અવલોકન ધ્યાનપાત્ર છે :

''મુનશીજીના....એમના સાહિત્ય વિશે, ખાસ કરીને એમના નવલકથા સાહિત્ય વિશે જરૂર કહી શકાય કે, ''ગુજરાતનો નાથ'' જેવી નવલકથા આજે ચાર દાયકા કરતાં વિશેષ સમય વીતી ગયા પછીય કાળસાગરમાં તરતી રહી છે. કાળ એ જો સાચો વિવેચક હોય તો એમ કહી શકાય કે, મુનશીજીની નવલકથા હજુયે પ્રજાને આનંદ આપી રહી છે?''[૪૩]

''રાજાધિરાજ''
(૧૯૨૨)

મુનશીની ઐતિહાસિક નવલત્રયીનું ત્રીજુ સોપાન એટલે ''રાજાધિરાજ''. આ નવલકથામાં મુનશીએ ''ગુજરાતનો નાથ''ના કથા તંતુને આગળ લંબાવ્યો છે. ''ગુજરાતનો નાથ''માં જોવાં મળતો પ્રણયસંઘર્ષ–પ્રણયવૈફલ્ય ''રાજાધિરાજ''માં પણ છે પણ પાત્રોનો જે પુરૂષાર્થ અને પ્રતાપ એ આ કૃત્તિમાં નથી. પાત્રો વાતાવરણ, ભાષાશૈલી બધું એનું એ જ છે છતાં ''ગુજરાતનો નાથ'' જેટલી સિદ્ધિ ''રાજાધિરાજ''માં મળી નથી. પાત્રો મોટી ઉંમરના થાય છે. ''ગુજરાતનો નાથ''માં કાક અને મંજરીએ લોકચાહના અપૂર્વ મેળવી હતી. આ કૃત્તિમાં મંજરીનું મૃત્યુ વાચકવર્ગને કઠે છે, અસહ્ય થઈ પડે છે પહેલા જેવો આંતરસંઘર્ષ અહીં નથી.

પાટણ અને જૂનાગઢ વચ્ચેનું યુદ્ધ લાંબા વર્ષો સુધી ચાલ્યું પણ જૂનાગઢની હાર નથી. એટલે કાકને ભરૂચ (ભૃગુકચ્છ)થી જૂનાગઢ મોકલવામાં આવે છે. તેના ગયા પછી પાટણની સત્તામાંથી મુક્ત થઈ જવા માટે બળવો થાય છે. મંજરી વીરતાપૂર્વક ભરૂચના કિલ્લાને બચાવે છે. કાક જૂનાગઢનો કિલ્લો તોડે છે અને રા'ખેંગાર વીરગતિને પામે છે. બીજી બાજુ જયસિંહદેવ રાણકને ઉપાડી જઈ ભોંયરામાં પૂરી દે છે.

કાકે રાણકને ન લઈ જવા જયસિંહદેવે સમજાવેલ. જયસિંહદેવ મક્કમ જ રહ્યો પણ તે જ સમયે કાકનું કામ સરળ બને છે. રાણક દેવી રા'નું માથું પોતાના ખોળામાં લઈને ભોગાવાને કિનારે સતી થાય છે. (પ્રકરણ : 'ભોગાવાને તીરે')

''જય અંબે ૧ સતી માતાનો જય''[૪૪]

ની ઘોષણા થયાં કરે છે બીજી બાજુ કાકની ભરૂચના કિલ્લામાં ઘેરાઈ ગયાના સમાચાર મળતા તે ભરૂચ દોડે છે. મૃત્યુ વેળાના કાકને મળ્યાના મંજરીના છેલ્લા શબ્દો ભાવકને ભીંજવી દે તેવા છે. મૃત્યુ પહેલા મંજરી કાકને જોતા બોલી ઉઠે છે :

''નાથ ૧ નાથ ૧ આવી પહોંચ્યાં મારા વહાલમ?''[૪૫]

આગળ ભાવુક થઈ બોલે છે :

> ''મૃત્યુ વાટ જુએ છે. વહાલમ ! એક ઘડી બે ઘડી માટે શાંતી કેવી ? નાથ ! તમારો હાથ લાવો. મને કેવો સારો લાગે છે ! મને હાથમાં લો. મારી પાસે આવો. અમી ઝરતી ચંદિકાનો લહાવો કયારે મળશે ? હવે થોડો વખત છે''[૪૬]

ને મંજરીને શ્વાસ ઉપડયો. કાકે તેને આલિંગન દીધું. ભૂખમરાને કારણે મંજરી મૃત્યુને ભેટે છે તો પણ શોક અને દુઃખથી ઘેરાયેલા કાકે બળવાખોરોના હાથમાંથી ભૃગુકચ્છનો કિલ્લો છોડાવે છે. મુંજાલ, કાક અને અન્ય મંત્રીઓની સાથે રાજાધિરાજ, જયસિંહદેવ ભરૂચમાં પ્રવેશે છે, અંબાડી ચડે છે અને મંગલ મુહૂર્તે સોમનાથ ભગવાનને કલશ ચઢે છે.

રાજાધિરાજ જયસિંહદેવ સિદ્ધરાજના સંકુલ વ્યક્તિત્ત્વને સર્જકે આલેખ્યું હોત તો તેની ગુણવતા વધત. કાકની સામે એને નિર્બળ પરિસ્થિતિઓ સર્જીને એ પાત્રની ઝાંખપ ઘટાડી દીધી. ''ગુજરાતનો નાથ'' અને ''રાજાધિરાજ'' બંને કૃત્તિમાં કાક જ સમગ્ર કથાનો સૂત્રધાર બની રહે છે. ''રાજાધિરાજ''નું કદ અને કથારસ કાકના પાત્ર પર અવલંબિત છે. આગલી બે નવલકથાઓની મુકાબલે અહી (''રાજાધિરાજ''માં) નાટયાત્મકતા ઓછા પ્રસંગોમાં વર્તાય છે. સંકલનમાં સિથિલતાનો દોષ વર્તાય છે.

તેમ છતાં ''રાજાધિરાજ''માં આવતી ઘટનાઓ કુતૂહલ પ્રેરક બની રહી છે. રાણક સતી થાય છે અને મંજરી મૃત્યુ પામે છે જેવા પ્રસંગો વિસ્મયજનક બની રહ્યા છે. પ્રસંગો રસાવહ બન્યાં છે. ''પાટણની પ્રભુતા'' અને ''ગુજરાતનો નાથ''ના વિષયવસ્તુને આગળ ધપાવવામાં ''રાજાધિરાજ''નો મહત્વનો ફાળો રહ્યો છે એ તો સ્વીકારવું જ રહ્યું.

સુક્ષ્મ દ્દષ્ટિએ તપાસતાં કેટલીક વિસંવાદિતાઓ કે ક્ષતિઓ આ નવલત્રયીમાં મળી આવે તેમ છતાં નવલત્રયીનો કથાપ્રવાહ વાચકને એકધારી ગતિએ તાણી જાય એવી તાકાત ધરાવનારો રહ્યો છે. ત્રણેય નવલકથામાં આવતાં પુરૂષ સ્ત્રીપાત્રો, એના પરાક્રમો, સાહસ, એમનાં સ્વપ્નો, એમના નાટયાત્મક સંવાદો, સમગ્ર વાતાવરણ, બાહ્ય અને આંતરસંઘર્ષ, પાત્રોની મુક્ત પ્રણયલીલાઓ – આ બધું આકર્ષે તેવું છે. અનૈતિહાસિકતાનો દોષ હોવાં છતાં નવલત્રયી રસિક તો છે એમાં કોઈ શંકાને સ્થાન નહી. ''માયાલોક''માં શ્રી વિનોદ અધ્વર્યુ અને કનુભાઈ જાનીનું આ સંદર્ભે નોંધાયેલું અવલોકન આ જ વાતને રજૂ કરે છે :

> ''કૃત્તિ (નવલત્રયી) રસિક છે : હા, રસની વેદી પર ઈતિહાસ વધેરાયો છે. ઈતિહાસ વિકૃત્તિના આરોપમાંથી શ્રી મુનશી બચી શકે તેમ નથી. કલાને નામે

ખોટો ઈતિહાસ રજૂ કરનારા પુસ્તકો ઈતિહાસથી અનભિજ્ઞ એવી આપણી પ્રજામાં અસત્ય વિચારો ફેલાવી સવિશેષ હાનિ કરે છે'' [૪૭]

કથાત્રયીને સમગ્રપણે જોતાં ચિમનલાલ ત્રિવેદી, રમણ સોની અને બીજા વિદ્વાનોએ યથાર્થ જ નોંધ મૂકી આપી છે :

> ''પ્રથમમાં (''પાટણની પ્રભુતા'') આરંભના ઉત્સાહ અને બિનઅનુભવી અધીરતા, બીજામાં (''ગુજરાતનો નાથ'') મધ્યની ઉત્કટતા અને આવેગના ઉછાળા અને ત્રીજામાં (''રાજાધિરાજ'') અંતના પ્રૌઢત્વ અને મંદ ગતિશીલ ધીરતા વરતાય એ સ્વાભાવિક છે'' [૪૮]

ટૂંકામાં આ કથાત્રયીમાં મુનશીએ બળ અને બુદ્ધિનું આકર્ષક નિરૂપણ કર્યું છે. કથાત્રયીને 'રોમાન્સ' અને 'નોવેલ' વચ્ચેનું સ્થાન આપી શકાય. વેગવંતો પ્રવાહ અને રહસ્યમયતા તેમજ પ્રણયોર્મિનું અસરકારક નિરૂપણ કથાત્રયીને વાચનક્ષમ બનાવે છે.

''જય સોમનાથ''

(૧૯૪૦)

ઈ.સ. ૧૧ મી સદીના ગુજરાતને જીવંત કરતી એક કૃતિ એટલે મુનશીની પરિપકવ અવસ્થામાં લખાયેલી ઐતિહાસિક નવલકથા ''જય સોમનાથ''. પ્રણય અને શૌર્યની છોળો ઉડાડતી આ નવલકથા ''પાટણની પ્રભુતા''ના પુરસ્સંધાનરૂપ વાર્તા છે. મૂર્તિભંજક મહમદગજનીએ ઈ.સ. ૧૦૨૬–૧૦૨૭ ની આસપાસ પ્રભાસપાટણના સોમનાથ પર ચઢાઈ કરી હતી એવું મનાય છે અને એ સમયગાળામાં હિંદની અને ખાસ કરીને ગુજરાતની શી દશા હતી ? એનું ચિત્રણ કરવાનો મુનશીનો પ્રશસ્ય પ્રયાસ ''જય સોમનાથ''માં રહ્યો છે. શ્રી મુનશીએ ''જય સોમનાથ'' લખવાં પાછળના આશયને સ્પષ્ટ કરતાં નોંધે છે :

> ''આ વાર્તામાં મારો ઈરાદો સુલતાન મહમદનું આક્રમણ ચીતરવાનો નથી. (તેની સામે) ગુજરાતે કરેલો પ્રતિરોધ વર્ણવાનો છે'' [૪૯]

નવલકથાનો પ્રારંભ સવંત ૧૦૮૨ની કાર્તિક સુદ એકાદશીના રોજનો બતાવાયો છે. પ્રાંત–પ્રાંતના લોકો ''જય સોમનાથ''નો પુણ્યઘોષ કરતાં પ્રભાસમાં પ્રવેશી રહ્યાં છે. સોમનાથના દેવાલયમાં નૃત્ય શાળાની અધિષ્ઠાત્રી ગંગાની પુત્રી બાલ નર્તકી ચૌલા મહાશિવપૂજા પ્રસંગે નૃત્ય કરી રહી છે. ત્યાં ભીમદેવની ઉપસ્થિતિ છે. એક વખત કાપાલિકે ચૌલાને ત્રિપુરસુંદરીના મંદિરમાં લઈ તેનો બલિ ધરવાના આશયથી તેને ઉપાડી હતી. પાટણના રાજા ભીમદેવે

કાપાલિકની ગળચી પકડીને મારી નાખ્યો. આ પ્રસંગથી ભીમદેવ અને ચૌલા પરસ્પર આકર્ષાયાં હતાં.

કાપાલિક કમોતે મરે તો નગરમાં વિપત્તિ આવી પડે એવી લોકવાયકા હતી. ત્યાં જ મૂળા રાઠોડ દ્વારા રાજા ભીમદેવને સંધિવિગ્રાહક દામોદર મહેતા સમાચાર આપે છે કે ગરજનનો હમ્મીર થાણેશ્વર લૂંટી, કનોજ ભાંગી, સોમનાથનું મંદિર તોડવા આવે છે. ભીમદેવ ઈશ્વરેચ્છા પર આધાર રાખે છે. હમીર સાથે બાણયુદ્ધ ખેલે છે. હમીર સાથે યુક્તિપૂર્વક યુદ્ધે ચઢવાનું ભીમદેવ વિચારીને રાજદરબારમાં ઘોષણા કરે છે. હમીર પ્રભાસપાટણ તરફ ચઢી આવે તેના કરતાં ભીમદેવ સેના સાથે પ્રભાસપાટણ આવે છે. અકથ્ય આવકાર દેવા ચૌલા ઊર્મિઘેલી થઈ. ભીમદેવમાં ચૌલાને શંકરનો સાક્ષાત્કાર થયો. હમ્મીરની સેનાએ પ્રભાસપાટણ પર આક્રમણ કરવાનો જોરદાર પુરુષાર્થ કર્યો પણ પ્રથમ હુમલામાં હમીર ફાવ્યો નહીં. ગંગસર્વજ્ઞ ચિંતાતૂર છે, ભીમદેવને આર્શીવચનો આપે છે. અનેક વખત હાર—જીત થયાં કરી.

નવલકથામાં ભીમદેવની સોમનાથના રક્ષણ માટેની યોજના વ્યૂહરચના બાલિશ લાગે છે. આવેલી સેના સામે રજપૂતો કશું જ કર્યા વિના ઉભા – ઉભા જોયા કરે છે. યુદ્ધની તૈયારીઓમાં ઘણી કચાશો રહી ગઈ છે. વર્ણનોનાં પુનરુક્તિઓ અને અત્યુક્તિઓનો પાર નથી.

કેટલીક ક્ષતિઓને ધ્યાનમાં ન લેતા ચૌલા, ગંગસર્વજ્ઞ, ભીમદેવ, ગંગા, સામંત વગેરે પાત્રોને ઉઠાવદાર બનાવ્યાં છે. કથાવસ્તુ ઐતિહાસિક રહ્યું છે. મુનશીએ ઈતિહાસના ગૌરવ ગરિમાને જાળવ્યાં છે. ભીમદેવનો સમય રજપૂતયુગ – તલવારનો યુગ. તેના રાજવીઓ, યૌદ્ધાઓ, સેનાનીઓમાં યુદ્ધપ્રેમ અને શૌર્યના દર્શન થાય છે. પોતાના ધર્મ માટે પ્રાણની આહુતિ આપતા ત્યારના યૌદ્ધાઓ લોકો અચકાતા નથી. મહમદ, ભીમની પરાક્રમવૃત્તિ પ્રશસ્ય બની રહે છે. બહાદુર દુશ્મનોની અપેક્ષા તેઓ રાખે છે.

''જય સોમનાથ''ની વિસંગતતા અને સિદ્ધિઓ વિષયક શ્રી મનસુખલાલ ઝવેરીનું અવલોકન નોંધવાલાયક લાગે છે :

> ''વસ્તુવિધાન, પાત્રાલેખન અને જીવનદર્શન ત્રણે દૃષ્ટિએ આ નવલકથા આમ ઘણી નબળી લાગે છે. દા.ત. ભીમદેવ જીવતો હોય તે છતાં ચૌલાને સતીનાં વસ્ત્રાભૂષણ પહેરાવીને ખરેખર ચિત્તાએ ચડાવવાની તૈયારી કરવામાં આવે છે સામન્ત એ વખતે ન આવ્યો હોત કે એને આવતા મોડુ થયું હોત તો ?..... સામન્ત ભીમદેવને જ્યારે ચૌલાની સાથે લગ્ન કરવાનો આગ્રહ કરે છે ત્યારે પોતાના ખંજરની અણીને ભીમદેવની છાતી સુધી લાવે છે. આમ કરવાની જરૂર

ન હતી........ છતાં આ નવલકથાના એક સબળ અંગ પર ધ્યાન આપ્યાં વિના ચાલે તેમ નથી. એ અંગ છે એનાં વર્ણનો અને કવિત્વપૂર્ણ સ્મરણચિત્રો. રણની આંધીનું વર્ણન હોય કે ઘોઘારાણાની પરાક્રમોજ્જવલ યશગાથા હોય, ચૌલાનું નૃત્ય હોય કે સોમનાથમાં પાછી આવતી હતાશ અને હતૌજસ ચૌલાની સ્મરણસૃષ્ટિ હોય : જ્યાં જ્યાં વર્ણન કરવાની તક મળે છે ત્યાં ત્યાં મુનશીની કલા રંગભેર ખીલ્યાં વિના રહેતી નથી. એ પ્રસંગો આપણી દ્દષ્ટિ સમક્ષ જાણે તાદશ્ય ખડા થઈ જાય છે. રણની રેતી જાણે ચારે તરફથી આપણને દઝાડતી ને ગૂંગળાવતી લાગે છે. ઘોઘારાણાની ગૌરવકથા સાંભળતાં – સાંભળતાં આપણી આંખો ભરાઈ આવે છે. ને ગંગસર્વજ્ઞ અને ગંગાનું અંતિમ મિલન અને હમ્મીરની સામે અડગ ઉભેલી ગંગસર્વજ્ઞની સ્વસ્થ, શાંત ને ભવ્ય મૂર્તિ આપણા હૃદયના ઊંડામાં ઊંડા મર્મોને સ્પર્શી જાય છે. ગાંડાને ઝનૂની શિવરાશિની આત્મવંચનાનું કટાક્ષમય આલેખન પણ મુનશીની વિશિષ્ટ સિદ્ધિ ગણાય.''[૫૦]

અહીં લેખકની શૈલી પ્રૌઢ, ગંભીર અને પ્રભાવક બની છે. નાટયાત્મકતાને બદલે વર્ણનાત્મક વધુ છે. શૈલી પાત્ર, પ્રસંગ, મનોભાવ, પરિસ્થિતિ – વાતાવરણ વગેરેને અનુરૂપ કેવાં નવલાં અને રૂચિર રૂપો ધારણ કરે છે, તેનું દર્શન ''જય સોમનાથ''માં થાય છે. ''જય સોમનાથ''માં ગુજરાતના પરાક્રમોને આકર્ષક રીતે આલેખવામાં આવ્યું છે. ગઝનીનો સૂલતાન મહમ્મદ સોમનાથ પર ચઢાઈ કરવાં આવે છે. આ સમાચાર મળતાં ભીમદેવ એનો સામનો કરવાં અણહિલપુર પાટણ તરફ રવાના થાય છે. બીજી બાજુ ઘોઘારાણાનો પુત્ર સજ્જન ચૌહાણ અને સજ્જનનો પુત્ર સામંત ચૌહાણ. ગંગ સર્વજ્ઞની આજ્ઞાથી શત્રુ સૈન્ય સામે આક્રમણ કરવાં નીકળી પડે છે. સામંત ચૌહાણ સિવાય ઘોઘારાણાનું આખું કૂળ બલિદાન આપે છે. બીજી બાજુ જૂનાગઢના રા' રત્નાદિત્ય, કચ્છના કમો લાખાણી, ત્રિલોચનપાલ પરમાર વગેરે રાજવીઓ પરાક્રમો બતાવીને વીરગતિ પામે છે, ભીમદેવ મરણતોલ ઘવાય છે. ધર્મ અને દેશના રક્ષણ માટે રજપૂતોએ જે શૌર્ય અને બલિદાનની ભાવના બતાવી છે તેનું આલેખન પ્રસ્તુત નવલકથાનું અનોખુ ઊજળુ પાસુ છે.

મહમ્મુદના આક્રમણો સામે રાજવીઓનાં અપ્રિતમ શૌર્ય સાથે ચૌલા અને ભીમદેવની પ્રણયોર્મિઓનું આકર્ષણ નિરૂપણ કૃત્તિની સફળતાનું અંગ છે. સામાન્ય રીતે અન્ય નવલકથાઓમાં પ્રથમ સ્ત્રી પુરૂષની સામે હોડમાં મૂકાય, પુરૂષને તિરસ્કારે વર્ચસ્વ જમાવે બાદ આવી જાજવલ્યમાન નારી–પુરૂષના ચરણને નમે એવું આલેખન મીનળ, મંજરી, મૃણાલ આદિ

નારીપાત્રોના સંદર્ભમાં કરેલું છે. અહીં ઉલટું ચૌલા વિના આનાકાનીએ ભીમદેવ પોતાની જાતનું સમર્પણ કરે છે. પાછળથી ભ્રમ ભાંગતા ચૌલા ભીમદેવને તિરસ્કારવાં લાગે છે, ભીમદેવના હાથ ચૌલાને ભયગ્રસ્ત લાગે છે, ભીમદેવ લાલચ આપે છે : ''ગાંડી તુ તો ગૂર્જરભૂમિની મહાદેવી છે, તારે ને નૃત્યને હવે શો સંબંધ ? (''જય સોમનાથ'') ત્યારે ચૌલાને રાણીનું પદ મોહ પમાડી શકતું નથી અંતે ભીમદેવને ઉત્સાહથી કહે નાખે છે :

''હું ભગવાનની નર્તકી છું.... મને પ્રભાસ મોકલો મારું વ્રત.....''$_{૫૧}$

ભીમદેવ સામે હાથ જોડીને ભીમદેવના પ્રણયોપચારથી બચવાં ચૌલા સોમનાથના મંદિરની છાયામાં રહેવાનું પસંદ કરે છે. મુનશી ચૌલાનો ભીમદેવ તરફનો પ્રણય, આત્મસમર્પણથી આરંભાઈ તિરસ્કારતી પ્રક્રિયા સુધીના પરિવર્તનને રસપૂર્વક આલેખે છે.

યુદ્ધના વર્ણનોમાં મુનશીની કલમ તેજીલી અનુભવાય છે. ચૌલાદેવીના નૃત્યોનું વર્ણન કરતું ગદ્ય નોંધપાત્ર છે આ રહ્યો એક નમૂનો :

> ''એનું નૃત્ય ..... ઝાંઝરને અવિરત ઝમકારે વેગે સરતી સરિતાની માફક તે સીધી ગર્ભદ્વાર સુધી આવીને મૃદંગનો કેકી શરૂ થયો. ચૌલાની નસોમાં રુધિરે વેગ પકડયો. એ ચૌલા નહોતી – પર્વત કન્યા હતી...... તેના પગ, તેના હાથ, તેની કેડ, તેની ડોક પૂજા કરતી પાર્વતીનો ભાવ બતાવી રહ્યાં, એના મુખ પર ઘેલી ભોળી પૂજારિણીનો ભાવ હતો. એની આંખો આતૂર વિહવળ ભક્તિભીની હતી. તેણે ઉભા રહીને, બેસીને, નમી નમીને પૂજન કર્યું...... ચૌલા અભિનય નહોતી કરતી. પાર્વતી બેઠી હતી. ને ન રીઝે તો ? ('નૃત્યાંજલી' : પ્રકરણ–૨)''$_{૫૨}$

મુનશી ચૌલાના નૃત્યને આકર્ષક શૈલીમાં વર્ણવે છે :

> ''અભિસારિકા સમી નર્તકી પૂજા કરે છે. પછી તે શિવને વીનવે છે. વળી તે ગોળને ગોળ ફરતી પ્રાર્થે છે. તેના અંગમાંથી લાલિત્યની સરિતા વહે છે. તેનું કરુણ ગીત આસ્તે આસ્તે નૂપુરો ગાય છે..... ભીમદેવ મહારાજ ગાંડા જેવા, ફાટે ડોળે, હાલવાની અશક આ આકૃત્તિ, આ નૃત્ય આ અભિનય જોઈ રહે છે''$_{૫૩}$

''જય સોમનાથ''માં સજ્જન ચૌહાણ અફાટ રણમાં મુસાફરી કરે છે તે વખતના તેનાં પ્રવાસનું વર્ણન મુનશીની અપ્રિતમ શૈલીની સફળતાસૂચક છે. જે રોમાંચક, દિલધડકન વર્ણન સમગ્ર નવલકથાની સર્જનશક્તિનું દ્યોતક છે (''જય સોમનાથ'')

આ સર્વ સિદ્ધિઓને કારણે ''જય સોમનાથ'' નવલકથા ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર ઠરી છે.

ડો. રમેશ એમ. ત્રિવેદીનું ''જય સોમનાથ'' અંગેનું સૂક્ષ્મ નિરીક્ષણ ઉલ્લેખનીય છે :

> ''આ કથામાં ગઝનીના મહંમદનું આક્રમણ, રાજપૂતોનું શૌર્ય, યુદ્ધવર્ણન, સોમનાથના મંદિરનો વૈભવ, ભીમ–ચૌલાનો પ્રણયપ્રસંગ, રણની આંધીનું વર્ણન, બેઉ બાજુના લશ્કરોનું વર્ણન, સજ્જન સામંત, ઘોઘરાણા અને તેમનાં કુળની પરાક્રમ કથા, ગંગસર્વજ્ઞની શ્રદ્ધાસભર શિવભક્તિ, ગરજનના હમ્મીરનું રોદ્ર વ્યક્તિત્ત્વ વગેરે મુનશીની રસળતી અને સ્ફૂર્તિલી શૈલીએ આલેખાયાં છે. તેથી કથા પ્રવાહ અસ્ખલિત વહેતો રહ્યો છે. મુનશી પહેલાં લખાયેલી ગુજરાતી ઐતિહાસિક નવલકથાઓને મુકાબલે આ નવલકથામાં મુનશીએ નોંધપાત્ર મૌલિકતા અને વિકાસ દાખવ્યાં છે.''[૫૪]

''ભગ્નપાદુકા''

(૧૯૫૬)

વાઘેલા વંશના ગુજરાતના છેલ્લા રજપૂત રાજા કરણ (કર્ણદેવ)ના રાજ્ય અમલ અને તેની પડતીને આલેખતી આ એક ઐતિહાસિક નવલકથા છે.

રાજા કરણ સાથે તેના મંત્રી માધવને કોઈ કારણસર થયેલ અણબનાવ વૈરની અગ્નિથી પ્રજવલ્લિત થયેલ માધવનું દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીને આમંત્રણ, અલાઉદ્દીન ખીલજીની પ્રેરણાથી તેના ભાઈ ઉલૂઘખાન અને વઝીર નુસરતખાનને ગુજરાત જીતવા આક્રમણ, તેમાં થતો કરણનો પરાજય, કરણનું ભાગી જવું, તેની પત્ની અને પુત્રીનું દુશ્મનોના હાથે કેદ થવું, વાળનાર માધવનું આખરે પતન થવું – ઈતિહાસની આ પ્રમુખ ઘટનાઓને મુનશીએ ''ભગ્નપાદુકા'' ઐતિહાસિક નવલકથા ગૂંથી છે.

પ્રસ્તુત કથા ઐતિહાસિક છે સાથે કલ્પનાસભર પ્રસંગો પણ વણી લીધા છે. કરણ, માધવ, કમલાદેવી, મલેક કાફૂર ઈત્યાદિ પાત્રો ઐતિહાસિક છે તો બાડા મહારાજ નવલકથાનું કલ્પિત પાત્ર છે. મુનશીએ આ પાત્રને ભવ્ય અને પરાક્રમો કરતું દર્શાવ્યું છે. પ્રસંગોમાં કરણદેવ અને માધવના અણબનાવનું કારણ મુનશી અલગ જ દર્શાવે છે. રાજ્યનો તમામ ખજાનો માધવ પોતાના ભાઈને સોંપે છે, પરિણામે કરણને તેની પાસેથી જરૂર પૂરતા પૈસા મેળવવામાં મુશ્કેલી ઊભી થતી. કરણની રાણી કમલાદેવીએ સોમેશ્વર મહાદેવનો પોઠિયો રૂપાનો બનાવવાની માનતા પૂર્ણ કરવા માધવ પાસે પૈસા માંગ્યા પણ માધવે તેનો ઈન્કાર કર્યો. આથી રાજાએ ગુસ્સે

થઈ કરણને બરતરફ કર્યોને બંને વચ્ચે વૈરના બીજ રોપીયાં. જેમાંથી ''ભગ્નપાદુકા''ની અન્ય ઘટનાઓ ઘટી.

''ભગ્નપાદુકા'' નવલકથાનો મુખ્ય ઉદેશ પરધર્મીઓના આક્રમણ સામે લોકો કેવું બળ દાખવે છે. પોતાની વિનાશકર્તા વહોરી લઈને પણ પોતાના ધર્મનું કેવું રક્ષણ કરે છે તે દર્શાવવાનો રહ્યો છે.

મુનશી આ નવલકથાના ઉદેશની નોંધ કરતાં કહે છે :

> ''મારે તો એ સમયે ગુજરાત પર પડેલી ભયંકર આપત્તિઓની પરંપરા અને તેનાથી નીસરતાં એના હૃદયનાં આક્રંદોની ઝાંખી કરવી – કરાવવી હતી''૫૫

મુનશી નોંધે છે :

> ''રજપૂતો ટેક રાખી પ્રાણાર્પણ કરતા ગયાં. આખરે એ હાર્યા તે એમનાં સમાજનાં, રાજ્યનીતિના અને યુદ્ધકલાના દોષોને લીધે. આ બધું સજીવન કરવાના થોડા પ્રયાસો પણ મેં કર્યા છે''૫૬

મુનશી આગળ નોંધે છે :

> ''ઘોર વિશાકતાની સામે અસહકાર આત્મસમર્પણને સ્વસરકારને વળગી રહેવાં મક્કમતાનાં અજય કોટ ચણ્યાં, તેને પરિણામે અત્યાર સુધી ધર્મ, સંસ્કાર, સાહિત્ય, પ્રણાલિકા, આદર્શને આત્મસિદ્ધિનાં આપણા માર્ગો સુરક્ષિત રાખ્યાં.
>
> આ કોટ ત્રણસો વર્ષોમાં કાલક્રમે હિંદુઓએ ગણ્યો. જ્યારે અલાઉદ્દીનના સૈન્યે ગુજરાત ફૂંકી મૂકવાની શરૂઆત કરી ત્યારે પણ લોકોએ પ્રતિરોધ કરી આત્મા સાચવ્યો. નહિ તો ગુજરાતમાં ધર્મ ને સંસ્કાર આજે છે તેટલે અંશે કાયમ રહે એ અસંભવિત છે.... એ પ્રતિરોધ કરવાના દુર્ધર્ષ પ્રભાવને મારી નવલકથામાં મૂર્ત કરવા મેં બાડા મહારાજને સર્જ્યા છે એવા બાવાઓને સાધુઓની પરંપરા વડે જ આપણા ધર્મને સંસ્કાર ટકી રહ્યાં છે – આ બધાના પ્રતીકરૂપે તેઓ મારી કલ્પનામાં મૂર્તિમંત થયાં.''૫૭

આ બાડા મહારાજના પાત્ર સાથે અસ્પૃશ્ય બાળા અનંગનાતા પ્રેમનું નિરૂપણ કરીને તે સમયની સ્પૃશ્યા–અસ્પૃશ્યની સામાજિક માન્યતાઓ અને તેમાંથી સર્જાતી સમસ્યાઓનું નિરૂપણ સુંદર રીતે કર્યું છે.

''જય સોમનાથ''માં મુનશીએ પાટણના પતનના વર્ણનમાં જે અસાધારણ કૌશલ દાખવ્યું છે તેવું કૌશલ અહીં પ્રતીત થતું નથી. નાટયશૈલીની નોંધપાત્ર સિદ્ધિ પૂર્વકાલીન નવલકથાઓની

સરખામણીએ અહીં જોવા મળતી નથી. ગુજરાતી સાહિત્યમાં પ્રથમ લખાયેલી ''કરણઘેલો'' ઐતિહાસિક નવલકથાનું વસ્તુ સોલંકીગાથાનું છે તેવું જ અહીં છે. મુનશીની સર્જકતા કરતાં આ કથા ઈતિહાસનો એક અવશેષ બની રહે છે.

''પૃથિવીવલ્લભ''

(૧૯૨૧)

''પૃથિવીવલ્લભ'' મુનશીની ''ગુજરાતનો નાથ'' પછીની યશોદાયી કૃતિ છે. પહેલી આવૃત્તિના પ્રકાશન વખતે મુનશી 'પ્રસ્તાવના'માં લખે છે :

> ''મુંજ તરફ અનેક નવલકથાઓ આકર્ષાય છે તેમ હું પણ આકર્ષાયો અને વર્ષો પહેલાં આ વાત લખવાનો વિચાર કરેલો''[૫૮]

નાટયાત્મક ઢબથી લખાયેલી ''પૃથિવીવલ્લભ'' મુનશીની ઐતિહાસિક એક સફળ નવલકથા છે. જે મુનશીએ ૧૯૨૧ માં લખી. 'મુંજરાસા' અને 'મુંજપ્રબંધ'માંથી ઈતિહાસ પ્રસિદ્ધ ઉપાદાન સામગ્રી લઈને સર્જકે આ નવલકથાનું સર્જન કર્યુ છે. ઐતિહાસિક વિષયવસ્તુને કલ્પનાનો પુટ આપીને પોતાની કલાત્મક ભાવનાનો સંસ્પર્શ કરાવીને એક ઉત્તમ, રમણીય, રચના મુનશીએ આપી છે. ઈતિહાસને વધુ વફાદાર રહીને પાત્રોને જીવંત બનાવવાં કલ્પનાનો સહારો લઈ નવલકથાને રસિક બનાવી શકયા છે. શ્રી બાબુ દાવલપુરા આ નવલકથાના મુખ્ય સૂત્રને દર્શાવતાં ઉચિત જ રીતે લખે છે જે ઉલ્લેખનીય છે :

> ''યુદ્ધમાં પરાજિત મુંજની પ્રભાવકતા–પ્રભુતા વિજેતા દેશનાં પ્રજાજનો પર, રાજા પર અને સૌથી વિશેષ તો આ અપૂર્વ વિજયની પ્રેરણામૂર્તિ રાજીવધાત્રી મૃણાલવતી પર દર્શાવીને તેની પૃથિવીવલ્લભતા પ્રસ્થાપિત કરવી, એ આ નવલકથાનું સંઘટનસૂત્ર છે''[૫૯]

રણમેદાન પર ચાલતાં યુદ્ધની નહિ પણ મનઅંતરની ભૂમિ પર ચાલતાં આંતરિક યુદ્ધની આ ગાથા છે. કથાફલક મર્યાદિત છે. નવલકથાનું કેન્દ્રિત પાત્ર માલવપતિ મુંજ તૈલંગણના રાજવી તૈલપને સોળ સોળ વખત હરાવે છે. છેલ્લીવારના યુદ્ધમાં મુંજ સાંમત ભીલ્લમના હાથે કેદ પકડાય છે, મુંજ અને તેની સાથે તેનો ભત્રીજો ભોજ (રસનિધિ) પણ કેદ થાય છે. તેને માન્યખેટમાં લાવવામાં આવે છે. તૈલપ પોતાને વારંવાર મળેલા પરાજયોનું પુરૂ વેર લેવા માંગે છે. તૈલપના રાજ્યમાં તેની વિધવા બહેન મૃણાલનું આધિપત્ય છે. એણે સમસ્ત પ્રજાને સદાચારને માર્ગે દોરવાં રાજ્ય સત્તા પર મોજશોખ પર બંધનો લાધ્યાં છે. તૈલપની પત્ની જક્કલા, તેની દીકરી વિલાસ, તેના સામંત ભીલ્લમની પત્ની લક્ષ્મી બધા જ આ બંધનોથી નારાજ છે, પણ તેના

પ્રભાવથી દબાય છે. મૃણાલે નીતિ અને સંયમનું તો માત્ર ઉપરથી જ બખ્તર પહેર્યું છે. અંદરનો આત્મા તો રસિકતા માણવા તલસે છે. વિધવા હોવાથી તેને દબાવી દીધુ છે. મુંજ તેના સંપર્કમાં આવે છે મુંજ પોતાના રૂપની, પોતાની નીડરતાથી મૃણાલને પોતાને ત્યાં આવતી જતી કરે છે. પ્રારંભમાં તિરસ્કારતી, ધિક્કારતી મૃણાલ પ્રેમકલામાં કુશળ એવા પૃથિવીવલ્લભથી જીતાય છે. પ્રેમની આવી વિલક્ષણ તાસીર ''પૃથિવીવલ્લભ''માં આલેખાઈ છે.

ડૉ. મધુસુદન પારેખ નોંધે છે :

> ''ગુજરાતનો નાથ'' નવલકથા ૧૯૧૮ માં પૂરી થઈ. એ વખતે મુનશીનું ચિત્ત ભારે દ્વિધામાં સપડાયેલું હતું. એમના જીવનના મનોરથ પૂર્ણ કરે તેવી સહચરીની એમની ઝંખના અતૃપ્ત હતી. એમની એ મથામણમાંથી ''પૃથિવીવલ્લભ'' વાર્તા ઉદ્‌ભવ પામી. મુનશી લખે છે : ''પૃથિવીવલ્લભ'' આમ આત્મકથાનું એક પ્રકરણ બને છે. મૃણાલ એ આ ખેંચતાણની એક બાજુ, મુંજ બીજી બાજુ. મૃણાલ હારી એનો અસત્કારયેલો શુષ્ક વૈરાગ્ય ગુલામગીરીની જંજીર સમો શમી ગયો. મુંજ વિજયી થયો. 'પૃથિવીવલ્લભ' મારા હદયની જ્વાલામાંથી સર્જાયેલી છે અને તેથી જ તે જીવંત છે. મારી બધી વાર્તા કરતાં એ વાર્તામાં વધારે કલાત્મકતા છે. એમ કેટલાક માને છે''[૬૦]

વિજયી મુંજ જેવું પાત્ર ''પૃથિવીવલ્લભ''માં મુનશીએ ઉપસાવ્યું છે જે એની અપૂર્વ સિદ્ધિ છે. મુંજનું વલ્લભત્વ અનોખુ હતું. આ મુંજ ભોંય પર હોય, કાષ્ટપિંજરમાં હોય, કેદ થયેલ હોય કે કોઈ પણ કષ્ટ–પીડા સહન કરતો હોય..... તેની એક એક પળ જીવનનો રસ માણવામાં વીતે છે. આવા સંદર્ભમાં શ્રી બાબુ દાવલપુરા યથાર્થ જ નોંધે છે તેમાં પણ સહમતિ નોંધવવી જ રહી :

> ''સુખમાં ને દુઃખમાં, વિજયમાં ને પરાજયમાં, સમરાંગણમાં ને સંવનનમાં, જીવનમાં ને મૃત્યુમાં પણ સમતા – સ્વસ્થતા જાળવી રાખતો મુંજ અમુક અંશે ભગવતગીતાના સ્થિતપ્રજ્ઞ જેવો લાગે છે. પ્રિયતમા મૃણાલને જાણે ભેટતો હોય એટલા જ આનંદથી મૃત્યુને ય સહજ સ્વાભાવિક રીતે ભેટતો મુંજ મૃત્યુંજય બની રહે છે. હાથી પાસે જતાં તે ક્ષણવાર ખંચાય છે ત્યારે તૈલપના હદયમાં આશા જન્મે છે કે મુંજ મૃત્યુથી ગભરાઈ જશે. પણ મુંજ ખંચાયો તે એ વિચારને કારણે કે હવે 'બિચારી સરસ્વતીનું શું થશે ?'...... મૃત્યુની વેદના તેને લેશમાત્ર સ્પર્શી શકતી નથી''[૬૧]

કથામાં નાનકડા પ્રવેશક દ્વારા મુંજ અને તૈલપ વચ્ચેની રાજકીય સ્પર્ધા અને તેમાંથી જન્મેલો સંઘર્ષ ભૂમિકારૂપે નિરૂપીને મુનશી સીધા મુંજ–મૃણાલના પ્રણયના મુખ્ય કેન્દ્ર તરફ જ ગતિ થાય તેવા ઉપાડ તરફ વળે છે. બંને વચ્ચે થતી વારંવારની મુલાકાતો, ઘાત–પ્રત્યાઘાતો, મુંજને અપમાનિત કરવાના અનેક પ્રયોગો વગેરે આ કથાને રસિક બનાવે છે. અંતે વિલાસનું મૃત્યુ, ભિલ્લમનો બળવો, મૃણાલનો ખુલ્લો તિરસ્કાર અને બદનામી, મુંજનું તૈલપના હાથે – હાથીના પગ તળે અકાળ મૃત્યુ જેવાં અનેક નાટયાત્મક પ્રસંગોની હારમાળાની ગૂંથણી, નવલકથાની સુગ્રથિત, સઘનતાને સૂચવે છે.

ઓછામાં ઓછા શબ્દોમાં છટ્ટાદાર સંવાદોનું આયોજન કરવું એ મુનશીની અહી પ્રભાવકતા વર્તાય છે. પ્રસંગ નિરૂપણની રસિકતા એ પણ મુનશીની આ નવલકથામાં ખૂબી જોવાં મળે છે. સર્જકની વર્ણનક્ષમતાનો કસબ અનોખો રહ્યો છે. જેમ કે રાજકેદી મુંજના દેહસૌંદયની અપૂર્વતા અને તેના વ્યક્તિત્ત્વની પ્રભાવકતાને દર્શાવવાં. સવારીના પ્રસંગમાં મુનશીએ યોજલાં કલ્પન – અલંકારો –

> ''શંકરશા વિશાળ ખભા' (પૃ : ૨૫) 'ફણીધરની ફણા' (પૃ : ૨૫) જેવી ભરેલી લાંબી ડોક 'મત ગજેન્દ્ર'ના જેવી મલપતી ચાલ''[૬૨]

દયાનાર્હ છે.

ઓછા સમયમાં વધું પ્રસંગોને ગૂંથી લઈને કથાનકને પ્રભાવશાળી બનાવવું એ મુનશીની નવલકથાકાર તરીકેની વિશિષ્ટ લાક્ષણિકતા અહીં દેખાયા વિના રહેતી નથી. ઓછા વ્યાપમાં મુનશીની સર્જકત્ત્વની વિશિષ્ટતા અનેરી છાપ ઊભી કરે છે. જીવંત પાત્રસૃષ્ટિ નવલકથાની સફળતાનું મહત્વનું અંગ બની રહે છે. વિધવા અને કદરૂપી મૃણાલને સુંદર હદય આપીને મુંજની પ્રણયલીલામાં આત્મસમર્પણ કરતી નિરૂપી શકયાં જે સર્જકની કથાસિદ્ધિ છે. રસનિધિ – વિલાસના પાત્રયુગલ કથામાં અલપઝલપ છે છતાં વિલાસનું મૃત્યુ અસહ્ય બની રહે છે. એ તો નિઃશંક છે. નીતિ અને રસિકતા વચ્ચેનો સંઘર્ષ આ નવલકથાનું આકર્ષણ કેન્દ્ર બની રહે છે. એ પણ ન ભૂલવું જોઈએ કે.... સરસ, સચોટ, સંક્ષિપ્ત સંવાદો – ભાષાશૈલીને કારણે ''પૃથિવીવલ્લભ'' એક 'ઊર્મિકાવ્ય'નું સ્વરૂપ ધારણ કરીને વાચક વર્ગ સામે વિહરે છે. શ્રી મનસુખલાલ ઝવેરીનાં મંતવ્ય અનુસાર આ કથા :

> ''આમ, વસ્તુતઃ મુંજનાં લોકોત્તર વ્યક્તિત્ત્વના વિજયની કથા છે. એ વ્યક્તિત્ત્વ એટલે સુખ અને દુઃખ, હર્ષ અને શોક, જય અને પરાજયમાં સ્વસ્થ અને સમદર્શી વૃત્તિ, બીજા શબ્દોમાં કહીએ તો સ્થિતપ્રજ્ઞતા''[૬૩]

મુનશીની નવલકથાઓના ઊંડા અભ્યાસી શ્રી દીપક મહેતા પણ ''પૃથિવીવલ્લભ'' અંગે પોતાના મંતવ્યો ટાંકતાં લખે છે :

> ''પૃથિવીવલ્લભ''માં તૈલપ અને મૃણાલવતીને સંયમના પ્રતિનિધિ તરીકે અને મુંજને ઉલ્લાસના પ્રતિનિધિ તરીકે રજૂ કરી તેમણે મુંજના પાત્ર દ્વારા જીવનના ઉલ્લાસનો વિજય થતો બતાવ્યો અને મૃણાલવતીને મુંજના પ્રેમને અંતમાં સહર્ષ સ્વીકારતી નિરૂપી. તેમાં આપણા કેટલાક વિવેચકો અને વિચારકોને ઉન્નત જીવનભાવનાઓનો દ્રોહ જણાયેલો અને તેથી થોડો વખત ''પૃથિવીવલ્લભ'' સાથે વિરોધનો વાવંટોળ ઊઠેલો.
>
> અને છતાં ''પૃથિવીવલ્લભ'' મુનશીનું એક મનોહર ગદ્યકાવ્ય છે. પ્રમાણમાં ટૂંકા પટમાં પણ મુનશીની નવલકથાકાર તરીકેની શક્તિઓ આ કૃત્તિમાં આકર્ષક રીતે વ્યક્ત થઈ છે. નાટક અને ચિત્રપટરૂપે પણ આ કૃત્તિ એક જમાનામાં ખૂબ લોકપ્રિય થઈ હતી''[૬૪]

વિદ્વાનોના ઉપર્યુક્ત વિધાનો સાથે સહમતિ નોંધાવવી પડે.

''ભગવાન કૌટિલ્ય''

(૧૯૨૩)

મહાપદ્મ નંદ પાસેથી ચંદગુપ્તને મગધની ગાદી પાછી અપાવનાર વિષ્ણુગુપ્ત ઉર્ફે કૌટિલ્યની પ્રભાવશાળી વ્યક્મિત્તાની આ નવલકથા છે.

મહાપદ્મ નંદના રાજ્યમાં બ્રાહ્મણો, તપ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, વિદ્યાનું અપમાન થયાં કરતું. તેથી, કૌટિલ્ય (ચાણકય) હાથીએ ચઢી પાટલીપુત્રમાં પ્રવેશ કરે છે. ત્યારે નંદના રાક્ષસે તેનું અપમાન કર્યું એટલે કૌટિલ્ય ક્રોધે ભરાઈ છે અને રાજાનાં ભૂતપૂર્વ અમાત્ય અને આચાર્ય ગુરૂ શકટાલને ઘરે ધામા નાખે છે. કૌટિલ્ય બુદ્ધિપૂર્વક સેનાજિતની વાગ્દત્તા ગૌરી સાથે પ્રેમાલાપમાં રોકી રાખીને ચંદગુપ્તને નસાડે છે. કૌટિલ્ય પાટલિપુત્ર છોડીને નૈમિષારણ્યમાં જાય છે. સેનાજિત તેનો પીછો કરીને ત્યાં જાય છે પણ નૈમિષારણ્યમાં પવિત્ર વાતાવરણમાં સેનાજિતનું હૃદય બદલાય જાય છે. આ નવલકથાના પૂર્વાર્ધમાં નંદ દ્વારા અપમાનિત થયેલ આચાર્ય વિષ્ણુગુપ્ત ઉર્ફે કૌટિલ્યના વ્યક્તિત્ત્વ અને તેના પ્રભાવની લગ્નની કથા વણાયેલી છે.

બીજી બાજુ સેનાપતિ અને ગૌરીના લગ્નની કથા છે. રાજઆજ્ઞાથી શકટાલ તેની પુત્રી ગૌરીના વિવાહ સેનાજિત સાથે સ્વીકારે છે પણ કૌટિલ્ય ગૌરીના પિતા શકટાલને ત્યાં ધામા નાખ્યા પછી ગૌરીનું મન કૌટિલ્ય–ચાણકયની શક્તિ અને સામર્થ્યને પણ આકર્ષે છે. પિતા

શકટાલ પણ ગૌરી કૌટિલ્યની ભાવિ પત્ની બને એવા સ્વપ્ના સેવી રહ્યાં છે. ગૌરી દ્વિધામાં મૂકાય છે. એકબાજુ સેનાજિત પ્રત્યેનો અનુરાગ છે તો બીજી બાજુ કૌટિલ્ય તરફનું આકર્ષણ છે. એક દ્વિધાના ઉકેલ માટે ગૌરી વારાંગના કોશાને ત્યાં રહેતાં પોતાના ભાઈ સ્થૂલિભદ્ર પાસે જાય છે. અંતે નૈમિષારણ્યમાં સેનાજિત અને કૌટિલ્યનો ભેટો થાય છે અને સેનાજિતને નૈમિષારણ્યનું સાત્વિક શાંત વાતાવરણ સ્પર્શી જાય છે અને તેનો હદય પલટો થાય છે. ત્યાં કૌટિલ્ય જ સેનાજિત સાથે ગૌરીના લગ્ન કરી આપે છે અને કથા અહીં પૂર્ણ થાય છે. ઉત્તરાર્ધમાં નૈમિષારણ્યનું પવિત્ર, શુદ્ધ પુરાણ પ્રસિદ્ધ વાતાવરણ અને ભગવાન વેદ–વ્યાસના પુણ્યપ્રભાવથી પ્રેરિત પૌરાણિક ઋષિ સંસ્કૃતિનું નિરૂપણ મુનશીએ કર્યું છે.

''ભગવાન કૌટિલ્ય''માં પાત્રોને આલેખવાનો કસબ અને કેટલીક પાત્રલક્ષી સંકુલતા બંને જોવા મળે છે. આ નવલકથામાં કૌટિલ્ય સર્વજ્ઞ, શક્તિશાળી સામાન્ય માનવ ન રહેતા મહામાનવ – નરપુંગવ તરીકે મુનશીજીએ આલેખ્યાં છે. બ્રાહ્મણ સંસ્કૃતિની જાળવણી માટે બધું કરી છૂટે છે. પ્રભાવશાળી આવા વ્યક્તિત્ત્વ વિશેષ સામે અનેક યુવતીઓ પણ આકર્ષાય છે. એવું જાજવલ્યમાન આ પાત્ર સર્જકે ઉપસાવ્યું છે. મુંજ, મુંજાલ, પરશુરામ જેવા પાત્રોની તોલે મૂકી શકાય એવું આ પ્રતાપી પાત્ર સર્જકે આલેખીને નવલકથાને સફળ બનાવી છે. વ્રકનાસ કૌટિલ્યની પડખે રહી પ્રતિનાયકનું કામ કરે છે. નંદનો અમાત્ય કૌટિલ્યને હંફાવવા વ્યૂહરચનાની જાળ ગૂંથ્યે જ જાય છે અને કુટિલ, ભયંકર, દુષ્ટ પાત્ર તરીકે વક્રનાસનું પાત્ર ઉઠાવ પામ્યું છે. વિલાસી, વિષયી, લોભી, ઉતાવળિયા, લંપટ રાજવી તરીકે નંદ સ્મરણીય પાત્ર બની રહ્યું છે. વીરતા અને હદયની ભીનાશ ભોળાશવાળુ પાત્ર સેનાજિતનું છે. વિલાસી પણ ચબરાક મૈનાકિ અને પ્રણયોત્સાહી ગૌરીના સ્ત્રીપાત્રો પણ પૂર્ણ રૂપવાળા બન્યાં છે પણ ચંદગુપ્તના નાસી છૂટયા પછી મૈનાકિનું શું થયું ? સ્થૂલિભદ્રનું શું થયું ? કોશાની વિનંતીનો સ્વીકાર થયો ? કૌટિલ્ય ગૌરીનો પ્રણય સ્વીકારે છે કે કેમ ? આ બધું અનુત્તર જ રહે છે.

પણ પાત્રોનો વાર્તાલાપ જીવંત અને રસિક બન્યો છે. 'સેનાજિત', 'અજ્ઞાતકેદી', 'મૈનાકીની તબીયત સુધરી જાય છે', 'જેમા સંનિધાતાને ખાતરી થાય છે', 'અર્ઘ્ય', 'ગૌરી નૈમિષારણ્ય જવા નીકળી' જેવા પ્રકરણોમાં કથાવસ્તુ સંવાદોથી આગળ વધે છે અને પાત્રોના વ્યક્તિત્ત્વની રેખાઓ એ વાર્તાલાપોમાં સ્પષ્ટ થાય છે. આમ, નિરૂપણ પદ્ધતિ નાટયાત્મક બની રહી છે. વાતાવરણ ચિત્રો અને વર્ણનક્ષમતા આ નવલકથાના સફળતાના અંગો છે. 'નૈમિષારણ્ય' (''ભગવાન કૌટિલ્ય'' પ્રકરણ – ૩૩) નું વર્ણન આબેહૂબ મુનશી કરે છે. સરીતાનો પ્રવાહ, નાની ટેકરીઓ, ધુમાડાની સેરો, ઘંટનાદનો મીઠો નાદ, મંત્રોચ્ચારનો

પ્રેરણાવાહક ધ્વનિ વગેરેનું વર્ણન રમણીય હતું. જે સમગ્ર વર્ણનો ચિરસ્મરણીય, ચિત્તાકર્ષક બની રહે તેવા સર્જકે ઉપસાવ્યાં છે.

નવલકથાના પૂર્વાર્ધમાં ચિત્રાત્મક, નાટયાત્મક અને ઘટનાપ્રધાન નિરૂપણ રીતિનું વિશેષ છે તો ઉત્તરાર્ધમાં વર્ણનપ્રધાનતા રીતિનો ઉપયોગ સફળદાયી થયેલો છે. એકંદરે કૌટિલ્યનું વ્યક્તિત્ત્વ અને તેના પ્રભાવનો પરિચય આ નવલકથાનું વિશેષ આકર્ષણ છે.

→ ઐતિહાસિક નવલકથાઓની સિદ્ધિઓ અને મર્યાદાઓ :

ઐતિહાસિક પ્રસિદ્ધ વિષયવસ્તુ પર રચાયેલી નવલકથાઓમાં મુનશીની સિદ્ધિઓ અને મર્યાદાઓ બંને દૃષ્ટિગોચર છે. ઐતિહાસિક નવલકથાઓમાં ''ગુજરાતનો નાથ'', ''પૃથિવી–વલ્લભ'', ''જય સોમનાથ'' અને ''ભગવાન કૌટિલ્ય'' વિશેષ સિદ્ધિઓ સાંપડેલી હોય તેવું દેખાય છે. એ કૃત્તિઓ વાર્તા રસિકો, વિદ્વાનો, વિવેચકોને પણ સતત આકર્ષતી રહી છે. ગુજરાતના ખૂણેખૂણે ઐતિહાસિક સાહિત્યકાર તરીકે મુનશીની કીર્તિ વ્યાપક ફરી વળી હતી. નરસિંહરાવ દિવેટિયા જેવાં વિવેચકે તો ''ગુજરાતનો નાથ'' ને ''સરસ્વતીચંદ્ર''ની સાથે સરખાવી. એમના પ્રત્યે આદરથી જોનારાં નવીનો એ તો મુનશીને ગોવર્ધનરામના સમોવડિયા કરતાંય તેનાથી એક ડગ આગળ ચડિયાતા લેખક ગણવા લાગ્યાં. ઐતિહાસિક નવલકથાઓમાં, ધસમસતો, આકર્ષક, રસિક કથાપ્રવાહ, પ્રસંગોના આલેખની સુગ્રથિતતા, પાત્રોની જીવંતતા, પાત્ર અને પરિસ્થિતિગતજન્ય બાહ્ય આંતર–સંઘર્ષો, સંક્ષિપ્ત પણ ચોટદાર સંવાદો, નાટયતત્વની સભરતા, કલા ખાતર કલાવાળું આનંદલક્ષી સર્જન, પ્રત્યક્ષ કરી આપે તેવા વાતાવરણની જમાવટ – આ સર્વ તત્વો રંગદર્શી પ્રકૃત્તિવાળા મુનશી ઐતિહાસિક નવલકથામાં સર્જી શકયાં છે. એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

ઉપર્યુક્ત સિદ્ધિઓની સાથે મુનશીની આ કથાઓ વિષયક કેટલીક ફરિયાદો પણ રહી છે. એની ચર્ચા કરતાં પૂર્વે ઈતિહાસના ઊંડા અભ્યાસી શ્રી 'દર્શક'નું મંતવ્ય નોંધવાલાયક લાગે છે :

> ''ઐતિહાસિક નવલકથાકારે માત્ર રસનો ખ્યાલ રાખવાનો નથી હોતો, ઐતિહાસિક રસને સર્જવાનો હોય છે. આ રસ ઈતિહાસને અવગણીને પ્રગટ કે પ્રત્યક્ષ થઈ શકે નહિ. ઐતિહાસિક નવલકથા લેખક પોતાને નવલકથામાં યુગચેતના યુગસંકેતને જો રજૂ કરી શકે તો પોતાનું કામ સફળતાથી કર્યું કહેવાય. હકીકતો વિશે ભલે એટલો આગ્રહ ન રાખે''$_{૬૫}$

મુનશીની ઐતિહાસિક નવલકથાઓમાં વ્યક્તિગત પૂર્વગ્રહો પોતાના મંતવ્યો, વલણો, સાહિત્યિક ઊણપો જોવા મળે છે. પાત્રોના અસલ ગૌરવ, લોક પ્રસિદ્ધ વ્યક્તિત્ત્વની ગરિમાને

ખંડિત કરીને ગુજરાતીકરણ કે કલ્પનાના રંગે પાત્રોને રંગ્યા છે. ઓછા પ્રસિદ્ધ કે પોતાના કાલ્પનિક પાત્રોને વધું પડતું મહત્વ આપ્યું છે. ઉપર્યુક્ત ઈતિહાસના શાસ્ત્રીય દ્રષ્ટિકોણથી જો પાત્રો અને પ્રસંગોને મૂલવવામાં આવે તો ઐતિહાસિક વાતાવરણનો સ્પર્શ મહદઅંશે જ થયો છે એ પણ સ્વીકારવું પડે. મુનશીએ ઈતિહાસની સુપ્રસિદ્ધ ઘટનાઓ અને પાત્રોના નિરૂપણના ઐતિહાસિક તથ્યોને જાણે મરડી–મરડીને રજૂ કર્યા હોય તેવું લાગ્યા વિના રહેતું નથી.

સાહિત્યકાર તરીકે મુનશી 'રોમેન્ટિસિઝમ'ના પુરસ્કર્તા હતાં. તેથી તેમની નવલકથાઓમાં રોમેન્ટિક વલણો પ્રધાનપણે જોવાં મળે. આત્મલક્ષી સંવેદનાઓની ઉત્કટા–ઊર્મિલતા અને કથનકલાની મુનશીમાં સારી એવી ફાવટ હોવાને કારણે ઐતિહાસિક નવલકથાઓ વાચનક્ષમ તો બની જ રહી છે પણ પાત્રો–પ્રસંગોનું ઐતિહાસિક વાતાવરણ અલ્પાંશે જમાવી શકયાં છે. સર્જક નિયત્તિકૃત નિયમ રહિત હોય છૂટછાટ લઈ શકે છે પરંતુ પાત્રોના વૃત્તિવલણો, આચારવિચારો, ભાવનાઓ, આદર્શો માનસ–દર્શક કહે છે એમ તેમના જમાનાના હોવા જરૂરી છે. અહીં મુનશીનાં પોતાના છે. ટૂંકમાં સર્વજનવિદિત સત્યને તદ્દન ઉલાળીને–ફેરવીને આલેખવામાં આવે ત્યારે રસભંગ થાય. આમ કાલવ્યૂત્ક્રમનો દોષ ઐતિહાસિક નવલકથાઓમાં રહી જતો જોવા મળે છે. આ નવલકથાઓ પર ડૂમાની અસર છે જેનો સ્વીકાર કરતાં મુનશી લખે છે : ''આ જ વર્ષોમાં ડૂમાની કથાઓ મેં વાંચવા માંડી અને મારી આંખો આગળ નવી સૃષ્ટિ રચાવા માંડી. ડૂમા મારે મન એક નવલકથાકાર નથી, મારી કલ્પનાસૃષ્ટિની એ એક વિધાતા છે.... કથા લખવાની કલામાં ડૂમા મારો ગુરૂ છે. ડૂમાની કલા (દાર્તાન્યા, આથોસ, મિલાડી, બ્રાઝિલોન, દલા વિલિયોર)ના પરિચયથી બાળપણથી મારામાં રહેલી કથાકારની કલાને સ્વરૂપ મળ્યું, તેજ મળ્યું, પ્રેરણા મળી : મેં ઈરાદાપૂર્વક એનો અનુભવ કર્યો નથી ને પાત્ર કે વસ્તુનું અનુકરણ જાણીને કર્યું નથી. પણ ડૂમાની કલાની અસર મારી કૃત્તિઓમાંથી ગઈ નથી. (''અડધે રસ્તે'' પૃ : ૧૩૮, ૧૩૯) છતાં ઐતિહાસિક નવલકથાઓમાં વાર્તાનો ધસમસતો રસિક પ્રવાહ અને વાર્તાગૂંથણીમાં ઉપર્યુક્ત મર્યાદાઓ ઢંકાઈ જાય છે. એ પણ કહેવું પડે કે.... પુરોગામી અને સમકાલીન ઐતિહાસિક નવલકથાકારોની સરખામણીમાં મુનશીની ઐતિહાસિક નવલકથાઓનાં વાચકની જીજ્ઞાસા સતત સંકોરાતી રહી છે. વાચકવર્ગની કુતૂહલવૃત્તિને જકડી રાખે છે. ઓછા સમયમાં વધુ ઘટનાઓને આવરી લઈ નાટયાત્મક પરિસ્થિતિઓ સર્જીને ભાવની ઉત્કટ, અસરકારક અભિવ્યક્તિને સાધી શકયાં છે, ચિંતનાત્મક ભારણને ઘટાડયું છે. કલા ખાતર કલાના પ્રવર્તક મુનશી ભોમિયા બનવાને બદલે રસપ્રદ મનોરંજનક્ષમ કથાનું જ સર્જન કરે છે. વિષયવસ્તુના કૌતુકરાગી વલણોનું પ્રાધાન્ય છે. રસોની

વૈવિધ્યભરી સૃષ્ટિ નિર્માણ કરી શકયાં છે. માટે જ તો મુનશીની ઐતિહાસિક નવલકથાઓનું ઊંડું અધ્યયન કરનારા મર્મજ્ઞ અભ્યાસી શ્રી બાબુ દાવલપુરા પૂરા આત્મવિશ્વાસ સાથે પોતાનું મંતવ્ય આપે છે :

> ''ગુજરાતનો નાથ'' અને ''પૃથિવીવલ્લભ'' જેવી તેમની સાહિત્યિક વિત્ત ધરાવતી ઐતિહાસિક કથાઓ સાહિત્યરસિકોને આજેય આકર્ષી શકે એવી અભ્યાસક્ષમ છે''[૬૬]

મુનશીની આ કથાની રસકીય ક્ષમતા અને ચિરંજીવીતાને ઉલ્લેખતા શ્રી દાવલપુરા નોંધે છે :

> ''મુનશીએ કંડારેલી ઐતિહાસિક રંજનકથાની આગવી કેડી આજે એક અતિ વિશાળ રાજમાર્ગ જેવી બની ગઈ છે''[૬૭]

શ્રી બાબુ દાવલપુરા અભ્યાસીઓને ટકોર કરતાં લખે છે :

> ''મુનશીની ઐતિહાસિક કથાઓનું પુનમૂલ્યાંકન કરવા માગતાં અભ્યાસીઓએ ખાસ તો એ તપાસવાં જેવું છે કે આ કથાઓ અધિકારી ભાવકને બ્રહ્માનંદસહોદર એવા લોકાત્તર આનંદનો – મુનશીની રીતે કહીએ તો 'સરસતા'નો – અનુભવ કરાવવાની રસકીય ક્ષમતા ધરાવે છે''[૬૮]

એકંદરે, શ્રી મુનશી, ઐતિહાસિક નવલકથાઓના નિર્માણ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતની અસ્મિતાના શ્રેષ્ઠ પુરસ્કર્તા રહ્યાં. ઐતિહાસિક નવલકથાના મોટા ગજાના નવલકથાકાર કહી શકાય. પણ કલાની દૃષ્ટિએ વાસ્તવિક નિરૂપણ, પાત્રોની આંતરિક–ચૈતસિક પ્રવાહના દર્શનનો અભાવને કારણે મહાન નવલકથાકારથી થોડા ઊણા ઉતરે છે. ઈતિહાસમાંથી કલાત્મક ઉચ્ચતા સધાણી હોત તો મુનશીનું સ્થાન ગુજરાતના સર્વકાલીન પ્રતિભાશાળી કલાકારોમાં હોત.

ઈતિહાસ ઐતિહાસિક નવલકથા અને એ વિશે મુનશીના ઊંડા ચિંતક શ્રી પ્રમોદકુમાર પટેલ નોંધે છે :

> ''ઈતિહાસના અમુક તબ્બકે યુગવિશિષ્ટ મનોભૂમિકાઓનો ખાસ વિચાર તેમણે કર્યો નથી,.... માનવ સ્વભાવના સનાતન તત્વો પર જ તેમની કથાસૃષ્ટિ નિર્ભર રહે છે... એટલા માત્રથી ઐતિહાસિક કૃત્તિ નિર્માણ થઈ જાય એવું નથી એ એ માટે તો અમુક યુગવિશિષ્ટના સામાજિક ઐતિહાસિક પરિબળોનો પ્રભાવ જીલતા યુગ વિશિષ્ટ માનસવાળાં પાત્રો નિર્માણ થવાં જોઈએ... અને નવલકથાના

સ્વરૂપને સમગ્રતયા સ્પર્શતાં મુદાઓ તો તેમણે છેડયા જ નથી. એટલે એ રીતે ઐતિહાસિક નવલકથાઓની તેમની વિભાવના ઘણી સીમિત રહી ગયેલી દેખાય છે''૬૯

તેમ છતાં ચંદ્રકાન્ત મહેતાના અવલોકન સાથે પણ સહમત થવું પડે છે :

''શ્રી મુનશી આપણા સાહિત્યમાં ઐતિહાસિક કૃતિઓમાં સમકાલીન ભાવના ગૂંથવાં માટે અને એથી ઐતિહાસિક કૃતિઓનો સમય અને પોતાનો સમકાલીન સમય એ બેની સેળભેળ કરવાં માટે જાણીતા રહેશે. એમની કૃતિઓએ ઈતિહાસ નિરૂપણની એક નવી દિશા સુઝાડી. એ દિશા બરોબર હતી કે નહિ એ તો કાળ જ કહેશે''૭૦

→ મુનશીની પૌરાણિક નવલકથાઓ :

''લોપામુદ્રા'' – ભાગ–૧
(૧૯૩૩)

મુનશીને વેદ–પુરાણની સંસ્કૃતિને આલેખવાની ઈચ્છા થતાં એક મહાનાટક સ્વરૂપે લખવાનો સંકલ્પ કર્યો. એ હેતુસર ૧૯૨૨ માં ''પુરંદર પરાજય'', ૧૯૨૩ માં ''અવિભક્ત આત્મા'', ૧૯૨૪ માં ''તર્પણ'' અને ૧૯૨૯ માં ''પુત્ર સમોવડી'' એ ચાર નાટક પ્રગટ કર્યા. ૧૯૩૩ માં એ જ મહાનાટકના ઉપોદઘાતરૂપે પાછળથી મહર્ષિ વિશ્વામિત્ર તરીકે પ્રસિદ્ધ થયેલાં વિશ્વરથના બાલ્યાવસ્થાના પ્રસંગોની સામગ્રી પર આધારિત નવલકથા ''લોપામુદ્રા'' – ભાગ–૧ ('વિશ્વરથ') પ્રકાશિત થઈ હતી. અહીં નવલકથાનું સ્વરૂપ પસંદ કરવા પાછળનું કારણ, 'આમુખ'માં જણાવતાં મુનશી નોંધે છે :

''પહેલો ખંડ નાટકમાં સારી રીતે નહીં જાય એમ લાગવાથી તેને નવલકથારૂપે લખ્યો છે, બીજો અને ત્રીજો બે નાટક રૂપે પ્રગટ થશે''૭૧

જેના પછીના ત્રણ ભાગ 'શંબર કન્યા', 'દેવે દીધલી' અને 'ઋષિ વિશ્વામિત્ર' એ ત્રણ નાટકોરૂપે લખાય એ 'વિશ્વરથ' ના વૃતાંતની આ નવલકથા છે. લોપામુદ્રા આર્યસંસ્કારને જન્મથી નહિ પણ આચરણથી મેળવવામાં માને છે, તે જ સાચો આર્ય તેનો આગ્રહ રહ્યો છે, તૃત્સુ જાતિના રાજા દિવોદાસ આર્યોના રાજા હતાં. તે ઘણા પરાક્રમી અને ઉદારકતા દસ્યુના રાજા શબ્બર, દિવોદાસ અને રાજા શબ્બર વચ્ચે રહેલાં વિગ્રહને અટકાવવાં લોપા અથાગ પ્રયત્નો કરે છે. લોપાને અગત્સ્ય માટેનો સ્નેહ ઊંડો છે. એ પ્રણયમૂલક વર્તન – વ્યવહારની ફૂલગુંથણીને

કારણે કથા વધું રસિક બની છે. પ્રેમ, શૌર્ય, સાહસના રંગોની રમઝટથી કથા વાચકવર્ગને વધું આકર્ષે છે.

બીજી બાજુ લોપામુદ્રાના આર્યજાતિના સંસ્કારોનો વિચાર વારસો વિશ્વામિત્ર સાચવે છે. ભગવતી લોપામુદ્રા અને વિશ્વામિત્ર અસંસ્કારી, નિરક્ષર દસ્યુજાતિને સંસ્કારી બનાવવા શ્રમ કરે છે.

લોપામુદ્રા ઋગ્વેદ પ્રમાણે ઋષિ સન્નારી હતાં. તે દેવો મિત્રાવરુણના પુત્ર અગત્સ્યને વરવા ઉત્સુક છે. અગત્સ્ય પણ લોપામુદ્રાથી પ્રભાવિત થઈ આકર્ષાયાં હતાં. 'દેવે દીધેલી'નાં અંક–૪ નાં મુનશી પ્રણયોચેષ્ટાઓને શૃંગારિક શૈલીમાં વર્ણવે છે. અગત્સ્ય ઉચ્ચારે છે.

> ''લોપામુદ્રા ૧ તેં મારા ગર્વના ચૂરા કર્યા છે. પ્રતિષ્ઠાને કીર્તિથી પણ ન મળે એવું પરમપદ તે મને અપાવ્યું છે.'' ૭૨

ઊમળકાથી અગત્સ્ય બોલે છે :

> ''અભિમાન કયાં છે ? જો તો ખરી, તારા પગની પાછળ હું ભમવા ઈચ્છુ છું જાણે તારા પગની ઊડતી ધૂળ ? ઊંચું જો ? ઊંચું જો ?'' ૭૩

હાથ લંબાવીને અગત્સ્ય કહે છે :

> ''હા, લોપામુદ્રા ! આવ, આવ, મારી સહચરી–મારી પત્ની ?'' ૭૪

આમ કરતા લોપામુદ્રા પણ અગત્સ્યને ચુંબન કરે છે. આવા સિદ્ધિ મેળવેલાં પાત્રો પણ રાગ, દ્વેષ, કામવૃત્તિ, વેરવૃત્તિથી પર નથી. જનદગ્નિ પણ લોપામુદ્રાથી આકર્ષાય છે. વિશ્વામિત્રના ચરિત્રનું આલેખન કથાના વસ્તુવિકાસના માટે ઉપકારક બની રહે છે.

આ નવલકથામાં વાતાવરણ અને કથાની જમાવટ છે. પાત્રોની જીવંતતા છે. મૂળ ગ્રંથોમાંથી નાની નાની વિગતોને બહેલાવીને વસ્તુ વિકાસ સાધ્યો છે. મહર્ષિ વશિષ્ઠની અનાર્યના વિનાશ માટેની પ્રતિબદ્ધતા, આર્યોથી વિશુદ્ધિ અને સાંસ્કૃતિક શ્રેષ્ઠતાના પુરસ્કર્તા મહર્ષિ અગત્સ્ય, આર્યના અસલ સંસ્કારોની આહલેક જગાડનારાં, સર્વમાનવીની સમાનતાની ભાવનાવાળા, લોપામુદ્રાની પ્રેરણાથી પ્રેરાયેલા ઋષિ વિશ્વામિત્ર અને પ્રતિભાવંત ઋષિનારી લોપામુદ્રાના ચરિત્રો ઉઠાવદાર બન્યાં છે. મામા જમદગ્નિ અને ભાણેજ વિશ્વરથના શૈશવની કથા ''વિશ્વરથ''માં વિગતે આલેખાઈ છે. વિશ્વરથ અને તેના મામા જમદગ્નિના બાલ્યકાળની કથામાં બેઉનાં નિજી વ્યક્તિત્ત્વની વિશિષ્ટતાઓ બીજ અંકુરરૂપે સુપેરે અંકિત થયેલી છે. વિશ્વરથનાં મનઃસંચલનો આસ્વાદ્ય બન્યાં છે. દરેક પ્રસંગોના નિરૂપણમાં સંવાદકલા, પાત્રાલેખન અને પુરાણકાલીન વાતાવરણ – આ બધું સહજતાથી મુનશી પ્રગટાવી શકયાં છે. છતાં નવલકથા તરીકે આ ''લોપામુદ્રા'' બહું સબળ છાપ પાડી શકતી નથી તો પણ

''લોમહર્ષણી'' અને ''ભગવાન પરશુરામ'' માટે આ કથા પ્રવાહ પૂરક બની રહે છે એ તો સ્વીકારવું જ રહ્યું.

''લોમહર્ષિણી''

(૧૯૪૫)

આ નવલકથામાં દાશરાજ્ઞ વિગ્રહની કથા છે. વશિષ્ઠ અને વિશ્વામિત્ર બે ઋષિઓ પરસ્પર ભિન્ન વિચારધારા ધરાવે છે. વસિષ્ઠ પ્રેરિત રાજા સુદાસ અને વિશ્વામિત્રે પ્રેરેલાં દસ રાજાઓ વચ્ચેનું વૈચારિક યુદ્ધ એટલે 'દાશયજ્ઞ' યુદ્ધ અને જે આ નવલકથાનું નાભિકેન્દ્ર બની રહે છે. એ રાજવીઓ અને રાજપુરોહિતોમાં સાહસ–શૌર્ય–પરાક્રમ અને ભાવના–આદર્શોના સંઘર્ષની કથા અહીં કેન્દ્રસ્થ રહે છે.

બીજી રામ અને અર્જુનની વૈરભાવનાની તેમજ શુનઃશેપની કથા અહીં મુનશીએ કહી છે. શ્રી મનસુખલાલ ઝવેરી સમગ્ર નવલકથાના સારાંશને રજૂ કરે છે જે નોંધનીય છે :

> ''આ નવલકથામાં વસિષ્ઠ અને વિશ્વામિત્ર બે પરસ્પર ભિન્ન વિચારસરણીના પ્રતિનિધિ છે. વસિષ્ઠ આર્યજાતિની જન્મજાત શુદ્ધિ અને સંસ્કારોની રક્ષા કરી, જાતિને વર્ણસંકર થતી અટકાવવાના આગ્રહી છે. વિશ્વામિત્ર માને છે કે આર્યત્વ જન્મજાત નથી હોતું, સંસ્કારસાધ્ય હોય છે. એટલે એ આર્યો અને દસ્યુઓ વચ્ચેનો ભેદભાવ દૂર કરવા મથે છે. વસિષ્ઠે તૃત્સુઓના રાજા સુદાસનું પુરોહિતપદ સ્વીકાર્યુ અને અર્જુન કાર્તવાર્યે લોમહર્ષિણી અને રામ જામદગ્નેયનું અપહરણ કર્યુ. તેમાંથી દાશરાજ્ઞ વિગ્રહની તેમ જ વિશ્વામિત્રે શુનઃશેપને નરમેધમાં બલિ થતો અટકાવ્યો તેથી કથા કહેવામાં આવી છે. આ શુનઃશેપને, મુનશી વિશ્વામિત્ર અને શમ્બર કન્યા ઉગ્રાના પુત્ર તરીકે ઓળખાવે છે. આખી કથા પાંચ ખંડમાં વહેંચાઈ છે.''[૭૫]

સપ્તસિંધના રાજ્યમાં પ્રવર્તેલું અખંડિત ઐકયનાં વાતાવરણને સર્જકે કુશળતાથી ઉપસાવ્યું છે. મુનશીના પ્રસંગ નિરૂપણમાં તેની લાક્ષણિક કૌતુકરાગી કથારસની જમાવટ કરી શકે છે, જે નવલકથાકાર મુનશીની એક સિદ્ધિ છે. એક નમૂનો આ રહ્યો :

રાજા હરિશ્ચંદ્રે અત્યાર સુધી કોઈએ ન કર્યો હોય તેવો નરમેધ યજ્ઞ આરંભ્યો છે અને તેમાં ઋષિ વિશ્વામિત્ર અને જમદગ્નિને નિમંત્રણ આપ્યું છે. પુરોહિતપદે વિશ્વામિત્ર છે. યજ્ઞમાં માનવબલિ માટે 'બટુકદેવ' શુનઃશેપને પકડી લાવવામાં આવ્યો છે પણ વિશ્વામિત્ર તેને ઉગારી લેવા માટે મંત્રોચ્ચાર કરે છે. શૂનઃશેપ તો 'સ્વર્ગેથી ઉતરી આવેલા દેવ' જેવો લાગતો હતો. તે તો

આનંદથી વરુણની પ્રતિજ્ઞા કરી રહ્યો હતો. ચારેબાજુ ગર્વથી જોતો મંદમંદ હસે છે. શુતઃશેપનો પિતા અજિગર્ત ત્રીજી વખત સો ગાયોના બદલામાં પોતાના પુત્રનો સ્વહસ્તે વધ કરવા તૈયાર થાય છે. 'એક દિવસ ભગવતી લોપામુદ્રા એ અજિગર્તને વિશ્વાસુ શિષ્ય ગણીને તાજો જન્મલો છોકરો આપેલો હતો એવો ઘટસ્ફોટ અજિગર્ત દ્વારા થાય છે. આ પુત્ર અજિર્ગતનો નહિ પણ ઉગ્રા – વિશ્વરથનો હોય તો ? એનો વધ કઈ રીતે થઈ શકે ? આનો વધ કરવાનું અધમ કૃત્ય આચરવાનાં વિકટ ધર્મસંકટમાં મુકાયેલા વિશ્વામિત્રની મંથનગ્રસ્ત મનઃસ્થિતિનું આલેખન અતિ આસ્વાદ્ય રહ્યું છે. શ્રી મુનશી નોંધે છે :

''એમણે (વિશ્વામિત્રે) જે નિશ્ચય કર્યો હતો તે પૂર્ણ કરવા વિશ્વામિત્ર તત્પર થયાં. એમનું હૈયું અત્યારે જોરથી ધક્કતું. એમણે ભયને પૂરેપૂરો જીત્યો હતો. એમની દૃષ્ટિ સમક્ષ કર્તવ્યનિષ્ઠા અચળ હતી. ઉગ્રાના પુત્રને બચાવવો નરમેઘ (યજ્ઞ) ન થવાં દેવો, અપકીર્તિનો કળશ પોતાને માથે ચડાવી સત્યને ખાતર લુપ્ત થવું''[76]

શુનઃશેપ શુદ્ધ મંત્રોચ્ચારથી દેવ વરુણનું આહવાન કરે છે. શુદ્ધ મંત્રોચ્ચારથી તેની આસપાસ દિવ્ય તેજની આભાનું વાયુ મંડળ ઊભું થાય છે અને વરુણદેવ શુનઃશેપ અને વિશ્વામિત્રને કસોટી પ્રસંગે ઊગારી લે છે. રાજા હરિશ્ચંદ્ર શાપમુક્ થયાં. આ અલૌકિક ચમત્કાર થકી વિશ્વામિત્રનો પ્રભાવ વધે છે. 'ધન્ય છે ત્રણેય લોકમાં એક જ ઋષિ છે – વિશ્વામિત્ર (''લોમહર્ષિણી'' – પૃ : ૧૦૭) એમ લોકમુખે બોલાય છે અને વિશ્વામિત્ર તેજસ્વી એવા શુનઃશેપને ભરતોના સિંહાસન પર સ્થાપવા સંકલ્પ કરે છે. ભૃગુઓ, અનુઓ અને દ્રુહ્યુઓનો વિરોધ હોવાં છતાં વિશ્વામિત્ર અડગ રહે છે.

વિશ્વામિત્ર અને રોહિણીના પુત્ર દેવદત્તનો રાજ્યાભિષેક થાય છે. બીજી બાજુ લોમહર્ષિણીને યેનકેન પ્રકારે વરવા મરણિયો બનેલો સહસ્ત્રાર્જુન તક જોઈને રામ અને તેની બહેન લોના પર હુમલો કરે છે. તેમને ઝડપભેર ઉપાડી, ઘોડા પર બેસાડી ઉપાડી જાય છે. અર્જુન–સુદાસ અને ભરતો–ભાર્ગવો તેના ટેકેદાર રાજાઓ વચ્ચેના દાશરાજ્ઞ યુદ્ધની ભૂમિકા રચાય છે. વિશ્વામિત્ર, હરિશ્ચંદ્ર અને શુનઃશેપ અદભૂત રીતે બચી જાય છે. વરૂણદેવ ઋષિ વિશ્વામિત્રને દર્શન દઈ આર્ય અનાર્ય જાતિઓનાં ઐકય અને સાંસ્કૃતિક સમન્વયની પ્રેરણા આપે છે. એક બાજુ વસિષ્ઠ મુનિ પણ આર્યોની વિશુદ્ધિની રક્ષા કાજે અનાર્ય દસ્યુજાતિના રાજા ભેદ અને તેની દસ્યુ પ્રજાનો પરાજય અને વિનાશ કરવા પ્રેરે છે. આવા પ્રસંગો યોજીને મુનશીજી વૈદિક–પૌરાણિક ઋષિઓમાં પરચાઓ, શાપ–અભિશાપ અને તેના ચરિત્રોની રેખાઓને આલેખે છે. એ ચરિત્રનિર્માણ દ્વારા આ નવલકથામાં મુનશીએ પોતાનો પરંપરાગત પ્રાચીન આર્ય

સંસ્કૃતિ પ્રત્યેનો અનુરાગ વ્યક્ત કર્યો છે. આ સંદર્ભે મુનશીના ઊંડા ચિંતક શ્રી બાબુ દાવલપુરા યથાર્થ જ નોંધે છે :

> ''વૈદકાલીન પરિવેશ નિર્માણ અર્થે કથા ('લોમહર્ષિણી')માં ઋષિ–મહર્ષિઓના જપ, તપ, તેમના યજ્ઞનાં વિધિ–વિધાન, આર્ય–અનાર્ય જાતિઓ વિશેના તેમના અભિગ્રહો–પૂર્વગ્રહો અને આશ્રમવાસી શિષ્યો સાથેનાં વર્તન–વ્યવહારમાં પ્રગટતી તેમની વિદ્યાપ્રીતિ, વત્સલતા અને ભાવનાપરાયણતા વગેરેનો ચિતાર ઔચિત્યપૂર્વક અપાયો હોવાથી પ્રાકૃતિક તેમ જ સાંસ્કૃતિક વાતાવરણનો સંસ્પર્શ આ વૈદિક નવલકથાઓમાં સ્થળે–સ્થળે અનુભવાય છે.''[૭૭]

''લોમહર્ષિણી''ની વસ્તુસંકલનના ઠીક ઠીક રહી છે.

''ભગવાન પરશુરામ''
(૧૯૪૬)

બાળપણથી જ પરશુરામ અને વૈદિક પુરાણકાળ પ્રત્યે આકર્ષાયેલાં મુનશીએ ભગવાન પરશુરામ, રામ જામદગ્નેયનો બાલ્યકાળ અને કિશોરકાળના જીવનનું આલેખન ''લોમહર્ષિણી'' માં કર્યુ અને ભૃગુશ્રેષ્ઠ પરશુરામને આ કથાના નાયક બનાવી એમના પરાક્રમી–પ્રતાપી, ઉજ્જવળ પાત્રથી ઉત્તરાર્ધ ''ભગવાન પરશુરામ'' માં ભર્યો. એ રીતે જોતાં ''લોમહર્ષિણી''નું જ અનુસંધાન આ નવલકથા ગણી શકાય. જે કથા ''ભગવાન પરશુરામ''માં મુનશી વિસ્તારપૂર્વક આપે છે.

કથાવસ્તુના અંશોનો ઉલ્લેખ કરીએ તો મુનશીએ કથાનાયક પરશુરામ યૌવનમાં કરેલાં પરાક્રમોનું જ અહીં દર્શન કરાવ્યું છે તો પણ કથાવસ્તુનો વિસ્તાર મોટો છે. કથાનાયક જ્યાં જ્યાં જાય છે ત્યાં સૌના ઉપર પોતાનો અદભુત પ્રભાવ પાડતાં જાય છે. પરશુરામની બુદ્ધિ, પ્રતિભા, વીરતા, પરાક્રમશીલતા અને ભાવના પરાયણતાને સર્જક સારી રીતે આલેખવાના ઉદેશ સાથે આ નવલકથાને સર્જે છે.

મુનશીએ આ નવલમાં રામે કરેલાં યાદવોનાં સંસ્કરણ, યાદવોના નાગલોકો પ્રત્યેના સુધરતાં જતાં વ્યવહારની, શર્યાતોના વિનાશની, સહસ્ત્રાર્જુનની પ્રેયસી મૃગરાણી પર પડતાં રામના પ્રભાવની, ડ્ડનાથ અઘોરી સાથેના રામ–લોમાના સંસર્ગની, સહસ્ત્રાર્જુનથી બચવા માટે યાદવો અને ભૃગુઓએ ઉત્તર તરફ કરેલી હિજરતની, દાશરાજ્ઞ વિગ્રહની પૂર્ણાહૂતિની, સહસ્ત્રાર્જુનના રામને હાથે થતા વધની કથાને – આ નવલકથામાં સમાવી લેવાઈ છે.

અહીં પરશુરામના પાત્રને પ્રાધાન્યતા બક્ષી છે. પરશુરામ 'માનવ' મટીને 'ભગવાન'ના સ્વરૂપે આપણી સામે સર્જકે ધર્યા છે. અન્ય પાત્રો કરતાં પ્રાધાન્ય, તેજસ્વી પાત્ર પરશુરામનું હોવા' છતાં મુનશીના અતિમાનવના આદર્શને જ મૂર્ત કરે છે. આ મહાચરિત્રના આલેખનની સાથે સર્જક આર્યત્વની એકતાને સ્થાપવા ઈચ્છતાં વસિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા આર્ષ દ્વારા ઋષિઓના આર્યત્વની અલગ–અલગ વિચારસરણીનું દર્શન કરાવવાનો આશય રાખ્યો છે. એ બંનેના આદર્શોના ભેદને ઓગાળી નાખીને માનવપ્રેમ, જીવનભાવના, કર્તવ્યભાવનાનો સુમેળ પરશુરામ નિરૂપવાનો મુનશીજીનો હેતુ છે. પરશુરામ નાયક, લોમા નાયિકા અને કાર્તવીર્ય સહસ્ત્રાર્જુન ખલનાયકની ભૂમિકા ભજવે છે. પ્રસંગોની ગૂંથણીમાં કસબ–ચાતુર્ય બતાવીને પરશુરામની વીરતાને સર્જક સુપેરે આલેખે છે. મૃગારાણીનું પાત્ર આકર્ષક નારીપાત્ર છે. પરશુરામ અને એ નારી વચ્ચેના પ્રસંગોમાં નાટયાત્મકતા, નવલકથાને વધું રસાળ બનાવે છે. યોજાયેલાં સંવાદો અને લાંબા વાર્તાલાપોમાં સર્જકનું સર્જકત્ત્વ ઝળકી ઊઠયું છે.

કૃતિના મુખ્ય આશયને અવલોકતાં, મુનશીની પૌરાણિક નવલકથાઓના ઊંડા ચિંતક શ્રી બાબુ દાવલપુરા નોંધે છે :

> ''માત્ર મહામાનવ માટે સહજસાધ્ય એવાં શૌર્ય સાહસ–પરાક્રમ દ્વારા જ નહિ પણ 'ભગવાન' અર્થાત દેવવિષ્ણુના અવતારરૂપે રામનો તેમની અલૌકિક દિવ્યશક્તિ દ્વારા મહિમા કરવાના મુનશીના કૃતિ પ્રયોજનનું એક અંગ છે'' ૭૮

આગળ વધું નોંધતાં શબ્દો સાથે પણ સહમતિ પૂરાવવી જ રહી :

> ''રંગભેદ, જાતિભેદ અને રાષ્ટ્રીય એકતા – અખંડિતતાની આધુનિક સમસ્યાઓ અને પોતાને અભીષ્ટ જીવન–ભાવનાઓને વૈદિક–પૌરાણિક પાત્રોમાં સાકાર કરવાના કર્તાના અભિનિવેશને કારણે આ નવલકથા કાલવ્યુત્ક્રમના દોષથી મુક્ રહી શકતી નથી'' ૭૯

''કૃષ્ણાવતાર''
(૧૯૬૩ થી ૧૯૭૪)

પૂર્ણ પુરુષોતમ ભગવાન કૃષ્ણનું ચરિત્ર આલેખવાની મુનશીનો આશય આ નવલકથા દ્વારા રહ્યો હોય તેવું લાગે છે. મુનશી પોતે ''કૃષ્ણાવતાર''ની 'પ્રાસ્તાવિક'માં કહે છે :

> ''બાળપણના સ્મરણો જ્યારથી સચવાયેલાં છે ત્યારથી શ્રીકૃષ્ણ મારી કલ્પનાસૃષ્ટિમાં મઢાઈ ગયા છે. નાનો હતો ત્યારે તેમનાં પરાક્રમો સાંભળી દિંગ બની જતો પછી એમને વિશેનાં કાવ્યો ને કથાઓ વાંચી, એમને ઉદ્દેશીને

લખાયેલાં પદો ગાઈ, એમનો સત્કાર કર્યો.... અર્ઘ્ય આપ્યાં. દિવસો વીત્યાં, વર્ષો વીત્યાં, એમનો સંદેશ મારા જીવનની પ્રબળ શક્તિ બની ગયો.

મને એમનાં જીવન અને પરાક્રમોની કથા નવેસરથી રચવાની વારંવાર ઈચ્છા રહ્યાં કરતી હતી. આ કાર્ય અશકય હતું છતાં ભારતના અસંખ્ય સાહિત્યકારોની માફક હું પણ મારી પાસે જે કંઈ કલ્પના તથા રચનાત્મક સર્જનશક્તિ છે એ વડે એમને નાની શી અંજલિ આપ્યાં વિના રહી શકયો નહિ''[૮૦]

સાત ખંડ અને આઠમા ખંડમાં તેર પ્રકરણો કે જે સાતમાં ખંડમાં સમાવિષ્ટ કરેલાં છે – એમ કથાનક વિસ્તૃત ફલક પર રચાયેલું છે. નવલકથા સર્જકની છે અને નાયક કૃષ્ણ પુરાણકથાનો છે ખૂદ મુનશી સ્વીકારતાં લખે છે :

''શ્રીકૃષ્ણ ભગવાનના જીવન અને પરાક્રમોને આલેખતી વેળા ઘણા પુરોગામીની માફક એમનાં વ્યક્તિત્ત્વ, આચરણ અને દૃષ્ટિબિંદુને સુસંગત બનાવવાં માટે મેં કેટલીક ઘટનાઓ ઉપજાવી કાઢી છે. મહાભારતમાં ઉલ્લેખાયેલાં કેટલાંક નામોને મૂર્તિમાન કરવાનો પ્રયત્ન પણ મેં કર્યો છે. આ લેખનમાં ઘણી વાર 'મહાભારત' કે પુરાણમાંના પ્રસંગ નિરૂપણને મેં નવા અર્થમાં વટાવ્યાં છે. અર્વાચીન સર્જક જ્યારે પ્રાચીન જીવનનું નિરૂપણ કરે ત્યારે તેને પોતાની કલ્પનાનો આશ્રય લેવો જ પડે છે''[૮૧]

મુનશી 'કલા માટે કલા' એ સિદ્ધાંતના આગ્રહી રહ્યાં છે. તેની ''કૃષ્ણાવતાર'' લખીને ધર્મનો બોધ આપવો કે કોઈ નવુ પુરાણ રચવાનો સર્જકનો અભરખો નથી. તેઓ આ નવલકથા દ્વારા કૃષ્ણના પાત્રને ઉપસાવવાં જ માગે છે. પ્રતાપી અને મહત્વાકાંક્ષી, શૌર્યથી ઊભરાતાં, અનેક સાહસો કરીને પોતાનો પ્રબળ પ્રભાવ ઊભો કરનાર પૂર્ણ પુરૂષોતમ શ્રીકૃષ્ણ અને અન્ય પાત્રોનું ચિત્રાંકન આ નવલકથા દ્વારા થયું છે. જે મુનશીજીની મોટી સિદ્ધિ લેખી શકાય.

કૃષ્ણને એના જીવનકાળ દરમ્યાન ભગવાન તરીકે લોકોએ સ્થાન આપ્યું હતું. તેનું જીવંત પરિણામ મુનશીએ વિકસાવ્યું છે અને તેમાંય પ્રસંગોની તેજીલી–વેગીલી જોમવંતી શૈલી વાચકવર્ગને જકડી રાખે છે. કૃષ્ણની તરવરાટ અને ચેતનવંતી પ્રતિમા અનેક ત્વરિત ગતિએ ચાલતા પ્રસંગોમાં ઝળકી ઊઠે છે. જેમ કે રુકમણિના હરણ પ્રસંગે, કુરુક્ષેત્રની રાજ્યસભામાં, વૈવસ્વતપુરીમાં શૈબ્યા સાથેના પ્રસંગમાં, રીંછની સૃષ્ટિમાં કૃષ્ણના પાત્રને જે ઊભું કર્યું છે તે

અજબ–ગજબનું છે. પ્રેમ અને પરાક્રમ – બંને દશ્યોને એક સાથે સામેલ કરીને જીવંતતા બક્ષી છે. શબ્દચિત્રો આંકવાની શૈલી સામર્થ્ય અહીં પણ પ્રતીત થાય છે.

કહી શકીએ કે.... તેના ફલક પ્રમાણે પાત્રો વિપુલ અને વૈવિધ્ય છે. પાત્રસૃષ્ટિમાં ''કૃષ્ણાવતાર'' અનોખુ સ્થાન અને ધ્યાનપાત્ર નવલકથા બની રહી છે. સ્ત્રી–પુરૂષ પાત્ર સૃષ્ટિનું અજબ કામણ છે. વ્યાસ, ભીમ, જરાસંઘ, ઉધ્ધવ, શ્વેતકેતુ અને નારીપાત્રોમાં શૈબ્યા, દ્રૌપદી, રુકમણી, દેવકી, ભાનુમતી, માતા શૈબ્યા જેવામાં જીવંતતાની પ્રતીતિ થાય છે. એમાંય કૃષ્ણનું ચરિત્ર કલાકારની ઢબે ઉપસેલું જોવાં મળે છે. કૃષ્ણ ચરિત્રના આલેખનની નાવિન્યતાને પિછાનતાં શ્રી હરિન્દ્ર દવે પોતાના એક લેખમાં ઉચિત જ નોંધે છે :

> ''કૃષ્ણના ચરિત્રને નવી રીતે જોવાનો પ્રયત્ન આમ તો વારંવાર થતો જ રહ્યો છે. પણ આધુનિક સાહિત્યમાં આટલો ભગીરથ પ્રયત્ન વિરલ જ છે''

વધું તેઓ લખે છે :

> ''કૃષ્ણના પાત્રની નવેસરથી માંડણી કરવામાં મુનશીએ 'કલ્પના અને રચનાત્મક સર્જનશક્તિ'નો કરેલો ઉપયોગ લેખે લાગ્યો છે એમ કહી શકાય''[૮૨]

સમગ્રપણે કથાનકમાં કૃષ્ણનું અખંડ વ્યક્તિત્ત્વ નિપજતું હોય તેવું પણ નથી. મુનશીની નવલકથાઓનું સર્વેક્ષણ કરતાં શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટ પણ યોગ્ય જ નોંધે છે :

> ''મુનશીની મહામાનવની કલ્પનાને પૂર્ણપણે સાકાર કરતું પાત્ર છે શ્રીકૃષ્ણનું. શ્રીકૃષ્ણના પાત્રને અવતારવામાં લેખકને કેટલીક મર્યાદાઓ નડી છે. કૃષ્ણનું ચરિત્ર કયાંક પૌરાણિક બન્યું છે, કયાંક આધુનિક, કયાંક અતિમાનવ તો કયાંક માનવ. કૃષ્ણના પાત્રાલેખનમાં લેખક દૃષ્ટિ અને નિરૂપણની એકવાકયતા જાળવી શકયાં નથી''[૮૩]

દરેક પાત્ર અને પ્રસંગમાં પૂર્ણ સિદ્ધિ દાખવતાં હોય એવું પણ બન્યું નથી. નાટયાત્મક સંવાદોનું પ્રમાણ ઓછું છે. સુગ્રથિતતાનો અભાવ છે. તેમ છતાં વેગીલી શૈલી, રસપૂર્ણ પ્રસંગો, વૈવિધ્યસભર પાત્રસૃષ્ટિ, ઉધ્ધવ અને શૈબ્યાનો પ્રણયપ્રસંગ કૃષ્ણના શૌર્ય ભરેલાં પરાક્રમો એ નવલકથાની સફળતાના અંશો છે. કથા રસિક છે પણ મુનશી કલાકાર તરીકેનું પૂર્ણ સામર્થ્ય આ નવલકથામાં પ્રગટાવી શકયાં નથી મુનશીએ કહ્યું છે એમ :

> ''મારી પાસે જે કાંઈ કલ્પના તથા રચનાત્મક સર્જનશક્તિ છે એ વડે કૃષ્ણને આ નાની શી અંજલિ આપ્યાં વિના હું રહી શકતો નથી''[૮૪]

એ સંકલ્પને ત્રુટક – ત્રુટક રીતે જરૂર પ્રગટાવી શકયાં છે.

→ **નિરીક્ષણો, તારણો અને નિર્ણયો :**

મુનશીની પૌરાણિક નવલકથાઓની ચર્ચા વિચારણામાં પૌરાણિક નવલકથાના સર્જક તરીકે તેઓની લાક્ષણિકતાઓની આપણે પૂરતા પ્રમાણમાં નોંધ લીધી. તેના અનુસંધાને સમગ્રપણે વિચાર કરતાં જે થોડાક તારણો નોંધવા પ્રાપ્ત થાય છે તેને સંક્ષેપમાં જોઈશું.

- ➢ અહીં પસંદ કરેલ વિષય પસંદગીની દ્દષ્ટિએ જોઈએ તો કથાઓમાં કથાવસ્તું પુરાણા ધાર્મિક ગ્રંથોમાં રહેલું છે. પુરાણા પાત્રો અને પ્રસંગોને સર્જકે સ્વકલ્પના પ્રતિભા બળના રંગોથી રંગ્યા છે. પાત્રો અને પ્રસંગોને પોતાની કલ્પનાને અનુકૂળ આવે તેવી ભવ્યતા, મહત્તા, શૌર્ય અને પરાક્રમના ગુણો આરોપ્યાં છે.
- ➢ મુનશીની પુરાણો પ્રત્યેની દ્દષ્ટિનું એક લક્ષણ એ પણ તરી આવે છે કે, એ કાલના વાતાવરણમાં પણ મુનશીનાં પોતાનાં સમયની રાજકીય અને સામાજિક સમસ્યાઓ મૂકવામાં આવી છે. જે કાળમાં જે વસ્તુ સંભવી જ ન શકે તે કાલમાં તે વસ્તુને બનતી બતાવવાથી કાલવ્યુત્ક્રમનો દોષ પ્રવેશી જાય છે. જેમ કે ''લોમહર્ષિણી''માં રંગ જાતિ ભેદ અને રાષ્ટ્રીય એકતાની આધુનિક સમસ્યાઓ.
- ➢ ''કૃષ્ણાવતાર''માં શ્રીકૃષ્ણનું પાત્ર કેન્દ્રસ્થ છે પણ તે પાત્ર સાથે કશો સંબંધ ન હોય તેવાં વિભાજ્ય, અનઆવશ્યક પ્રસંગો, કાવ્યભાસી ગીત–રચના, વિસ્તારક વર્ણનો મુખ્ય કથાઘટકને ફિક્કુ પાડી દે.
- ➢ ''કૃષ્ણાવતાર''માં મુનશી ત્રૂટક–ત્રૂટક રીતે શ્રીકૃષ્ણનું ચરિત્ર પૂર્ણ સામર્થ્યતાથી પ્રગટાવી શકયાં છે.
- ➢ આવી પૌરાણિક નવલકથાઓમાં મુનશીનો ભાર્ગવકુળના પ્રતાપી પૂર્વજો, પ્રત્યેનો પૂજ્યભાવ, અહોભાવ દેખાઈ આવે છે.
- ➢ આવી પૌરાણિક નવલકથાઓ દ્વારા વાચકવર્ગને સાંસ્કૃતિક, પ્રાકૃતિક વાતાવરણનો સંસ્પર્શ થાય છે.
- ➢ મુનશીનો પરંપરાગત પ્રાચીન આર્યસંસ્કૃતિ પ્રત્યેનો અનુરાગ પ્રગટ થતો જોવાં મળે છે.
- ➢ ''લોમહર્ષિણી'' નવલકથામાં વિશ્વામિત્રનું ચરિત્રવિધાન અને તેનાં અનુસંગે રહેલી ઘટનાઓ મહત્વપૂર્ણ બની રહે છે.

- કથાઓમાં વર્ણન કથનનો આશ્રય લીધો હોવાથી પૌરાણિક આ કથાઓ નાટયક્ષમ નથી. કયાંક કયાંક નાટયાત્મક પરિસ્થિતિઓ, પાત્રના સંવેદનો–મંથનો, સંવાદો નાટયોચિત્ત સ્થિતિને જન્માવે છે.
- વેદકાલીન, આર્ય ઋષિઓ પણ અનાર્ય માનુષી લાક્ષણિકતાઓ ધરાવતાં સર્જકે બતાવ્યાં છે, તેઓ પણ રાગ, દ્વેષ, કામવૃત્તિ, વેરવૃત્તિથી પર નથી – એ પૌરાણિક કથાઓમાં સૂચિત છે.
- પૌરાણિક નવલકથાનાં ચરિત્રો મુનશીના દોરી સંચાર સમા બની રહ્યાં છે. પાત્રો પર નિત્શેપ્રેરિત અતિમાનવ Superman'ની ભાવના દ્દષ્ટિગોચર છે.
- કથામાં શૌર્ય, સાહસ, પરાક્રમો સાથે પ્રણયોર્મિના કથાનકથી કથાઓ વધું રસપ્રદ, ચિરંજીવી બની છે.
- આ તકે ડો. રમણલાલ જોશીનું ''કૃષ્ણાવતાર'' અંગેનું તારણ નોંધવાલાયક લાગ્યું છે જે આ પ્રમાણેનું છે :

> ''ઉત્તરવયમાં ''કૃષ્ણાવતાર'' ના વિવિધ ભાગો દ્વારા મુનશીએ ભારતના ભવ્ય ભૂતકાળનું ગૌરવાન્વિત ચિત્ર આપણી સમક્ષ ખડું કર્યું છે. કૃષ્ણના ચરિત્રને નવલકથારૂપે રજૂ કરવાનો આપણા નવલકથાકારોએ પ્રયત્ન કર્યો છે પણ એ સૌમાં મુનશી મોખરે છે. કૃષ્ણના સત્યભામા સાથેના ને જાંબવનની પુત્રી રોહિણી સાથેના લગ્નની રોમાંચક કથાનકને મુનશી જેવાં રોમેન્ટિક નવલકથાકાર કેવી રસમય રીતે વર્ણવે છે ? ઉત્તરવયમાં રાજકારણ અને સામાજિક પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થયા' બાદ તેમણે પોતાની સઘળી શક્તિ ''કૃષ્ણાવતાર''ના લેખન પાછળ નિયોજી''[૮૫]

- ''ભગવાન પરશુરામ'' કથામાં લોકાત્તર સામર્થ્ય ધરાવતો આ પુરુષ પહેલાં 'ઉગ્રતામાં લપેટાયેલો', 'મુખ શાંત, નિશ્ચળ', 'આંખનાં અંગારા સ્થિર બની ધીકતા' – એવી અસાધારણ મુદ્રામાં પ્રત્યક્ષ થાય છે. કથાન્તે 'પશુપતિ મહારુદના અવતાર સમો', 'જાણે ત્રણે જગતને કંપાવતો' અને 'વિધુલ્લેખાથી વીટાયેલો' પ્રત્યક્ષ થાય છે. અહીં પરશુરામ માટે વાપરેલાં વિશેષણો અને અલંકારોથી ઓપતા વ્યક્તિત્ત્વમાં તેમની અડગ નિશ્ચયતાં અને પ્રજ્જવલિત રોષ અવશ્ય મૂર્તિમંત થાય છે પરંતુ લોકાત્તર કક્ષાના પુરુષને માનવીય પરિસ્થિતિની મુદ્રામાં મૂકવામાં આવે છે ત્યારે રસક્ષતિને મુનશી નોતરે છે.

– પાદટીપ –

ક્રમ	ગ્રંથનું નામ	પૃષ્ઠ
(૧)	''અડધે રસ્તે''	૬૬
(૨)	''અડધે રસ્તે''	૧૪૩
(૩)	''અડધે રસ્તે''	૮૭, ૮૮
(૪)	''અડધે રસ્તે''	૧૪૫
(૫)	''અડધે રસ્તે''	૧૫
(૬)	''અડધે રસ્તે''	૧૫૯
(૭)	''અડધે રસ્તે''	૨૩૨
(૮)	''સ્વપ્નસિદ્ધિની શોધમાં''	૬
(૯)	''સ્વપ્નસિદ્ધિની શોધમાં''	૧૭૪
(૧૦)	''હૃદયમાં પડેલી છબીઓ''	
(૧૧)	''વેરની વસૂલાત''	૧૬૫, ૧૭૨
(૧૨)	''કનૈયાલાલ મા. મુનશી જન્મશતાબ્દી અધ્યયનગ્રંથ''	૯૦
(૧૩)	''કથાવલોકન''	૨૫
(૧૪)	''કોનો વાંક ?'' – પ્રસ્તાવના	
(૧૫)	''કોનો વાંક ?''	૨૧
(૧૬)	''કથાવલોકન''	૧૦
(૧૭)	''કથાવિશેષ''	૧૦૮
(૧૮)	''સ્વપ્નદષ્ટા''	
(૧૯)	''કનૈયાલાલ મુનશી''	૨૪
(૨૦)	એજન	૨૪
(૨૧)	''કનૈયાલાલ મા. મુનશી''	૭૬
(૨૨)	''કનૈયાલાલ મા. મુનશી''	૧૧૦
(૨૩)	એજન	૧૦૫
(૨૪)	''સ્વપ્નસિદ્ધિની શોધમાં''	૧૬૯, ૧૭૦
(૨૫)	એજન	૧૭૨

(૨૬)	એજન	૧૭૨
(૨૭)	એજન	૧૭૩
(૨૮)	''ગુજરાતી નવલકથા''	૧૨૩
(૨૯)	''અવલોકન''	૩૨
(૩૦)	''વિવેચન મુકુર''	૨૩૯
(૩૧)	''પાટણની પ્રભુતા''	૩૦૯
(૩૨)	''માયાલોક''	૩૭
(૩૩)	''કથાવલોકન''	૧૧
(૩૪)	''મુનશીની નવલત્રયી''	
(૩૫)	''ગુજરાતનો નાથ''	૬
(૩૬)	''ગુજરાતનો નાથ''	૯
(૩૭)	''ગુજરાતી કથાવિશ્વ''	૫૬
(૩૮)	''કથાપર્વ'' – ખંડ–૧	૬૧
(૩૯)	''આકલન''	૧૧૧
(૪૦)	''સાહિત્યાલોક''	૧૯૯
(૪૧)	''મુનશીની નવલત્રયી''	૨૦
(૪૨)	''વાગીશ્વરીના કર્ણફૂલો''	૨૪૭
(૪૩)	''કનૈયાલાલ મા. મુનશી – સાહિત્ય, જીવન અને પ્રતિભા'' – આમુખ	૮
(૪૪)	''રાજાધિરાજ''	૩૬૩
(૪૫)	એજન	૪૦૦
(૪૬)	એજન	૪૦૧
(૪૭)	''માયાલોક''	૩૮
(૪૮)	''ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ'' ગ્રંથ – ૪	૧૬૪
(૪૯)	''જય સોમનાથ'' – આમુખ	૪
(૫૦)	''કનૈયાલાલ મા. મુનશી''	૬૨
(૫૧)	''જય સોમનાથ''	૧૯૨
(૫૨)	એજન	૧૩

(૫૩)	એજન	૧૯૯
(૫૪)	''અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ''	૧૩૯
(૫૫)	''ભગ્નપાદુકા'' – ઉપોદ્ઘાત	૧૩
(૫૬)	એજન	૧૧
(૫૭)	એજન	૧૨
(૫૮)	''પૃથિવીવલ્લભ'' – પ્રસ્તાવના	૭
(૫૯)	''ગુજરાતી કથાવિશ્વ'' – નવલકથા	૬૯
(૬૦)	''કનૈયાલાલ મા. મુનશી : સાહિત્ય, જીવન અને પ્રતિભા''	૬૫
(૬૧)	''કનૈયાલાલ મા. મુનશી : વ્યક્તિત્ત્વ અને વાઙમય''	૨૨૭
(૬૨)	''પૃથિવીવલ્લભ''	૨૫, ૨૬
(૬૩)	''કનૈયાલાલ મા. મુનશી''	૨૫
(૬૪)	''કથાવલોકન''	૧૪
(૬૫)	''મંદારમાલા''	૧૦૩ થી ૧૦૯
(૬૬)	''કનૈયાલાલ મા. મુનશી : વ્યક્તિત્ત્વ અને વાઙમય''	૧૨૮
(૬૭)	એજન	૧૨૯
(૬૮)	એજન	૧૩૦
(૬૯)	''કથાવિવેચન''	૮૭
(૭૦)	''કથાવિશેષ''	૯૪
(૭૧)	''લોપામુદ્રા'' – આમુખ	૬
(૭૨)	એજન	૧૭૯
(૭૩)	એજન	૧૭૯, ૧૮૦
(૭૪)	એજન	૧૮૦
(૭૫)	''કનૈયાલાલ મા. મુનશી''	૨૭
(૭૬)	''લોમહર્ષિણી''	૧૦૫
(૭૭)	''કનૈયાલાલ મા. મુનશી : વ્યક્તિત્ત્વ અને વાઙમય''	૧૩૮
(૭૮)	એજન	૧૪૦
(૭૯)	એજન	૧૪૨

(૮૦)	''કૃષ્ણાવતાર'' ખંડ–૧	૫
(૮૧)	એજન	૭
(૮૨)	''વિવેચનની ક્ષણો''	૯૬
(૮૩)	''સમીક્ષાસેતુ''	૧૨
(૮૪)	''કૃષ્ણાવતાર'' ખંડ–૧	૫
(૮૫)	''કનૈયાલાલ માણેકલાલ મુનશી જન્મ શતાબ્દી અધ્યયન ગ્રંથ''	૨૪૮